




ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૨૪-૨-૨૦૨૬, મંગળવાર

વર્ષઃ ૧૪, અંક : ૨૯૬

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT


POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા








Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


# શેરબજારમાં અમંગળઃ મંદીની સુનામી, રોકાણકારોમાં ફફડાટ

## સેન્સેક્સમાં ૭૦૦થી વધુ અને નિફ્ટીમાં ૨૦૦થી વધુ પોઈન્ટનો તોતીંગ કડાકોઃ બૂલીયન બજારમાં મિશ્ર માહોલઃ રૂપિયો પણ ડોલર સામે તૂટ્યો

**અબતક, રાજકોટ**

ભારતીય શેરબજાર માટે આજે મંગળવારનો દિવસ અમંગળકારી સાબિત થયો છે. આજે ઉઘડતી બજારે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેકસ ઉંધામાથે પટકાયા હતા. સેન્સેક્સે ઈન્ટ્રાડેમાં ૮૩૦૦૦ તો નિફ્ટીએ ૨૫૫૦૦ની સપાટી તોડી હતી. મંદીની સુનામીથી રોકાણકારોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. બૂલીયન બજારમાં મિશ્ર માહોલ જોવા મળી રહ્યો છે. અમેરિકી ડોલર સામે આજે ભારતીય રૂપિયાનું ધોવાણ રહ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ થવાની પ્રબળ બનતી સંભાવનાને કારણે ભારતીય શેરબજારમાં ફરી મંદીની મોકાણ જોવા મળી રહી છે. આજે મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટા કડાકા બોલી ગયા હતા. સેન્સેક્સે ઈન્ટ્રાડેમાં ૮૩૦૦૦ સપાટી તોડી હતી અને ૮૨૪૧૦ સુધી નીચે સરકી ગયો હતો. જ્યારે ઉપલી સપાટી ૮૩૦૮૦ રહેવા પામી હતી. નિફ્ટીએ પણ દિવસ દરમિયાન ૨૪૫૦૦ની સપાટી તોડતા રોકાણકારોના અબજો રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું. નિફ્ટીની આજે દિવસની નીચલી સપાટી ૨૪૪૬૦ રહેવા પામી હતી. જ્યારે ઉપલી સપાટી ૨૫૬૪૨ રહી હતી. બેંક નિફ્ટી આજે ગ્રીન ઝોનમાં કામકાજ કરતી નજરે પડતી જ્યારે નિફ્ટી મિડકેપ-૧૦૦માં ૨૧૫ પોઈન્ટ જેવો કડાકો બોલી ગયો હતો. બૂલીયન બજારમાં મિશ્ર માહોલ રહ્યો હતો. સોનાના ભાવમાં થોડી નરમાશ દેખાતી હતી. જ્યારે ચાંદીના ભાવ થોડા ઉંચકાયેલા છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયામાં ૭ પૈસાનો ઘટાડો જોવા મળ્યો હતો.



આજની મંદીમાં બંધન બેંક, યુનિયન બેંક, બેંક ઓફ ઈન્ડિયા, પોલીકેપ, ટોરેન્ટ ફાર્મા, આઈડીએફસી ફર્સ્ટ બેંક, યશ બેંક, બેંક ઓફ મહારાષ્ટ્ર સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે કોફોર્જ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા, ઈન્ટરર્નલ, ઈન્ફોસીસ, ટીસીએસ, ભારતી એરટેલ, સુઝલોન એનર્જી, એલએનટી ટેક્નોલોજી, એપટસ વેલ્યુ સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો.

આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૭૨૫ પોઈન્ટના ઘટાડા સાથે ૮૨૫૬૯ અને નિફ્ટી ૧૯૬ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫૫૧૭ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૭ પૈસાના ઘટાડા સાથે ૯૦.૯૬ પર ટ્રેડ કરી રહ્યો છે. વૈશ્વિક પરિબળોના કારણે ભારતીય શેરબજારનો ટ્રેન્ડ નક્કી થઈ શકતો નથી. સપ્તાહમાં એકાદ દિવસ ઉછાળો રહે છે તો મોટાભાગના દિવસોમાં માર્કેટ રેડ ઝોનમાં કામકાજ કરતું નજરે પડે છે. વિદેશી રોકાણકારો પણ ભારતીય શેરબજારમાંથી પોતાનું રોકાણ પાછું ખેંચી રહ્યા છે.

ભારતનું અર્થતંત્ર મજબૂતાઈ સાથે આગળ વધી રહ્યું છે પરંતુ વૈશ્વિક પરિબળોના કારણે શેરબજારમાં નક્કર ટ્રેન્ડ જોવા મળતો નથી. જેના કારણે રોકાણકારો પણ મુંજવણ અનુભવી રહ્યા છે. અમેરિકા સાથેની ટ્રેડ ડીલ ફાઈનલ થતા એક સમયે એવું લાગી રહ્યું હતું કે હવે શેરબજારમાં તેજીનો ટ્રેક પકડાઈ જશે પરંતુ અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધના ભણકારાના કારણે બજાર મંદીમાં ગરકાવ થઈ ગયું છે. બીજી તરફ બજેટમાં એસટીટીમાં વધારો કરવામાં આવતા શેરબજાર પર તેની માઠી અસર જોવા મળી રહી છે.

પ્રાયમરી માર્કેટમાં પણ કોઈ ખાસ મૂવમેન્ટ દેખાતી નથી. જેના કારણે બજારમાં આઈપીઓ આવતા પણ બંધ થઈ ગયા છે. રોકાણકારો નવું રોકાણ કરતા હાલ ડરી રહ્યા હોવાનું લાગી રહ્યું છે.

# ઈરાન-અમેરિકા યુદ્ધના ભણકારા વચ્ચે ક્રૂડ અને સોનું ભડકે બળશે?

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ થવાની આશંકા વચ્ચે સરકારે ઉર્જા સુરક્ષા માટે વૈકલ્પિક રસ્તાઓ શોધ્યા; દેશનું વ્યૂહાત્મક ક્રૂડ રિઝર્વ ૭૪ દિવસ ચાલી શકે તેમ છે

### વૈકલ્પિક પાઈપલાઈનનો ઉપયોગ

જો હોર્મુઝની ખાડી બંધ થાય તો ભારત ૩૬૦ કિમી લાંબી 'હબશાન-ફજૈરાહ' (એડનોક દ્વારા સંચાલિત) અને ૧૨૦૦ કિમી લાંબી 'ઈસ્ટ-વેસ્ટ' પાઈપલાઈન (આરામકો દ્વારા સંચાલિત) નો ઉપયોગ કરી શકે છે. જેનાથી લાલ સમુદ્ર મારફતે ભારતને અવિરત ક્રૂડ મળી શકે છે.

### ભાવ વધારાની સીધી અસર

ક્રૂડની અછત કરતા ભાવ વધારો મુખ્ય ચિંતાનો વિષય છે. રેટિંગ એજન્સી આઈસીઆરએ ના સિનિયર વીપી પ્રશાંત વશિષ્ઠના જણાવ્યા મુજબ, ક્રૂડના ભાવમાં પ્રતિ બેરલ ૧૦ ડોલરનો વધારો થાય, તો ભારતના વાર્ષિક આયાત બિલમાં સીધો ૧૩ થી ૧૪ ડોલર બિલિયનનો જંગી વધારો નોંધાઈ શકે છે.

### ભારતનું વ્યૂહાત્મક ક્રૂડ રિઝર્વ

ભારતે કટોકટીના સમય માટે દક્ષિણ ભારતમાં વિશાખાપટ્ટનમ, મેંગ્લોર અને પાદુરમાં અંડરગ્રાઉન્ડ ઓઈલ રિઝર્વ બનાવ્યા છે. આ વ્યૂહાત્મક ભંડાર અને દેશની વિવિધ રિફાઈનરીઓ પાસે રહેલા હાલના સ્ટોકને કારણે ભારત કોઈપણ પ્રકારની અછત વિના સળંગ ૭૪ દિવસ સુધી પોતાની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

### સામાન્ય નાગરિકો પર સંભવિત અસર

જો તણાવ લાંબો ચાલશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહેશે, તો તેની સીધી અસર સ્થાનિક બજારમાં જોવા મળી શકે છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પર દબાણ વધવાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થઈ શકે છે. ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થવાથી આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં પણ ઉછાળો આવવાની અને ફુગાવો વધવાની શક્યતા રહેલી છે.

**અબતક, નવી દિલ્હી**

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ અને યુદ્ધની આશંકાઓને પગલે ભારતે પોતાની ઉર્જા જરૂરિયાતોને સુરક્ષિત કરવા માટે વિવિધ રસ્તાઓ શોધવાનું શરૂ કરી દીધું છે. ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ (હોર્મુઝની ખાડી) ના કેટલાક ભાગોને અસ્થાયી રૂપે બંધ કરવાનો સંકેત આપ્યો છે. આ સાંકડી ખાડી ગલ્ફને ખુલ્લા સમુદ્ર સાથે જોડે છે, જ્યાંથી વિશ્વના કુલ ક્રૂડ સપ્લાયમાંથી લગભગ ૨૦% જેટલા ક્રૂડની હેરફેર થાય છે.

હોર્મુઝની ખાડીમાંથી પસાર થતા કાર્ગો પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ભારતને સીધી અસર કરી શકે છે. ભારત સાઉદી અરેબિયા, ઈરાક, યુએઈ, કુવૈત, કતાર અને ઓમાન પાસેથી મોટી માત્રામાં ક્રૂડ ઓઈલ અને લિક્વિફાઈડ નેચરલ ગેસ આયાત કરે છે. ભારત તેની કુલ જરૂરિયાતના ૯૦% (લગભગ ૫.૫ મિલિયન બેરલ પ્રતિ દિવસ) ક્રૂડ આયાત કરે છે. જેમાંથી ૪૦% કરતા વધુ હિસ્સો પશ્ચિમ એશિયામાંથી આ સાંકડા માર્ગ દ્વારા જ ભારતમાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષમાં ભારતે રશિયા પાસેથી મોટી માત્રામાં ક્રૂડ ખરીદ્યું હતું, પરંતુ તાજેતરના પ્રવાહો દર્શાવે છે કે રશિયન તેલનો હિસ્સો હવે ઘટવા લાગ્યો છે. સામે પક્ષે, સાઉદી અરેબિયા પાસેથી ભારતની ક્રૂડની ખરીદી આ મહિને છેલ્લા છ વર્ષની ટોચે પહોંચી છે. અધિકારીઓએ જણાવ્યું છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતે ક્રૂડ આયાતના સ્ત્રોતોને પહેલેથી જ વૈવિધ્યસભર બનાવ્યા છે.

ઉર્જા નિષ્ણાત નરેન્દ્ર તનેજાના મતે, ભારત માટે ક્રૂડની ઉપલબ્ધતા કોઈ મોટી ચિંતા નથી, પરંતુ વૈશ્વિક સ્તરે તેના ભાવ વધી શકે તે ચિંતાજનક છે. હોર્મુઝની ખાડી બંધ થવી એ અમેરિકા અને ગલ્ફ દેશો માટે પણ સ્વીકાર્ય રહેશે નહીં. ભારતે તેના નાગરિકોને કોઈપણ ઉપલબ્ધ માધ્યમથી ઈરાન છોડવાની સૂચના આપી દીધી છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ઈરાનની સ્થિતિને જોતા ભારત સરકારે પોતાના નાગરિકોને દેશ છોડવાની સલાહ આપી છે. આ સાથે જ જણાવ્યું છે કે, સુરક્ષાની દ્રષ્ટિએ બગડતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખે અને કોમર્શિયલ ફ્લાઈટ્સ તેમજ પરિવહનના તમામ ઉપલબ્ધ સાધનોનો ઉપયોગ કરીને દેશ છોડી દે.નોંધનીય છે કે, તેહરાનમાં ફરી એકવાર નવા છેડેથી થઈ રહેલા વિરોધ પ્રદર્શનો અને ઈરાન પર અમેરિકી સૈન્ય હુમલાની વધી રહેલી આશંકાઓને જોતા ઈરાન સ્થિત ભારતીય દૂતાવાસે ભારતના લોકો માટે નવી એડવાઈઝરી જાહેર કરી છે. ઈરાનની ઘણી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓએ સરકાર વિરુદ્ધ પ્રદર્શનો કર્યા હતા, જે ગયા મહિને પ્રદર્શનકારીઓ પર કરવામાં આવેલી ક્રૂર કાર્યવાહી બાદ આ પ્રકારનું પહેલું આંદોલન હતું.

# સપ્તાહના અંતમાં કેનેડાના વડાપ્રધાનની ભારત મુલાકાત ૫૦ બિલિયન ડોલરનો પથ કંડારશે

## આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સંરક્ષણ અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં નવી ભાગીદારીની જાહેરાત થવાની શક્યતા

**અબતક, નવી દિલ્હી**



કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની આ સપ્તાહના અંતમાં ભારતની મહત્વપૂર્ણ ત્રણ દિવસીય મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના વ્યાપારી સંબંધોને નવી ઊંચાઈએ લઈ જવાનો છે. ખાસ કરીને, ૨૦૫૦ સુધીમાં વાર્ષિક ૫૦ બિલિયન ડોલરનો દ્વિપક્ષીય વેપાર હાંસલ કરવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવશે.

વડાપ્રધાન કાર્ની પોતાની મુલાકાતના પ્રથમ બે દિવસ આર્થિક રાજધાની મુંબઈમાં વિતાવશે, જ્યાં તેઓ અગ્રણી બિઝનેસ લીડર્સ સાથે બેઠક કરી રોકાણની તકો ચકાસશે.૨ માર્ચના રોજ નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે તેમની દ્વિપક્ષીય બેઠક યોજાશે. આ બેઠકમાં ૨૦૨૩ની ઘટનાઓ પછી બંને દેશો વચ્ચેના સંબંધોને ફરીથી પાટા પર લાવવા અને મજબૂત કરવા પર ભાર મુકાશે. આ મુલાકાત માત્ર રાજદ્વારી નથી, પરંતુ આર્થિક દ્રષ્ટિએ ગેમ-ચેન્જર (અનુ. આઠમા પાને)

# ઝારખંડના ચતરામાં એર એમ્બ્યુલન્સ ક્રેશથી ૭ લોકોના મોત

## રાંચીથી દિલ્હી જઈ રહેલી એર એમ્બ્યુલન્સ સિમરિયાના જંગલોમાં ક્રેશ



**અબતક, નવી દિલ્હી**

ઝારખંડના ચતરા જિલ્લામાં સોમવારે સાંજે એક હૃદયદ્રાવક વિમાની અકસ્માત સર્જાયો હતો. રાંચીથી દિલ્હી જઈ રહેલી એર એમ્બ્યુલન્સ સિમરિયાના જંગલોમાં ક્રેશ થતાં તેમાં સવાર તમામ સાત લોકોના મોત થયા છે. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનના જણાવ્યા અનુસાર, ઉડાન ભર્યા બાદ વિમાને કોલકાતા એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક કર્યો હતો. સાંજે ૭:૩૪ કલાકે પાયલોટે ખરાબ હવામાનને કારણે રૂટ બદલવાની મંજૂરી માંગી હતી, પરંતુ તે પછી તરત જ રડાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો.

ચતરા જિલ્લા પ્રશાસને તમામ સાત મૃતદેહો બહાર કાઢ્યા હતા જેમાં કેપ્ટન વિવેક વિકાસ ભગત (પાયલોટ),કેપ્ટન સવરાજદીપ સિંહ (કો-પાયલોટ) , સંજય કુમાર (દર્દી - ૪૧ વર્ષ), ડો. વિકાસ કુમાર ગુપ્તા, સચિન કુમાર મિશ્રા, અર્ચના દેવી,ધુરુ કુમાર સવાર હતા. મૃતક દર્દી સંજય કુમાર લાતેહાર જિલ્લાના ચંદવાના રહેવાસી હતા. તેઓ ૬૫ ટકા દાઝી ગયા (અનુ. આઠમા પાને)

### "ભણતરનો ભાર"

# NEETના પ્રેસરથી પિતાને ગોળી મારી શરીરના કટકા કરી નાખ્યા

## સમગ્ર હત્યાકાંડ તેણે પોતાની નાની બહેન સામે અંજામ આપ્યો અને તેને મોઢું બંધ રાખવાની ધમકી આપી હતી

લખનઉના આશિયાના વિસ્તારમાં એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક ૧૯ વર્ષના પુત્રએ તેના જ પિતાની ગોળી મારીને હત્યા કરી અને ત્યારબાદ પુરાવા છુપાવવા માટે પિતાના શરીરના ટુકડા કરી ડ્રમમાં ભરી દીધા હતા. પિતા પુત્ર પર મેડિકલ પ્રવેશ પરીક્ષા પાસ કરવા માટે સતત દબાણ કરતા હતા. પિતા ગુમ થયાની ફરિયાદ પુત્રએ જ નોંધાવી હતી. પરંતુ સોમવારે સાંજે જ્યારે તે શરીરના બાકીના હિસ્સાનો નિકાલ કરવા જતો હતો, ત્યારે પોલીસના પેટ્રોલિંગ યુનિટે શંકાના આધારે તેને પકડ્યો અને પૂછપરછમાં સત્ય સામે આવ્યું.

પુત્રએ તેના પિતાની લાયસન્સવાળી રાઈફલથી હત્યા કરી, લાશના ટુકડા કર્યા અને માથા સહિતના કેટલાક ભાગો દૂર ફેંકી દીધા. બાકીનો હિસ્સો પ્લાસ્ટિકના ડ્રમમાં છુપાવ્યો હતો. સમગ્ર હત્યાકાંડ તેણે પોતાની નાની બહેન સામે અંજામ આપ્યો અને તેને મોઢું બંધ રાખવાની ધમકી આપી હતી. વાલીઓને એ સમજાવવા માટે કે બાળકો પર કારકિર્દીનું અતિશય દબાણ કેવું ભયાનક સ્વરૂપ લઈ શકે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓના કારણે યુવાનોમાં વધતો ગુસ્સો અને ડિપ્રેશન ચર્ચાનો વિષય બને તે જરૂરી છે.

### એક જ બ્રાન્ચમાં સરકારી રૂ.૫૯૦ કરોડની બઠાંતરી

# ખાનગી બેંકોની દલાતરવાડી વિશ્વાસ ઉઠાવી દેશે?!!!

## ખાનગી બેંકોના સરકારી ખાતાઓની સુરક્ષા પર ઉઠ્યા સવાલો : કૌભાંડ બહાર આવ્યા બાદ આઈડીએફસી બેંકના શેર ૨૦% તૂટ્યા, અન્ય ખાનગી બેંકોને પણ ફટકો પડવાની ભીતિ

**અબતક, નવી દિલ્હી**

આઈડીએફસી ફર્સ્ટ બેંકની ચંદીગઢ બ્રાન્ચમાં આશરે રૂ.૫૯૦ કરોડનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. આ કૌભાંડ હરિયાણા સરકારના વિવિધ વિભાગોના બેંક ખાતાઓ સાથે જોડાયેલું છે. આ ઘટના બહાર આવતા જ શેરબજારમાં ભારે ખળભળાટ મચી ગયો હતો અને રોકાણકારોના હજારો કરોડ રૂપિયા ધોવાઈ ગયા હતા. આ મામલે બેંકે પોતાના ચાર અધિકારીઓને સસ્પેન્ડ કરીને પોલીસ ફરિયાદ નોંધાવી છે અને આગળની તપાસ હાથ ધરી છે.

આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ હરિયાણા સરકારે પોતાના સરકારી ખાતાઓ બંધ કરવા અને તેમાંથી ભંડોળ અન્ય બેંકમાં ટ્રાન્સફર કરવા માટે બેંકને સૂચના આપી. આ પ્રક્રિયા દરમિયાન સરકારી ચોપડે બોલતી રકમ અને બેંકના ખાતામાં રહેલી વાસ્તવિક રકમ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો. ખાતાઓના રિકન્સિલેશન (તાળમેળ) વખતે આ મસમોટી ગેરરીતિ પકડાઈ હતી. ત્યારબાદ હરિયાણાના નાણાં વિભાગે તાત્કાલિક અસરથી આઈડીએફસી ફર્સ્ટ બેંક અને એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકને સરકારી કામકાજ માટે ડી-એમ્પેનલ કરી દીધી હતી.

### અન્ય ખાનગી બેંકો પર તોળાતું સંકટ: 'લો-કોસ્ટ એકાઉન્ટ્સ' જોખમમાં

આ કૌભાંડની અસર માત્ર આઈડીએફસી બેંક પૂરતી સીમિત રહી નથી. આ ઘટના બાદ અન્ય ખાનગી બેંકોમાં રહેલા સરકારી વિભાગોના 'લો-કોસ્ટ એકાઉન્ટ્સ' એટલે કે સસ્તા દરની સરકારી ડિપોઝિટ પર મોટું જોખમ ઉભું થયું છે. હરિયાણા સરકારે હવે તમામ સરકારી લેવડદેવડ અને ખાતાઓ માત્ર જાહેર ક્ષેત્રની બેંકોમાં જ રાખવાનો આદેશ આપ્યો છે. નિષ્ણાતોના મતે, આ પગલાંને કારણે ખાનગી બેંકોમાંથી હજારો કરોડ રૂપિયાની સરકારી ડિપોઝિટ સરકારી બેંકોમાં શિફ્ટ થઈ શકે છે, જેનાથી ખાનગી બેંકોને મળતું સસ્તું ભંડોળ પ્રભાવિત થશે.

### છેલ્લા ૬ વર્ષમાં બેંકના શેરમાં સૌથી મોટો કડાકો

કૌભાંડના સમાચાર વાયુવેગે પ્રસરતા જ શેરબજારમાં આઈડીએફસી ફર્સ્ટ બેંકનો શેર ધડામ દઈને ૨૦ ટકા તૂટી ગયો હતો અને તેમાં લોઅર સર્કિટ લાગી ગઈ હતી. માર્ચ ૨૦૨૦ પછી બેંકના શેરમાં આ સૌથી મોટો કડાકો છે. આ ઘટાડાને કારણે એક જ દિવસમાં રોકાણકારો અને માર્કેટ કેપિટલમાંથી આશરે રૂ.૧૪,૦૦૦ કરોડ રૂપિયાનું ધોવાણ થઈ ગયું હતું.

### ભંડોળ પાછા ખેંચવાનો હરિયાણા સરકારનો કડક નિર્ણયઃ પ્રાઈવેટ બેંકોને મોટો ફટકો

આ ઘટના બાદ હરિયાણા સરકારે કડક નિર્ણય લેતા પ્રાઈવેટ બેંકોમાંથી પોતાના તમામ સરકારી ખાતાઓ અને ભંડોળ પાછા ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી છે. તમામ સરકારી વિભાગોને સૂચના આપવામાં આવી છે કે હવેથી સરકારી નાણાં માત્ર સરકારી બેંકોમાં જ જમા કરાવવામાં આવે. આ નિર્ણયને કારણે અન્ય પ્રાઈવેટ બેંકોની સરકારી થાપણોમાં પણ મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે.

પ્રાથમિક અહેવાલો અનુસાર, આ કૌભાંડમાં બનાવટી દસ્તાવેજો અને નકલી બેલેન્સ સર્ટિફિકેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની આશંકા છે. કથિત રીતે અમુક બેંક અધિકારીઓએ ત્રાહિત વ્યક્તિઓ (થર્ડ પાર્ટી) સાથે મિલીભગત કરીને સરકારી ખાતાઓના નાણાં અન્ય બોગસ ખાતાઓમાં ડાયવર્ટ કર્યા હતા. જ્યારે પણ સરકારી વિભાગો દ્વારા ખાતામાં રહેલા ભંડોળ અંગે માહિતી માંગવામાં આવતી, ત્યારે તેમને નકલી બેલેન્સ રિપોર્ટ દર્શાવીને ગેરમાર્ગે દોરવામાં આવતા હતા. આ સિસ્ટમેટિક ફ્રોડ લાંબા સમયથી ચાલી રહ્યો હોવાનું મનાય છે, જેણે બેંકની આંતરિક ઓડિટ અને વેરીફીકેશન સિસ્ટમની ગંભીર ખામીઓ પણ છતી કરી છે.

કૌભાંડની જાણ થતાં જ આઈડીએફસી ફર્સ્ટ બેંકના મેનેજિંગ (અનુ. આઠમા પાને)

## કળી ખીલે તે પહેલાં જ કરમાઈ જાય.....

# બદલાતા શિક્ષણ યુગમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના “બાળ કાર્યક્રમો” લુપ્ત થયા

### શિક્ષણ પ્રણાલીમાં વધતી સ્પર્ધા, માર્ક્સ અને રિઝલ્ટ પર વધારે ભાર મૂકાતા શૈક્ષણિક પ્રવૃત્તિઓ મુખ્ય બની ગઈ છે, જ્યારે કલા, રમત-ગમત અને વ્યક્તિત્વ વિકાસ જેવી પ્રવૃત્તિઓ પાછળ રહી ગઈ છે, ઉપરાંત ટેક્નોલોજી અને મોબાઈલના વધતા પ્રભાવને કારણે બાળકો બહારની સર્જનાત્મક અને સામૂહિક પ્રવૃત્તિઓમાં ઓછા જોડાય છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

પહેલાની શિક્ષણ પદ્ધતિમાં બાળકોના સર્વાંગી વિકાસના કાર્યક્રમને વિશેષ મહત્વ અપાતું હતું, જે આજે ક્યાંય જોવા મળતું નથી. બદલાતી શિક્ષણ પ્રથા અને ભૌતિક સુવિધાથી સજ્જ શાળાઓ

સ્પર્ધા, માર્ક્સ અને રિઝલ્ટ પર વધારે ભાર મૂકાતા શૈક્ષણિક પ્રવૃત્તિઓ મુખ્ય બની ગઈ છે, જ્યારે કલા, રમત-ગમત અને વ્યક્તિત્વ વિકાસ જેવી પ્રવૃત્તિઓ પાછળ રહી ગઈ છે, ઉપરાંત ટેક્નોલોજી અને મોબાઈલના વધતા પ્રભાવને કારણે બાળકો બહારની સર્જનાત્મક અને સામૂહિક પ્રવૃત્તિઓમાં ઓછું જોડાય છે. જે આજના સમયમાં બાળકોના સર્વાંગી વિકાસ માટેના કાર્યક્રમો ઓછા થવાનું મુખ્ય કારણ છે. શાળાઓ અને સંસ્થાઓ માટે પણ સમય અને સંસાધનોની મર્યાદા એક મહત્વનું કારણ બની રહ્યું છે. બીજી તરફ, માતા-પિતાની વ્યસ્ત જીવનશૈલી અને ટ્યુશન સંસ્કૃતિ પણ જવાબદાર છે. જો સમાજ, શાળા અને પરિવાર મળીને સંતુલિત દૃષ્ટિકોણ અપનાવે, તો બાળકોના સર્વાંગી વિકાસને ફરીથી પ્રાથમિકતા આપી શકાય છે. આજે શાળામાં કાર્યક્રમો યોજવા કચેરીની મંજૂરી પણ લેવી પડતી હોવાથી મોટાભાગે કોઈ યોજતી નથી. જોકે અત્યારે બાળમેળા, જાદુઈ પીટારા અને લાઈફ સ્કીલ મેળા જેવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, જે બાળકોના સર્વાંગી વિકાસ માટે જ રચાયેલા છે. રાજ્યના વિવિધ શહેરોમાં ગ્રામ્ય વિસ્તારોમાં બાળ કાર્યક્રમોની અછત કે લુપ્ત થતા જોવા મળે છે. ‘‘નન્હે મુન્ને બચ્ચે તેરી મુઠ્ઠી મેં ક્યાં હૈ’’ બાળકના જીવનમાં પ્રથમ છ વર્ષ તેમને તંદુરસ્ત અને જવાબદાર નાગરિક બનાવવામાં મહત્વનો ફાળો ભજવે છે, તેમના મગજનો ૯૦ ટકા વિકાસ પણ આ સમયગાળા દરમિયાન થાય છે. બાળકોના રસ-રૂચી-વલણોને ધ્યાને લઈ બાળકો માટે સર્વાંગી વિકાસના કાર્યક્રમો થાય તે અતી આવશ્યક છે. આજનો બાળક આવતીકાલનો નાગરિક છે, તેનું શ્રેષ્ઠ ઘડતર એ સૌની જવાબદારી છે. ૪ થી ૧૪ વર્ષની વયે બાળકો જે આવડત, કૌશલ્ય, મૂલ્ય શીખે છે, તેની લાંબે ગાળે અસર થાય છે. આ સમયમાં બાળકોને પ્રોત્સાહિત કરે તેવા અનુભવો-કાર્યક્રમો-ઈન્ડોર-આઉટ ડોર રમતો સ્પર્ધા સાથે તેનો સર્વાંગી વિકાસ થાય તેવા બાળ કાર્યક્રમોની જરૂર છે, પણ કોઈ પણ સેન્ટરમાં એક-બે સંસ્થા સિવાય ક્યાંય ટબુકડા બાલ-દોસ્તો માટે આયોજન નથી થતું. શાળાઓએ પણ તેમનામાં રહેલી વિવિધ છુપી કલાને ઉજાગર કરવાનું કાર્ય કરવું પડશે.

બાળકોના સર્વાંગી વિકાસ માટે વર્ષો પહેલા ઘણી સંસ્થાઓ બાળ કાર્યક્રમો કરતી હતી, પણ કાળક્રમે બધી જ બંધ થઈ ગઈ છે. દેશના ભાવિ નાગરિકો માટે આજે રાજ્યના તમામ શહેરોમાં બાળકો માટે બહુ જૂજ કાર્યક્રમમાં થાય છે, જેથી બાળકોને તેની સુષુપ્ત કલાને પ્રોત્સાહન મળતું નથી. વર્ષો પહેલા શાળાઓમાં બાલસભા યોજવામાં આવતી હતી, જેમાંથી બાળક ઘણું શીખતું હતું. આજના ઈન્ફોર્મેશન ટેકનોલોજી યુગમાં ઈત્તર પ્રવૃત્તિ સાથે

સહ અભ્યાસિક પ્રવૃત્તિ પ્રોજેક્ટ જોડીને ખૂબ જ સારૂ કાર્ય થઈ શકે એમ છે, છતાં કોઈપણ સંસ્થા કે શાળા આવા કાર્યક્રમમાં યોજતી નથી. વર્ષો પહેલા બાળ ફિલ્મ શેરીમાં કે શાળાઓમાં બતાવવામાં આવતી હતી. જોકે સરકારે હમણાં બેગ લેસ ડે ની શનિવારની ઉજવણી ચાલુ કરી છે, જે એક સારી બાબત છે.

અભ્યાસની સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિ કરવી પડશે, કારણ કે બાળકોનાં શારીરીક વિકાસની સાથે સામાજીક માનસિક વિકાસમાં શાળાઓ અને બાલ સંસ્થાનો વિશેષ ફાળો હોય છે રાજકોટમાં એક માત્ર બાલભવન ખાતે વિવિધ બાળ પ્રવૃત્તિઓ ચાલે છે. ગુજરાતમાં જરૂર છે આવા બાળ સેન્ટરોની ૬ થી ૧૪ વર્ષની વયે બાળકો જે આવડત, કૌશલ્ય, મૂલ્યશીખે છે તેની લાંબે ગાળે અસર થાય છે.





આજનાં યુગમાં બાળકોનાં અધિકારો માટે આપણે કે મા-બાપો કેટલા જાગૃત છે, તે પ્રશ્ન પણ ચિંતાજનક છે. રાજકોટની કે અન્ય શહેરોની વિવિધ હજારો સંસ્થામાંથી કેટલા બાળ કાર્યક્રમો યોજે છે ? યુવા-મહિલા, સીનીયર સીટીઝન માટે યોજાતા કાર્યક્રમોની સામે બાળકોનાં કેટલા કાર્યક્રમો થાય છે. નાની-નાની બાળ સ્પર્ધા યોજવાથી કંઈ નહી વળે, શાળા સંચાલકો, શિક્ષકો, વાલીઓ વિગેરે સાથે બધાની જવાબદારી છે કે બાળકોને ખીલવાનું, તેનામા રહેલી વિવિધ કલાને , આવડતને પ્લેટફોર્મ પૂરૂ પાડીને પ્રોત્સાહિત કરે. બાળકનો તબકકાવાર વિકાસ કરવો એ બધાની જવાબદારી છે.આજના બાળકને દોડવું -કૂદવું-ચઢવું ,રમતો રમવી પુસ્તકો વાંચવા, નવું નવુ કરવું, ચર્ચા કરવી વિગેરે ગમે છે, પણ આજે બાળકોને સાંભળનારૂ કોણ? બાળકોની જીજ્ઞાસાથી ઉદભવતા પ્રશ્નોના સાચા વૈજ્ઞાનિક જવાબો કોણ આપશે, શહેરમાં હોબીસેન્ટર હોવા જોઈએ, જેમાં માટીકામ, ચિત્રકલા, વેસ્ટમાંથી બેસ્ટ જેવી વિવિધ કલા શોખનાં સેન્ટરો હોવા જોઈએ પણ કયાં છે? ચિલ્ડ્રન પાર્કમાં પણ હિંચકે મોટા બેસી જાય છે. બાળકો રાહ જોવે છે. રાજકોટમાં કે અન્ય ગામ શહેરોમાં શેરી રમતોનું ચલણ હમણા વધ્યું છે. જેનાથી વર્ષો પહેલાની રમતો બાળકો-મમ્મી-પપ્પા સાથે રમે છે. પહેલાતો બાળનાટકો આવતા તા જે હવે આવતા જ બંધ થઈ ગયા છે.

અગાઉ તો દાદા-દાદી વાર્તા કહીને પણ જીવનમૂલ્યો સાથે વિવિધ સંસ્કાર-ગુણોનું સિંચન કરતા હતા, પણ રાજકોટમાં કે રાજ્યના અન્ય સેન્ટરોમાં તો બાળ સંસ્થાઓની જ ખોટ છે, તો બાળક જાય તો કયાં જાય. બાળક એક સુંદર ચિત્ર-સંગીત છે, આપણે ફકત જોવાની અને સાંભળવાની જરૂર છે. બાળક ઈશ્વરનું સ્વરૂપ માનવામાં આવે છે.તેની નિર્દોષિતા સૌ કોઈના મન હરી લે છે. અગાઉ બાળકો માટે વિવિધ કાર્યક્રમો-પ્રોજેકટ-બાલ મહોત્સવો થતા અત્યારે ૨૧મી સદીમાં બાળક જ મોબાઈલમાં ગુચવાય જવાથી તેને જ રસ નથી. બાળકોમાં આ ટેવ ખુદ મા-બાપે જ પાળી છે. આજે શાળાકીય લેવલે વિવિધ સ્પર્ધા શાળાનો વાર્ષિક ઉત્સવ જેવા કાર્યક્રમો યોજાય છે. તો સરકારી શાળામાં પરિપત્રો વાળા કલા મહોત્સવ, રમોત્સવ, બાળમેળા જેવા કાર્યક્રમો થાય છે. શિક્ષકે બાળકને ભણાવવાનો હોતો જ નથી તેને ભણતો કરવાનો છે. બાલ મનોવિજ્ઞાન બાળકોની વિવિધ સ્પર્ધા નંબર પ્રથાને સ્વીકારતી નથી, તેનાથી નાનકડા બાળ માનસપર ગંભીર અસર પડે છે. પાસ કે ફેઈલની જગ્યાએ ટ્રાય અગેઈન લખવું જરૂરી છે. કુમળા બાળ માનસને કોણ સમજશે? હાલની શિક્ષણ ટેકનીક-પરીક્ષા, હોમવર્ક વિગેરેમાંથી બાળક ઉંચુ જ નથી આવતું ત્યાં ઈત્તર પ્રવૃત્તિ માટે કયાંથી સમય કાઢે તે ચિંતાનો વિષય છે.રાજકોટમાં બાલભવન ખાતે નિયમિત બાળ કાર્યક્રમો થાય છે એ એક સારી બાબત છે. બાલ મહોત્સવમાં સંગીત, ચિત્ર, નાટય નૃત્ય જેવી વિવિધ પ્રવૃત્તિની સ્પર્ધા કે વર્કશોપ કરવા જરૂરી છે.

### દરેક શહેરમાં જરૂર છે, આવા બાળ સેન્ટરો અને હોબી સેન્ટરની

બાળકોના સર્વાંગી વિકાસ માટે હવે બધાએ ચિંતા કરવાનો સમય આવી ગયો છે. બાળકો માટે ચિલ્ડ્રન પરફોર્મીંગ આર્ટ સેન્ટર, ટીચીંગ લર્નીંગ મટીરીયલ (ટીએલએમ) મેકીંગ સેન્ટર, સ્ટોરી ટેલીંગ સેન્ટર, બાળકો માટે વિવિધ જનરલ નોલેજ માટે સેન્ટરો, ચિલ્ડ્રન ઈકો કલબ, બર્ડ એન્ડ એનીમલ ઈન્ફરમેશન સેન્ટર, ચિલ્ડ્રન લાયબ્રેરી અને આર્ટ સેન્ટર, માતા-પિતા માટે ચાઈલ્ડ સાયકોલોજી અને કાઉન્સેલિંગ સેન્ટર, ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટર, રોલ-પ્લે એન્ડ ડ્રામા સેન્ટર, મેથેમેટીક કલબ, સાયન્સ કલબ, ન્યુ ઈનોવેશન સેન્ટર, વેસ્ટ માંથી બેસ્ટ ઝોન અને એજ્યુકેશનલ નિર્માણ અને ઈનોવેશન સેન્ટર જેવી પ્રવૃત્તિઓના આયોજન અને સેન્ટરો ઊભા કરવા જ પડશે.

---

## વેરાવળ: બાલિકા પંચાયત તાલીમ અંતર્ગત સાગરપુત્ર ફાઉન્ડેશન ખાતે ત્રિ-દિવસીય કાર્યક્રમ યોજાયો



**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

બેટી બચાવો બેટી પઢાવો યોજના હેઠળ જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧૯ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ત્રિ-દિવસીય બાલિકા પંચાયત તાલીમ કાર્યક્રમનું આયોજન વેરાવળ ખાતે સાગરપુત્ર ફાઉન્ડેશનમાં કરવામાં આવ્યું હતું.

તાલીમ કાર્યક્રમનો શુભારંભ જનરલ મેનેજર નરેન્દ્રસિંહ હેરમા, મહિલા અને બાળ અધિકારી એમ.જી. વારસુર, આસિસ્ટન્ટ કમિશનર હાર્દિક વાઘેલા અને દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી દ્વારા કરવામાં આવ્યો હતો.

---

## હોળાષ્ટકનો પ્રારંભ, શુભ કાર્યો પર બ્રેક

### આજથી ૩ માર્ચ સુધી હોળાષ્ટક: ૨ માર્ચે હોલિકા દહન અને ૩ માર્ચે ધુળેટી

**અબતક, રાજકોટ**

ફાગણ મહિનાની પવિત્ર પરંપરાઓ સાથે સંકળાયેલ હોળાષ્ટકનો પ્રારંભ મંગળવાર, તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ સવારે ૭:૦૩ કલાકે ફાગણ સુદ આઠમથી થશે. આ હોળાષ્ટક ફાગણ સુદ પૂનમ, તા. ૩-૦૩-૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૮ કલાકે પૂર્ણ થશે. જ્યોતિષી રાજદીપ જોશીના જણાવ્યા અનુસાર હોળીના આઠ દિવસ પૂર્વે ભક્ત પ્રહલાદને મારવા માટે હોલિકાએ તૈયારી શરૂ કરી હતી, તેથી આ આઠ દિવસને હોળાષ્ટક તરીકે ઓળખવામાં આવે છે.

હોળાષ્ટક દરમિયાન પરંપરાગત રીતે લગ્ન, ગૃહપ્રવેશ, મુહૂર્ત વગેરે શુભ કાર્યો ટાળવામાં આવે છે. તેમ છતાં, આ દિવસો આધ્યાત્મિક સાધના માટે ઉત્તમ માનવામાં આવે છે. જપ, તપ, સત્યનારાયણ ભગવાનની કથા, ચંડીપાઠ, રુદ્રી અને લઘુરુદ્ર જેવા ધાર્મિક કાર્યો કરી શકાય છે. ખાસ કરીને રાહુ-કેતુ ગ્રહોના જપ અને હવન આ અવધિમાં શુભ ફળદાયક ગણાય છે. જ્યોતિષ શાસ્ત્ર મુજબ હોળાષ્ટક દરમિયાન કરવામાં આવેલી ઉપાસના આત્મશાંતિ અને ગ્રહદોષ નિવારણ માટે લાભકારી સાબિત થાય છે.

ફાગણ સુદ ચૌદસ તા. ૨-૦૩-૨૦૨૬, સોમવારે સાંજે ૫:૫૬ કલાક સુધી રહેશે, ત્યારબાદ પૂનમ તિથિનો પ્રારંભ થશે, જે ૩ માર્ચ મંગળવારના રોજ સાંજે ૫:૦૮ સુધી રહેશે. હોલિકા દહન માટે પૂનમ તિથિનું વિશેષ મહત્વ હોવાથી ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ૨ માર્ચ, સોમવારે હોલિકા દહન કરવામાં આવશે.


જ્યોતિષીય ગણતરી મુજબ સોમવારે આવતી ભદ્રા ‘કલ્યાણી’ ગણાતી હોવાથી હોલિકા દહન માટે અનુકૂળ માનવામાં આવે છે. તેથી ગુજરાતમાં હોલિકા દહન ૨ માર્ચે અને ધુળેટી ૩ માર્ચે ઉજવાશે.

હોલિકા, સાડા ત્રણ પ્રહર પૂનમ હોવાના નિયમને આધારે ભારતના ઘણા રાજ્યોમાં-ખાસ કરીને ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના અમુક ભાગોને છોડીને-હોલિકા દહન ૩ માર્ચે કરવામાં આવશે અને ત્યાં ધુળેટી ૪ માર્ચે મનાવવામાં આવશે. તેથી સરકારી રજા ૪ માર્ચે જાહેર કરવામાં આવી છે. હોળાષ્ટક અને હોલિકા દહનનો પાવન તહેવાર સદાચાર અને ભક્તિના વિજયનું પ્રતિક છે. ભક્ત પ્રહલાદની અડગ ભકિત અને અસત્ય પર સત્યના વિજયની યાદ અપાવતો આ પર્વ સમાજને નૈતિકતા અને ધાર્મિક આસ્થા તરફ પ્રેરિત કરે છે.

હોળીના રંગોત્સવ પૂર્વે હોળાષ્ટક આત્મચિંતન, ઉપાસના અને સકારાત્મક સંકલ્પો માટેનું સોનેરી અવસર છે. જ્યોતિષી રાજદીપ જોશીના જણાવ્યા મુજબ, આ સમયગાળા દરમિયાન કરેલ ધાર્મિક ઉપાસના અને સકારાત્મક સંકલ્પો જીવનમાં સુખ, શાંતિ સમૃદ્ધિ લાવનારી છે

---

## જામકંડોરણા: મદાણી પરિવાર દ્વારા ફુલડોલ ઉત્સવ ધામધૂમથી ઉજવાયો



**અબતક, પ્રવિણ દોંગા, જામકંડોરણા**

જામકંડોરણામાં દર વર્ષની જેમ મદાણી પરિવાર દ્વારા આ વર્ષે પણ ફૂલડોલ રશિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ તથા બહેનો રશિયાના રંગમાં રંગાયા હતા બાવાશ્રી મધુસુદન લાલજીના વ્રચનામૃતનો સૌ કોઈ વૈષ્ણવોએ લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી વૈષ્ણવ ભાઈઓ એ રશિયાનો તેમજ પ્રસાદનો લ્હાવો લીધો હતો. સર્વોત્તમ હવેલી દ્વારા આવનારી છવ્વીસ તારીખના રોજ ફુલડોલ રશિયાનું સુંદર આયોજન કરવામાં આવી રહ્યું છે તો તેમાં કોઈ વૈષ્ણવ ભાઈઓ અવશ્ય લ્હાવો લેવા અનુરોધ કરાયો છે.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૨-૨૦૨૬ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ઉડન છુ)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો. ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૫-૦૨-૨૦૨૬ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## અબતક પંચાગ

### તા. ૨૫-૨ -૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ શુદ નોમ
**નક્ષત્ર** રોહિણી
**યોગ** વિષ્કુંભ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૭.૧૩ **સુર્યાસ્ત:** ૬.૪૮
**ચંદ્ર રાશી** વૃષભ બુધવારે રાત્રે ૧૨.૫૬થી મીથુન
**રાશિ અક્ષર** બ.વ.ઉ/ક.છ.ઘ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૭ થી ૧.૨૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૬૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | ૫ | ૧ | | ૪ | ૮ |
| ૧ | ૮ | | ૭ | | ૯ | | ૫ | |
| ૫ | ૪ | ૭ | | | | | | |
| | | ૧ | | ૯ | | | | |
| | ૯ | ૮ | | | | | ૬ | |
| ૪ | | | ૬ | ૧ | | ૯ | | |
| ૮ | ૧ | ૬ | ૯ | ૭ | | | | ૫ |
| | | | ૮ | ૨ | | | ૭ | ૬ |
| | ૭ | ૪ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.


### સૂડોકુ-૬૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૬ | ૫ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ |
| ૧ | ૪ | ૫ | ૩ | ૬ | ૨ | ૯ | ૮ | ૭ |
| ૭ | ૨ | ૩ | ૯ | ૧ | ૮ | ૫ | ૪ | ૬ |
| ૮ | ૯ | ૭ | ૧ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ |
| ૫ | ૩ | ૪ | ૮ | ૯ | ૬ | ૭ | ૧ | ૨ |
| ૨ | ૬ | ૧ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૫ |
| ૩ | ૭ | ૯ | ૨ | ૫ | ૧ | ૪ | ૬ | ૮ |
| ૪ | ૫ | ૨ | ૬ | ૮ | ૩ | ૧ | ૭ | ૯ |
| ૬ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૨ | ૫ | ૩ |

---

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૫.૨.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, ફાગણ સુદ નોમ, રોહિણી નક્ષત્ર, વિષ્કુમ્ભ યોગ, બાલવ કરણ આજ જન્મેલાંની ચંદ્ર રાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** આર્થિક બાબતોમાં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ (બ,વ,ઉ) :** સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન (ક,છ,ઘ) :** ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક (ડ,હ) :** થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણ માં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ (મ,ટ) :** જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે,આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે,દિવસ ખુશનુમા વીતે.

**વૃશ્ચિક (ન,ય) :** નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે,પ્રગતિ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓ થી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર (ખ,જ) :** વિદ્યાર્થીવર્ગને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ (ગ,સ,શ) :** આજના દિવસે તમારા રસના વિષયોમાં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ માં પસાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

# જંગલ 'રાજ' પર વિકાસનું 'બુલડોઝર'

## તંત્રની નિભંરતા અને નેતાઓની ઉદાસીનતાના પાપે પાંચ દાયકાથી વિકાસથી વંચીત રહેલા જંગલેશ્વર વિસ્તારમાં હવે વિકાસના દ્વાર ખુલશે

**અબતક, રાજકોટ**
રાજકોટના ઈતિહાસમાં જંગલેશ્વર વિસ્તારમાં ગઈકાલથી

નિંભર તંત્રના આંખ આડા કાન અને નેતાઓની

ત્રાસ હતો કે દાયકા પહેલા અહી પીજીવીસીએલની ટીમ લાઈટ બીલ આપવા જતા પણ ફફડતી હતી. પોલીસ પણ અહીં જતા રિતસર ડરતી

વિભાગ અને રાજકીય પક્ષોના

શહેરનો ચોતરફ સર્વાંગી વિકાસ થાય તે

આ સમગ્ર ઘટનાક્રમથી કોર્પોરેશન, પોલીસ

વિસ્તાર જંગલેશ્વર ન બને રાજનેતાઓએ પણ પોતાની જવાબદારી પ્રત્યે થોડુ સભાન


તસવીરઃ શૈલેષ વાડોલિયા

## આજે સાંજ સુધીમાં ડિમોલીશન પૂર્ણ થયા બાદ કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરાશેઃ ગુરૂવારથી ટીપી રોડને ટનાટન કરવાનું કામ હાથ પર લેવાશે

સૌથી મોટુ ઓપરેશન ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. ૧૪૮૯ પૈકી ૧૧૩૪

ઉદાસીનતાના કારણે જંગલેશ્વર વિસ્તાર અસામાજીક પ્રવૃત્તિઓનો અડ્ડો બની ગયું હતુ. આ વિસ્તારમાં

હતી. તમામ પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આ વિસ્તારમાં ધમધમતી હતી. આ વાતથી એક એક સરકારી

સામાન્ય કાર્યકરથી માંડી મંત્રી પદ ધરાવતા નેતાઓ વાકેફ હતા પણ બધાને પોતાનો સ્વાર્થ જ

જ મહત્વનું છે. ટીપીના રોડ અને આજી નદીના પટમાં દોઢ હજાર બાંધકામો ગેરકાયદે ખડકાય ગયા

અને પીજીવીસીએલના તંત્રએ એક વાતની પ્રેરણા લેવી જોઈએ કે ભવિષ્યમાં શહેરનો એક પણ

થવું પડશે. આખો વિસ્તાર ગેરકાયદે હોવા છતા અહી રોડ, રસ્તા, લાઈટ, પાણી સહિતની સુવિધાઓ હતી

આવશ્યકતા છે. ટીપીના રોડ કે અનામત પ્લોટ પર દબાણ ખડકાય કે તરત આકરી





### જંગલેશ્વર ગુનેગારોનો 'અડ્ડો' હતોઃ હર્ષ સંઘવી

**રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતુ કે, રાજકોટનો જંગલેશ્વર વિસ્તાર ગુનેગારોનો અડ્ડો બની ગયો હતો. મોટાભાગના લોકો અહી ભાડે રહેતા હતા. અસામાજીક તત્વોએ સરકારી જમીન પર કબ્જો કરી લઈ પ્લોટ ભાડે આપી દીધા હતા. આ વિસ્તારમાં ખૂબજ ટુંકાગાળામાં ૧૯ આરોપીઓ ઝડપાયા હતા. ખુનકેસના ૮ આરોપી, મારામારી કેસના ૬૮ આરોપીઓ, ગેરકાયદે મંડળી રચવાના ૮૦થી વધુ આરોપી અહીથી પકડાયા છે.**

**૪૭૨ કિલો ગાંજો પણ પકડી લેવાયો છે. ડ્રગ્સના ૮ આરોપી આ વિસ્તારમાંથી પકડાયા છે. ટુંકમાં આ વિસ્તાર ગુનાખોરીનું એપી સેન્ટર હતુ.**

દબાણો પર આજે સવાર સુધીમાં બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે. આજ સાંજ સુધીમાં ઓપરેશન જંગલેશ્વર પૂર્ણ થઈ જશે. જંગલ 'રાજ' પર વિકાસનં બુલડોઝર ફરી વળ્યુ છે. હવે છેલ્લા પાંચ વર્ષથી વિકાસથી વંચિત વિસ્તારામં વિકાસના દ્વાર ખૂલશે.

ખરેખર જંગલરાજ જ હતુ જેના કારણે આખા વિસ્તારનું નામ જ જંગલેશ્વર પડી ગયું હતુ. અહી અસામાજીક તત્વોનો એટલો



સામાન્ય વ્યકિતનું બાંધકામ નિયમ મુજબ હોય તો પણ તેને લાઈટ, નળ જોડાણ મળતા નથી.

શહેરના અનેક વિસ્તારોમાં હજી ગેરકાયદે દબાણના ખડકલો છે.જ્યાં સામાજિક પ્રવૃત્તિઓ પણ ધમધમી રહી છે. હવે કોર્પોરેશન સહિતના તંત્રએ જંગલેશ્વરની ઘટના માટે બોધ પાઠ લઈ આવી તમામ પ્રકારની અસામાજિક પ્રવૃત્તિઓ અટકે તે માટે દબાણકર્તાઓ સામે ગંભીરતાપૂર્વક કરવાની કાર્યવાહી કરવામાં આવે તો કોઈ મોટો વિસ્તાર દબાણગ્રસ્ત બનતા અટકી શકે છે. પરંતુ અફસોસ તંત્ર હંમેશા ઘટના બની ગયા પછી જ જાગે છે.

કોઈપણ શહેરનો એક વિસ્તાર અસામાજિક પ્રવૃત્તિનો અડ્ડો બની ન જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ઘણા સમયથી ઓપરેશન ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. દ્વારકા અને અમદાવાદ સહિતના અને શહેરોમાં આ પ્રકારે અમુક ચોક્કસ વિસ્તારમાં ગેરકાયદે દબાણ પર બુલડઝર ફેરવી દેવામાં આવી રહ્યા છે રાજકોટનો જંગલેશ્વર વિસ્તાર પણ કુખ્યાત પ્રવૃત્તિઓ માટે રાજ્યભરમાં ખૂબ જ જાણીતો હતો.

આ વિસ્તાર એક રીતે અસામાજિક પ્રવૃત્તિઓનો એપી સેન્ટર હતું તંત્રની નિંભરતાના કારણે અહીં અસામાજિક પ્રવૃત્તિ વધી રહી હતી હવે જ્યારે જંગલ રાજ પર બુલડોઝર ફરી વળ્યું છે ત્યારે વિકાસને વેગ આપવા માટે તંત્રએ ગંભીરતા દાખવી પડશે.



દેખાતોહતો. જેના પાપે વિકાસ અહી બાળ મરણ પામ્યો હતો. જંગલેશ્વર વિસ્તારમાં આજી નદીના પટમા અને ટીપી ના રોડ પર ખડકાયેલા ૧૪૮૯ દબાણો હટાવવા માટે રાજકોટના ઈતિહાસનું સૌથી મોટું ડિમોલીશન શરૂ કરવામાં આવ્યું છે. આજે સવારે ૯ વાગ્યા સુધીમાં ૧૧૩૪ દબાણો દૂર કરી દેવામાં આવ્યું છે. જંગલેશ્વર વિસ્તાર હવે મેદાનમાં ફેરવાય ગયો છે. ઠેર ઠેર કાટમાળનાં ગંજ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. આજે સાંજ સુધીમાં તમામ ૧૪૮૯ બાંધકામો જમીન દોસ્ત કરી દેવામાં આવશે ત્યારબાદ યુધ્ધના ધોરણે કાટમાળ હટાવવા સહિતની કામગીરી હાથ પર લેવામાં આવશે. આગામી ગુરૂવારથી જંગલેશ્વરમાં ટીપીના રોડને ડામરને મઢવાની કામગીરી પણ શરૂ કરી દેવાની કોર્પોરેશનની ગણતરી છે.

ત્યાં સુધી કોર્પોરેશનનું તંત્ર બિન્દાસ રહ્યું હતુ. આ વિસ્તારના લોકો રાજકોટના વિકાસથી તદન વંચિત હોવાનો અહેસાસ કરી રહ્યા હતા. એકાએક તંત્રને સુરાતન ચડયું અને માત્ર બે દિવસમાં ૧૪૮૯ બાંધકામો તોડી પાડવામાં આવ્યા વિકાસ માટે ગેરકાયદે બાંધકામો તોડવા પણ જરૂરી હતા



તંત્રી લેખ

# દેશના ગદ્દારો પર સકંજો વધુ કસવો આજના સમયની માંગ

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ પણ એ આગળ વધી રહ્યું છે, ત્યારે આર્થિક ઉન્નતિની સાથે સાથે રાષ્ટ્રીય સુરક્ષા અને દેશના છેવટના નાગરિક માં સલામતી નો અતૂટ વિશ્વાસ જગાવવો અનિવાર્ય છે ત્યારે સરહદની સુરક્ષા પર વિશ્વની ત્રીજા નંબરની સૌથી વિરાટ સેના ની ત્રણેય પાંખ ની બાજનજર છે જ, દુશ્મનોની કોઈપણ ગતિવિધિ અને છમકલા નોજડબા તોડ જવાબ આપવા માટે હવે દુશ્મનને દૂર બેઠા બેઠા ખતમ કરવાની તાકાત ભારતીય સેનામાં છે, અતિઆધુનિક મિસાઈલ ટેકનોલોજી, એફ ૧૬ જેવા યુદ્ધ વિમાનો આધુનિક સબમરીન, હેલિકોપ્ટર, અને અણુંશાસ્ત્રો ની વિરાટ શક્તિ ભારતના દુશ્મનોને ગુસ્તાખી તો ઠીક નજર ઉપાડવાની હિંમત પણ ન કરવાની સ્થિતિમાં મૂકી દીધું છે

સરહદ પર ભારતને કોઈ લલકારી શકે તેમ નથી, ત્યારે સુરજ સામે ધૂળ ઉડાડવાની હિંમત નીજેમ ભારત સામે કોઈ ની તાકાત નથી કે યુદ્ધમાં સામસામે બાથ ભીડે ત્યારે સતત પ્રગતિ વિકાસને વૈશ્વિક મંચ પર પ્રભુત્વમાં વધુને વધુ માતબર બનતી જતી ભારતની છબી થી ગિન્નાતા રહેતા દુશ્મનો પરોક્ષ રીતે નુકસાનીના સપના માં રાચતા હોય તે સ્વાભાવિક છે ત્યારે દેશના ગદ્દારો પર પણ બાજ નજરમાં ગૃહ અને ગુપ્તચર તંત્રસચેત રહે છે

તાજેતરમાં દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા આંતરરાષ્ટ્રીય આંતકી નેટવર્ક નો પરદાફાસ કરી મોટા શહેરોમાં હુમલાની તજવીજ ના કામ કરી દીધી છે. દિલ્હી ,પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ સુધી ફેલાયેલ આતંકી નેટવર્ક ને ભેદીને છેલ્લી ઘડીએ દેશવિરોધી તત્વોના ઈરાદા નાકામ કરવામાં સુરક્ષા તંત્ર સફળ રહ્યું છે, દેશના ગુપ્તચર વિભાગે ગદ્દારોને એ વાત નો અહેસાસ કરાવી દીધો છે કે ખબરદાર જો ભારત વિરોધી છમકલા માટે વિચાર માત્ર કર્યો તો તેના અમલ સુધીની વાત તો અલગ, પણ નાની એવી હરકત પણ નહીં ચાલે, દેશના ગદ્દારો પર આકરા સકંજા ની જરૂરિયાત ગુપ્ત વિભાગ સારી રીતે સમજે છે, દિલ્હી ની જેમ જ દેશમાં કોઈપણ જગ્યાએ દેશ વિરોધી પ્રવૃત્તિ ની સહેજ પણ ચાલ સુરક્ષા તંત્ર જરા પણ સાખી નહીં લે તેનો દેશના પ્રત્યેક નાગરિકને ભરોસો છે એ જ વિશ્વની સૌથી મોટી લોકશાહી ની સાચી તાકાત છે

સતીષ કે. મહેતા

## ઉપલેટાઃ સ્વીટ બોય જીસાનનો આજે જન્મદિવસ



અંબર રીવાઈન્ડીંગ વાળા ઈરફાનભાઈ તથા નશીમબેનના લાડકવાયા જીસાનનો આજે જન્મ દિવસ છે. જીસાનના જન્મ દિવસે દાદી જેનુબેન, કાકા ઈમ્તીયાઝભાઈ, કાકી હીનાબેને અલ્લાહને જીશાનના દિધાર્યુ આયુષ માટે બંદગી કરી હતી ને જીસાનના જન્મ દિવસ નિમિતે સાંજે બચ્ચા પાર્ટીનું આયોજન કરેલ છે.

ધારાસભ્ય ગીતાબા જાડેજાની નેતાગીરી 'પાણીદાર' પુરવાર

# ગોંડલમાં નર્મદા નીરના વધામણા, વગર વરસાદે વેરી તળાવ છલકાશે

## ગોંડલ શહેરનું જળસંકટ હવે થશે 'ભુતકાળ'



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલનાં વેરી તળાવ, આશાપુરા તથા સેતુબંધ ડેમનાં ઉનાળાની શરૂઆતમાં જ તળીયા દેખાવા લાગતાં હોય ગોંડલની પ્રજા ઉપર જળસંકટ સર્જાતું રહેતું હતું અને શહેરમાં પાણીની કટોકટી વચ્ચે પ્રજા તરસી રહેતી હતી પણ પુર્વ ધારાસભ્ય જયરાજસિહ જાડેજાએ આ સંકટને ભુતકાળ બનાવી પાણીયારી નેતાગીરી દાખવતાં છેલ્લા આઠ દશ વરસ થી સૌની યોજના હેઠળ નર્મદા નાં નીર ગોંડલ સુધી પંહોચતા કર્યા હોય ભર ઉનાળે નર્મદા નાં પાણી થી શહેર નું મુખ્ય જળતસ્ત્રોત વેરીતળાવ છલકાઈ ઉઠે છે.

આ પાણીદાર નેતાગીરી ની પ્રજાલક્ષી પરંપરાને તેમનાં ધર્મપત્ની ધારાસભ્ય ગીતાબા જાડેજા બખુબી નીભાવી રહ્યા છે.

ઉનાળાની શરૂઆત થઈ રહી છે ત્યારે ગોંડલમાં પાણીનો પ્રશ્ન ના સર્જાય તે માટે ગોંડલના ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાની રજૂઆતને રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સ્વીકારી સૌની યોજના અંતર્ગત નર્મદાના નીર ગોંડલનાં સિમાડે પહોંચાડ્યા હતાં.

આગામી પંદરથી વીસ દિવસમાં નર્મદાનાં પાણી વેરીતળાવમાં ઠલવાઈ ઓવરફ્લો થશે.

નગરપાલિકા દ્વારા નર્મદાના નીરને વધાવવામાં આવ્યા હતા. નગરપાલિકાના પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા, મહામંત્રી જેકીભાઈ પરમાર, શૈલેષભાઈ રોકડ, નગરપાલિકા સદસ્ય ઋષિરાજસિંહ જાડેજા, ગૌતમભાઈ સિંધવ, સચિનભાઈ વ્યાસ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંજાર તાલુકામાં સી.સી. રોડ-પેવર બ્લોક સહિતના રૂ.૧૩૦.૬૫ લાખના કામોને મંજૂરી

## રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે ટ્રેક્ટર - જેટીંગ મશીનનું કરાયું લોકાર્પણ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર તાલુકા પંચાયત ખાતે ટેક્નિકલ અને ઉચ્ચ શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના અધ્યક્ષસ્થાને વિકેન્દ્રીત જિલ્લા આયોજનની વિવિધ ગ્રાન્ટના કામોના આયોજન માટે અંજાર તાલુકા આયોજન સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં તાલુકા આયોજન સમિતિના અધ્યક્ષ તથા તાલુકા પંચાયત પ્રમુખ શોભનાબા જાડેજાની ઉપસ્થિતિમાં વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના વર્ષ માટે આયોજનના કામોની દરખાસ્તો રજૂ કરાઈ હતી. જેમાં મળવાપાત્ર જનરલ ગ્રાન્ટના ૧૦૭.૫૦ લાખમાંથી સી.સી રોડ, પેવર બ્લોક તથા અન્ય કામો તેમજ અંગભૂત ગ્રાન્ટના રૂ.૧૫ લાખમાંથી સી.સી રોડ, પેવર બ્લોક તથા અન્ય કામો, ૫ ટકા પ્રોત્સાહકના મળવાપાત્ર ૩.૧૫ લાખ, ખાસ પ્લાન(બક્ષીપંચ)ના રૂ.૫ લાખ એમ રૂ.૧૩૦.૬૫ લાખના આયોજનના કામોને મંજૂરી અપાઈ હતી.

આ સાથે રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે વીરા અને ખેડોઈ ગામને રૂ.૧૬ લાખના ખર્ચેના બે ટ્રેક્ટરનું લોકાર્પણ તથા સમસ્ત અંજાર તાલુકા માટે રૂ.૧૭ લાખના ખર્ચે જેટીંગ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં તાલુકા પંચાયત ઉપપ્રમુખ ભૂરાભાઈ ડાંગર, મંજુલાબેન ડાંગર, લખીબેન ડાંગર, મશરૂભાઈ રબારી, રાણીબેન થારુ, તાલુકા વિકાસ અધિકારી ભાવેશ પટેલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીની ૫ વર્ષની માસૂમ રિઝ અને ૬ વર્ષના રમજાએ પ્રથમ રોજુ રાખ્યું



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

પવિત્ર રમઝાન માસ અમરેલીમાં ધર્મ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું એક સુંદર ઉદાહરણ જોવા મળ્યું છે, જ્યાં માત્ર ૫ વર્ષની માસૂમ રિઝ અને ૬ વર્ષના રમઝાએ આકરી કસોટી સમાન રોજા રાખીને સૌ કોઈને આશ્ચર્યચકિત કરી દીધા છે. અમરેલીના રહેવાસી રાજકબભાઈ કાઝીની ૫ વર્ષની પુત્રી રિઝએ પોતાનું પ્રથમ રોજુ રાખીને ધર્મ પ્રત્યેની પોતાની અતૂટ લાગણી અને શ્રદ્ધા પ્રદર્શિત કરી છે. રિઝની સાથે જ ૬ વર્ષના રમઝાએ પણ રોજુ રાખીને સમાજમાં એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત

# અંજાર પોલીસે ગુમ થયેલા મોબાઈલ ધરેણા સહિત ૧૩ લાખની મતા માલીકોને પરત અપાવી



**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસે 'પોલીસ પ્રજાનો મિત્ર છે' તે સૂત્રને સાર્થક કરતા રૂ.૧૩,૦૨,૪૯૨ ની કિંમતનો મુદ્દામાલ તેના અસલી માલિકોને પરત સોંપ્યો છે. પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમાર અને પી.આઈ. એ.આર. ગોહીલના માર્ગદર્શન હેઠળ, પોલીસે ટેકનોલોજીની મદદથી શોધેલા ૧૫ મોબાઈલ ફોન (કિંમત ₹૩.૮૦ લાખ) તેમજ મંદિર ચોરી અને ઘરફોડ ચોરીમાં ગયેલા સોના- ચાંદીના દાગીના તથા રોકડ રકમ રીકવર કરી કોર્ટના હુકમ મુજબ અંજાર રોટરી ક્લબ ખાતે "તેરા તુજકો અર્પણ કાર્યક્રમનુ આયોજન કરી મુળ માલીક/ અરજદારને મોબાઈલ ફોન તથા રોકડા રૂપિયા રાજ્યકક્ષાના મંત્રી ત્રિકમભાઈ છાંગા તથા પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા પ્રો.નાયબ પોલીસ અધિક્ષક પ્રતિક ચૌધરી અને અંજાર પીઆઈ એ.આર.ગોહીલના હસ્તે આ તમામ ચીજવસ્તુઓ ભાવુક થયેલા અરજદારોને પરત કરવામાં આવી હતી.

આ સફળ કામગીરી અંજાર પીઆઇ એ.આર.ગોહીલ, પીએસઆઇ એસ.જી.વાળા તથા અંજાર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ છે.

# કાયદો - વ્યવસ્થા મજબુત બનાવવા પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમાર સાથે બેઠક યોજાઈ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા પૂર્વ કચ્છ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ના થાણા અધિકારી તથા એલસીબી એસઓજી સાયબર જિલ્લા ટ્રાફિક સહિત તમામ બ્રાન્ચના વડાઓની સાથે ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામા આવ્યું હતું.

ગતરોજ આદિપુર ખાતે આવેલ ડીટીસી સેન્ટર ખાતે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમાર દ્વારા પૂર્વ કચ્છ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના થાણા અધિકારી તથા એલસીબી એસઓજી સાયબર જિલ્લા ટ્રાફિક સહિત તમામ બ્રાન્ચના વડાઓની સાથે ક્રાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ બનાવો તથા વણ ઉકલયા બનાવો તેમજ અન્ય વિગતોની જાણકારી મેળવી જરૂરી સુચનાઓ આપી હતી અને વણ ઉકેલયા બનાવો તથા કાયદો-વ્યવસ્થા જાળવવા માટે જરૂરી સુચનાઓ આપી હતી આજે યોજાયેલ ક્રાઈમ કોન્ફરન્સમાં તાલીમિ નાયબ પોલીસ અધિક્ષક પ્રતિક ચૌધરી તથા તમામ પીઆઈ અને પીએસઆઈ ઉપસ્થિત રહ્યા હતા.

# સુત્રાપાડાઃ કોંગ્રેસના એઆઇ વિરોધી વલણ સામે પૂર્વ મંત્રી જશાભાઇ બારડની આગેવાનીમાં વિરોધ રેલી

## કોંગ્રેસની ટેકનોલોની વિરોધી માનસીકતા સામે ભાજપનો રોષ




**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા એ.આઈ. ટેકનોલોજીના કરવામાં આવેલા વિરોધના પગલે ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા શહેરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને સુત્રાપાડાના વતની જશાભાઈ બારડ ઉપસ્થિત રહ્યા હતા.આ રેલી સુત્રાપાડાના નવદુર્ગા મંદિર થી પ્રસ્થાન થઈ મુખ્ય બજારમાં ફરી હતી અને બસ સ્ટેન્ડ ખાતે સમાપ્ત થઈ હતી. સમગ્ર માર્ગ પર ભાજપના કાર્યકરોએ "રાહુલ ગાંધી મુર્દાબાદ" ના નારા લગાવી વાતાવરણ ગજવી દીધું હતું. રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ જિલ્લા યુવા મોરચાની ટીમઃ હરેશભાઈ ધોળીયા, પારસભાઈ પરમાર સહીતના આગેવાનો વિરોધ પ્રદર્શનમા જોડાયા હતા. શહેર ભાજપ સંગઠનઃ પ્રમુખ સુરસિંહભાઈ મોરી, મહામંત્રી સિધ્ધરાજ રાઠોડ, હરેશભાઈ કામળિયા નવનિયુક્ત ટીમને આગેવાનોએ અભિનંદન પાઠવી સફળતાની શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે ગીર સોમનાથ જિલ્લા યુવા મોરચાની નવી નિયુક્ત થયેલી ટીમને અભિનંદન પાઠવ્યા હતા અને ઉત્સાહપૂર્વક સંગઠનનું કામ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "દેશ જ્યારે આધુનિક ટેકનોલોજી તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે વિરોધ પક્ષ દ્વારા પાયાવિહોણો વિરોધ કરવો એ દુર્ભાગ્યપૂર્ણ છે."

# જામકંડોરણા સરકારી હોસ્પિટલમાં અપુરતા સ્ટાફ અને જરૂરી સુવિધાના અભાવની 'રાવ'

## પાલિકાની લાઈફ લાઈન જેવી હોસ્પિટલમાં એક વર્ષથી એકસરે ટેકનીશ્યનની જગ્યા ખાલીઃ દર્દીઓ રામ ભરોસે



**અબતક, પ્રવીણ દોંગા, જામકંડોરણા**

જામકંડોરણા બાવન ગામ સાથે જોડેયલો મોટો તાલુકામા તાલુકા કક્ષાની સરકારી હોસ્પિટલનું તંત્ર લાંબા સમયથી સદંતર કથળતું જતું હોય તેવું છાસવારે અસરગ્રસ્ત દર્દીઓમાંથી ફરીયાદ ઉઠી જામકંડોરણા તથા આજુબાજુના ગ્રામીણ વિસ્તાર માથી પ્રતિદિન પંદર થી સત્તર દર્દી હાડકાની તકલીફોથી જામકંડોરણા સરકારી હોસ્પીટલમા આવે છે. પરંતુ સરકારી હોસ્પિટલમાં એકસરે મશીનના ટેકનીસીયન જગ્યા છેલ્લા એક વર્ષથી થી ભરવામા આવી નથી એટલુ જ નહિ અત્યંત આવશ્યક જણાતી તબીબી સુવિધાઓનો નીફરીયાદ ઉઠી છે. જામકંડોરણા શહેર અને સમગ્ર પંથકના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓ માટે આર્શિવાદ સમાન સરકારી હોસ્પિટલ દર્દીઓને પ્રમાણમાં સારી તબીબી સેવા આપવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોય આ તાલુકા લેવલની અત્યંત મહત્વની ગણાતી સરકારી હોસ્પિટલમાં સ્ટાફની અછત અને દર્દીઓને મળવાપાત્ર તબીબી સુવિધાઓ મળતી ન હોવાની વખતોવખત રાવ ઉઠવા પામે છે તેમજ અમુક ઈમરજન્સી સારવાર હોય તો પણ જામકંડોરણા થી જુનાગઢ રીફર કરવામાં આવતી હોવાની પણ લોકોમાં ફરિયાદો ઉઠવા પામી છે. મહીનાના પાંચ હજારથી વધુ દર્દી આવે છે. આ સરકારી દવાખાનાની સ્થિતિ ખરાબ થઈ હોવાથી દર્દીઓ હેરાન પરેશાન થવા પામ્યા છે ત્યારે આ બાબતે જીલ્લાના ઉચ્ચ અધિકારીઓએ નોંધ લઈ સરપ્રાઈઝ મુલાકાત લઈ દર્દીઓ અને તેમના સ્વજનોની મુલાકાત લઈ તાત્તકાલીક આ દવાખાનામા કાયમી એકસરે મશીન ના ટેકશીયન ની ભરતી કરવા અપીલ કરી રહ્યા છે.

# ઉપલેટાની ધોડાસરા સ્કૂલમાં વિજ્ઞાન મેળોમાં ૧૦૦ વધુ મોડેલ રજુ કરાયા



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાની એ.આર ધોડાસરા વિદ્યામંદિર સ્કૂલમાં ભવ્ય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં વિજ્ઞાનને લગતા વિદ્યાર્થીઓએ ૧૦૦ થી વધુ આકર્ષક વૈજ્ઞાનિક મોડેલ પ્રયોગો અને પ્રોજેક્ટસ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ આમંત્રિત મહેમાનો મા માજી ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા, શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચન્દ્રવાડીયા, પૂર્વ નગરપતિ દાનભાઈ ચન્દ્રવાડીયા, પત્રકાર કિરીટભાઈ રાણપરીયા, નગર સેવકો અશ્વિનભાઈ લાડાણી, અજય જાગાણી, અમીત વસવેલીયા, મયુર સુવા, વિક્રમસિંહ ઉપસ્થિત રહેલ અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરેલ હતા આ વિજ્ઞાન મેળા ને સફળ બનાવવા માટે સ્કૂલના પ્રમુખ પ્રવીણભાઈ દલસાણિયા આચાર્ય ધવલભાઈ શાહ તથા તમામ સ્ટાફ પરિવારે ખૂબ જ જહેમત ઉઠાવી હતી આ વિજ્ઞાન મેળો શિક્ષકો ,વાલીશ્રીઓ અને વિદ્યાર્થીઓના સહયોગથી સફળતા પૂર્વક પૂર્ણ થયેલ હતો

# વેરાવળઃ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમવારે વૈદિક હોલિકા દહન

## ભક્તો ઘરે બેઠા પોતાના તરફથી ગાયનું એક છાણું, પવિત્ર દ્રવ્યો હોલિકામાં અર્પણ કરી શકે તેવી વિશેષ વ્યવસ્થા

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

હોલિકા ઉત્સવમાં જ્યારે સમગ્ર દેશમાં લાકડા દ્વારા હોલિકા દહન કરી ઉત્સવ ઉજવવામાં આવે છે, ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ચોપાટી ગ્રાઉન્ડ પર વૈદિક હોલિકા દહનનું અનોખું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે હોલિકા દહન કરવામાં આવશે. જેમાં વિશેષ રૂપે પર્યાવરણને કેન્દ્રમાં રાખીને ટ્રસ્ટ દ્વારા હોલિકા દહનમાં પરંપરાગત અને વૈદિક સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવશે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની અધ્યક્ષતામાં પર્યાવરણને લક્ષમાં રાખીને વિવિધ પ્રકલ્પો ચલાવી રહ્યું છે. ત્યારે પ્રધાનમંત્રીના લાઈફ સ્ટાઈલ ફોર ઈન્વાયરમેન્ટ અભિગમ અંતર્ગત ટ્રસ્ટ દ્વારા પર્યાવરણને લાભ કરતું અને દર્શનાર્થીઓના સ્વાસ્થ્ય માટે આયુર્વેદિક દ્રષ્ટિએ ઉત્તમ એ પ્રકારનું વૈદિક હોલિકા દહન યોજવામાં આવનાર છે.તા.૦૨/૦૩/૨૦૨૬ના રોજ સાંજે ૮:૦૦ કલાકે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિધિવત પૂજન કરીને હોલિકા પ્રાગટ્ય કરવામાં આવશે. આ તકે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર અને શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવનાર દેશવિદેશના ભક્તો જોડાશે.

ભક્તો માટે ઓનલાઈન હોલિકા આહુતિ અને દર્શનની વિશેષ વ્યવસ્થાઃ આ વૈદિક હોલિકા દહનમાં ભક્તો માટે ટ્રસ્ટ દ્વારા સોમનાથ ટ્રસ્ટની ગૌશાળાની ગૌમાતાના સુકેલા છાણ, ગીર ગાયનું ઘી, સમિધ કાષ્ઠ, સાત પ્રકારના અનાજ, કપૂર અને વિવિધ પ્રકારની ઔષધિઓ હોલિકામાં અર્પણ કરવાની વિશેષ વ્યવસ્થા કરાવવામાં આવી છે. જેમાં ભક્તો ઘરે બેઠા ટ્રસ્ટની વેબસાઈટ Somnath.org પર માત્ર ૨૧ રૂપિયા ન્યોછાવર કરીને હોલિકામાં પવિત્ર આહુતિ અર્પણ કરી શકશે તેમજ હોલિકા દહનના દર્શન કરી શકશે.

# ગોંડલમાં બોર્ડની વિદ્યાર્થિનીઓને પરીક્ષાકીટ સાથે અપાય શુભેચ્છાની ભેટ

## ફોરેસ્ટ યુથ કલબના કાર્યક્રમની સરાહના



**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ ફોરેસ્ટ યુથ ક્લબ દ્વારા મોંઘીબા ગર્લ્સ માધ્યમિક શાળા ની ધોરણ ૧૦ અને ૧૨ ની તમામ ૨૦૦ વિદ્યાર્થિનીઓને લાયન્સ ક્લબ ના પ્રેસિડેન્ટ ગીરધરભાઈ રૈયાણી અને વિજયભાઈ ચોક્સી,રેણુકાબેન ચોક્સી,ચોક્સી ટાયર્સ વાળા અંબરીશ ઉદેશી ના સહયોગ થી બોલપેન,પેન્સિલ,ફૂટપટ્ટી, શાર્પનર,રબ્બર,પ્લાસ્ટિક પાઉચ અને પ્લાસ્ટિક રિસીપ્ટ ફોલ્ડર ની કીટ ભેટ આપવા સાથે આગામી ધોરણ ૧૦ અને ૧૨ ની વાર્ષિક પરીક્ષા માં નિર્ભયરીતે, ઉત્સાહસાથે શ્રેષ્ઠ પરિણામ મેળવવા ઉપયોગી માર્ગદર્શન સમાજસેવી હિતેષભાઈ દવે અને અંબરીશભાઈ ઉદેશી દ્વારા આપવામાં આવ્યા સાથે વિદ્યાર્થિનીઓને ઉજ્જવળ ભવિષ્ય ની શુભકામનાઓ પાઠવવામાં આવી.. આ તકે ધોરણ ૧૦ અને ૧૨ ની વિદ્યાર્થિનીઓને પરીક્ષા માં ઉપયોગી કીટ ભેટ આપવા બદલ શાળાના પ્રિન્સીપાલ ઉષાબેન એ દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ધારીની આઈટીઆઈમાં કાલે યોજાશે રોજગાર ભરતી મેળો

## ભરતીમાં સહભાગી થવા અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવા અનુરોધ

**અબતક, મેહુલ ત્રીવેદી, ધારી**


અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રોના અગ્રગણ્ય એકમો માટે ૧૮ થી ૪૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાઓને અનુરૂપ ધોરણ ૧૦, ધો.૧૨, આઈ.ટી.આઈ, ડિપ્લોમા, બી.એસ.સી, એમ.એસ,સી, બી.ફાર્મ, એમ.ફાર્મ, બ્યુટીશીયન, હેરડ્રેસર, ધો. ૧૦ (કોમ્પ્યુટર નોલેજ), બ્યુટીપાર્લરના કોર્સ કરેલા ઉમેદવારને પ્રાથમિકતા આપવામાં આવશે. કેશીયરની જગ્યા માટે- બી.કોમ, એમ.કોમ, સ્ટોક મેનેજર-ફ્લોર મેનેજરની જગ્યા માટે બી.બી.એ, એમ.બી.એ.ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદારો માટે રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૨૫.૦૨.૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાકે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, (આઈ.ટી.આઈ) ધારી ખાતે રોજગાર મેળો યોજાશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર હજ્ઞલશક્ષ કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# કોંગ્રેસ દરેક તાલુકામાં ઓબીસી સમિતિની રચના કરશેઃ ડો. મહેશ રાજપુત

## ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી ડિપાર્ટમેન્ટના ચેરમેન તરીકે પદભાર સંભાળતા ડો. મહેશ રાજપુતઃ રાજયભરમાંથી કોંગ્રેસના આગેવાનો કાર્યકરો ઉમટયા



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. ડીપાર્ટમેન્ટના નવનિયુક્ત ચેરમેન ડો. મહેશભાઈ રાજપુતનો પદભાર ગ્રહણ કરવાનો આ અવસર માત્ર એક રાજકીય ઘટના નહીં, પરંતુ ગુજરાતના ૫૨ ટકાથી વધુ ઓ.બી.સી. સમાજની અસ્મિતા અને અધિકારો માટેનો એક વિરાટ જન-આંદોલનનો શંખનાદ સાબિત થયો છે.

આ સમારોહમાં આધ્યાત્મિક ચેતનાના પ્રતીક એવા ગોગા મહારાજ ના સંત મુકેશભાઈ દેસાઈ અને રઘુવીરદાસજી બાપુ (કાગદડી આશ્રમ)ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. પૂજ્ય સંતોએ ડો. મહેશભાઈ રાજપુતને આશીર્વાદ પાઠવીને જણાવ્યું હતું કે, ''જ્યારે નેતૃત્વ, નૈતિકતા અને સેવાભાવ સાથે જોડાય છે, ત્યારે તે સમાજના છેલ્લા માણસ સુધી ન્યાય પહોંચાડી શકે છે. ઓ.બી.સી. સમાજ એ સેવા અને સમર્પણનો પર્યાય છે.'' સંતોના આ વચનોએ ઉપસ્થિત હજારો કાર્યકરોમાં એક નવી ઊર્જા અને પવિત્રતાનો સંચાર કર્યો.

ભરતસિંહ સોલંકીએ પક્ષના ઈતિહાસને યાદ કરતા કહ્યું કે, કોંગ્રેસ હંમેશા પછાત વર્ગોની પડખે રહી છે. ડો. મહેશભાઈની વરણી એ પક્ષના પાયાના કાર્યકરોની જીત છે.

જગદીશભાઈ ઠાકોરે ગજવતા કહ્યું કે, ''ઓબીસી સમાજે હવે જાગૃત થવાનો સમય આવી ગયો છે. આપણા હક કોઈ ભીખ નથી, આપણો અધિકાર છે. જાતિ આધારિત વસ્તી ગણતરી એ સમયની માંગ છે અને કોંગ્રેસ આ મુદ્દે રસ્તા પર ઉતરતા અચકાશે નહીં.''

અમિતભાઈ ચાવડાએ આંકડાકીય માહિતી સાથે જણાવ્યું કે વર્તમાન સરકાર ઓબીસી સમાજની અનામત સાથે ચેડા કરી રહી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં યોગ્ય પ્રતિનિધિત્વ અને શૈક્ષણિક સુવિધાઓ માટે આ નવી ટીમ એક મજબૂત વિરોધ પક્ષ તરીકેની ભૂમિકા ભજવશે.

કાર્યક્રમમાં લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું કે સેવાદળ અને ઓબીસી વિભાગ ખભેખભા મિલાવીને ગુજરાતના દરેક ગામડામાં કોંગ્રેસ પક્ષની વિચારધારા પહોંચાડશે અને પછાત વર્ગ એક મંચ પર આવે છે ત્યારે પરિવર્તન નિશ્ચિત છે. ઋત્વિકભાઈ મકવાણાએ યુવાપેઢીને સક્રિય થવા અને સોશિયલ મીડિયાના માધ્યમથી સમાજની વાત પ્રબળ બનાવવા હાકલ કરી હતી.

ચંદનજી ઠાકોર અને જીવણભાઈ કુંભારવાડીયા આ પ્રસંગ માત્ર પ્રદેશ પૂરતો મર્યાદિત નહોતો. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિમાં મહત્વનું સ્થાન મેળવનાર ચંદનજી ઠાકોર અને શ્રી જીવણભાઈ કુંભારવાડીયાનું રાષ્ટ્રીય સંયોજક તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.

નવનિયુક્ત ચેરમેન ડો. મહેશભાઈ રાજપુતનો 'સંકલ્પ પત્ર' પોતાના પદગ્રહણ બાદ અત્યંત નમ્રતા સાથે ડો. મહેશભાઈ રાજપુતે પોતાની ભવિષ્યની રણનીતિ સ્પષ્ટ કરી હતીઃ ગામડા સુધી સંગઠનઃ આગામી થોડા દિવસમાં તમામ તાલુકાઓમાં ઘઈઈ સમિતિઓની રચના કરાશે. ઓબીસી સમાજના વિદ્યાર્થીઓ અને સરકારી યોજનાઓના લાભાર્થીઓ માટે માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરવું. રાજ્યભરમાં ભ્રમણ કરીને ૨૭% અનામતના અમલીકરણની સમીક્ષા કરાશે.

ગુજરાતરાજ્ય સરકાર બજેટ મા ૫૨% ઓ બી સીની વસ્તી માટે પણ બજેટમા ૨૭ % નાણાં ઓ બી સી ના વિકાસ માટે વાપરવા માટે જોગવાઈકરે અને

નવી પેઢીના શિક્ષિત ઓબીસી યુવાનોને રાજકારણમાં સક્રિય કરવા. ઉપરાંત ઓબીસી અનામત અને જાતિ આધારિત વસ્તી ગણતરીના મુદ્દે લડાયક મૂડમાં રહેવા કાર્યકરોને હાકલ કરી હતી.

રાજીવ ગાંધી ભવનના વિશાળ હોલમાં બહોળી સંખ્યામાં કાર્યકરોએ કાર્યક્રમ નિહાળ્યો હતો. કાર્યક્રમના અંતે કાર્યકરોએ હાથમાં ઓબીસી એકતાના સપથ લઈ વિદાય લીધી હતી. આ પદગ્રહણ સમારોહ સાબિત કરે છે કે ગુજરાતમાં હવે ઓબીસી મતોનું ધ્રુવીકરણ કોંગ્રેસ તરફ થઈ રહ્યું છે. ડો. મહેશભાઈ રાજપુતના રૂપમાં સમાજને એક શિક્ષિત, વિનમ્ર અને લડાયક નેતા મળ્યા છે, જેમના નેતૃત્વમાં ગુજરાતનું ઓબીસી સંગઠન આગામી સમયમાં નવી ઊંચાઈઓ સર કરશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા પાછળ પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ ચેરમેન રાજેશભાઈ ગોહિલ ,પૂર્વ કાર્યકારી ચેરમેન રમેશભાઈ દેસાઈ અને અમદાવાદ શહેર ઓ બી સી ડિપાર્ટમેન્ટ ચેરમેન રણજીતસિંહ બારડએ જહેમત ઉઠાવેલ હતી.

# વિસાવદરના ચાપરડા બ્રહ્માનંદ વિદ્યા મંદિરમાં માતૃભાષા દિવસે ગુજરાતીની ગરીમાનું થયું મનોમંથન

## બ્રહ્માનંદ વિદ્યા મંદિરમાં ઉજવાયો માતૃભાષા મહોત્સવ

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**



વિસાવદરના ચાપરડા બ્રહ્માનંદ વિદ્યા મંદિરમાં ૨૧ ફેબ્રુ.એ માતૃભાષા મહોત્સવનું આયોજન કરાયું હતું. તેમાં માતૃભાષા ગુજરાતીની ગરીમાનું મનોમંથન કરવામાં આવ્યું હતું.

તા.૨૧ ફેબ્રુઆરી કાર્યક્રમનો મુખ્ય હેતુ માતૃભાષા પ્રત્યે પ્રેમ, ગૌરવ અને જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપપ્રજ્વલનથી થઈ. મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના શિલ્પી પ.પૂ. મુક્તાનંદ બાપુની પ્રેરણા અને આશીર્વાદ સાથે અતિથિ વિશેષ અર્જુનસિંહ રાઠોડ અને કમલેશભાઈ ધાધલ તેમજ પ્રસિદ્ધ વ્યાખ્યાતા એલ વી જોશી અને વિરેન્દ્રભાઈ ભટ્ટ હાજર રહ્યા હતા.

મહોત્સવ દરમિયાન વિશેષ અતિથિ વક્તા, શિક્ષક તેમજ વિદ્યાર્થીઓએ ગુજરાતી ભાષાની મહત્તા દર્શાવતા મારા હસ્તાક્ષર મારી અનુભૂતિ હેઠળ ગુજરાતીમાં હસ્તાક્ષર કરીને આનંદ ભાવ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતી ભાષાનું મહત્ત્વ વિષય વક્તવ્ય પર વક્તા એલ વી જોશી તેમજ વિરેન્દ્રભાઈ ભટ્ટ દ્વારા ગુજરાતી ભાષાકીય જ્ઞાન સાથે ગુજરાતી ભાષાના ઉત્તમ શબ્દના ઉદાહરણ સાથે વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ માર્ગદર્શન આપેલ.

શાળાના પ્રાચાર્ય/સંયોજક ભાવિનભાઈ જોશીએ માતૃભાષા વ્યકિતના વ્યકિતત્વ વિકાસનો આધારસ્તંભ છે અને તે સંસ્કૃતિ સાથેનું જોડાણ મજબૂત બનાવે છે.

માતૃભાષા મહોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા પ્રત્યે વધુ પ્રેમ અને ગૌરવની ભાવના વિકસિત બને એ માટે સંસ્થાના અધ્યક્ષ અર્જુનસિંહ રાઠોડએ પોતાના વિશેષ વક્તવ્યમાં જણાવ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન મહેશભાઈ મેસવાણિયા કર્યું હતું. પ્રેમાનંદ સ્કૂલ જુનાગઢના ડાયરેક્ટર ડો.માતંગ પુરોહિત ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલા પંથકમાં બે રોકટોક ખનીજ ચોરી સામે કડક કાર્યવાહી કરવા પર્યાવરણ પ્રેમીઓની માંગ

## ખનીજ ચોર તત્વો ગૌચરના ડુંગરા/નદીઓમાંથી બે રોકટોક કરે છે ખનીજ ચોરી

**અબ તક સોહિલ શેખ સાવરકુંડલા**



સાવરકુંડલા શહેર અને આસપાસના વિસ્તારોમાં ભૂ માફિયાઓ દ્વારા બેફામ ખનીજ ચોરી કરાતી હોવાની ફરિયાદ પર્યાવરણ પ્રેમીઓમાંથી ઉઠી છે. સાવરકુંડલા બાયપાસ નજીક આવેલ સરકારી ગૌચરના ડુંગરાઓ અને આસપાસની નદી અને નાળાઓમાં બે રોકટોક મોટાપાયે રેતી અને પથ્થરોની ચોરી થઈ રહી છે ત્યારે વ્યાપક ખનીઝ ચોરી છતાં સ્થાનિક તંત્ર કોઈ કાર્યવાહી કરતું નથી તંત્રની કહેવાતી મિલી ભગત થી બેફામ બનેલા ખનીજ ચોર તત્ત્વો ને ડામવા પ્રકૃતિ પ્રેમીઓમાંથી માંગ ઉઠી છે.


નદી અને જળાશયોમાંથી બે રોકટોક રેતીનું ખનન થતું હોવાથી પર્યાવરણ અને જળ સ્તર પર ગંભીર અસરો ઊભી થઈ છે વારંવાર રજૂઆતો છતાં ખાણ ખનીજ વિભાગ કે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી ન હોવાના આક્ષેપ સાથે પર્યાવરણ પ્રેમીઓએ કરોડોની ખરીદતોરી કુંભારની તટસ્થ તપાસ અને જવાબદાર ભુ માફીઆઓસામે કાયદેસરની કાર્યવાહી કરી ખનીજ ચોર તત્વ ને છાવરનાર જવાબદાર અધિકારીઓ સામે પણ પગલાં લેવાની માંગ ઉઠી છે

## જૂનાગઢના યુવક પાસે રૂ.૨૦ લાખની ખંડણી માંગવા મામલે

# વિવાદીત કિર્તી પટેલ જામીન મુકતઃ ધાર્મિક લાગણી દુભાવવા મામલે હાજર રહેવા ફરમાન

## યુવકે અપલોડ કરેલો વીડિયો ડિલીટ કરવા ખૂનની ધમકી આપી'તીઃ યુટયુબરે આપઘાતની કોશિષ કરતા ગુનો નોંધાયો તો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



સોશિયલ મીડિયામાં બહુચર્ચિત અને લોકપ્રિય બનેલા કીર્તિ પટેલને જુનાગઢ કોર્ટે રૂ. ૨૦ લાખની ખંડણી માંગવા અંગેના કેસમાં ગઈકાલે જામીન મુક્ત કરી છે. જો કે, હજુ જુનાગઢના ભવનાથ પોલીસ સ્ટેશનમાં વધુ બે ગુના નોંધાયેલ હોય ત્યારે આજે ૧૧ વાગ્યે ભવનાથ પોલીસ સ્ટેશનમાં હાજર થવા હુકમ પણ કરવામાં આવ્યો હોવાના સમાચારો મળી રહ્યા છે.


જૂનાગઢના મહાશિવરાત્રી મેળાના અંતીમ દિવસે રાત્રિના સમયે સોશિયલ મીડિયા ની લોકપ્રિય એવી કીર્તિ પટેલે સાધુઓ સાથે મૃગી કુંડમાં સ્નાન કરતા ભારે વિવાદ વકર્યો હતો અને આ બાબતે મહિલા પીઆઈ દ્વારા કીર્તિ પટેલ સામે ફરજ મારું કાવડ પોલીસ સાથે ફરી વર્તન અને મારી નાખવાની ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો તે બાદ ૨૪ કલાકમાં અન્ય એક ફરિયાદ કીર્તિ પટેલ સામે નોંધાઈ હતી જેમાં પ્રભાસ પાટણના નિરાલી ખોડીયાર ગામના મહંત દ્વારા કીર્તિ પટેલે સાધુ સંતો સાથે મૃગી કુંડમાં સ્નાન કરતા લાગણી દુબઈ હોવાની ફરિયાદ ભવનાથ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાવી હતી

આ બાદ ગત તા. ૨૧ ના રોજ સોશિયલ મીડિયામાં ભારે ચર્ચાસ્પદ રહેલા કીર્તિ પટેલ, કીર્તિની એક મહિલા ફ્રેન્ડ તથા અન્ય ૩ મળી કુલ ૫ આરોપીઓ વિરુદ્ધ જૂનાગઢના ગલીયાવડ ગામના અબજલ કારાભાઈ સીડા, (ઉ.વ.૨૭) એ એવા મતલબની ફરિયાદી નોંધાવી હતી કે, આરોપી કીર્તિ પટેલે સાધુ સંતો અને સનાતન ધર્મના ખોટા વિડીયો બનાવી સોશિયલ મિડીયામાં અપલોડ કરી, વાયરલ કરી. ખોટી પ્રસિધ્ધી મેળવી, પોતાના વ્યુઅર્સ વધારતા હોય. જ્યારે ફરિયાદી અબજલ સીડા સનાતન ધર્મને ખુબ જ માન આપતા હોય, જેથી અબજલ સીડા એ કીર્તિ પટેલ એ બનાવેલ વિડીયોનો વિરૂધ્ધ કરતા વિડીયો બનાવી સોશિયલ મિડીયા ઉપર અપલોડ કરી, સાચી હકીકતને સમર્થન આપતા, આરોપી કીર્તિ પટેલ તથા તેના જ સાગરીતોએ સાથે મળી, એકબીજાની મદદગારી કરી, ફરિયાદીને ઈન્સાગ્રામ તથા વોટ્સએપમાં વોઈસ કોલ કરી, તારા આવા વિડીયોના કારણે અમારા વ્યુઅર્સ ઘટી ગયેલ છે, તે જે વિડીયો અપલોડ કરેલ છે તે હટાવી નાખ, અને રૂ. ૨૦ લાખ આપી દે, નહિતર તને બળાત્કારના કેસમાં ફીટ કરાવી, જેલમ મોકલી દેશુ. તેમજ તને જાનથી મારી નાખીશુ, અને અમે તારા ઘરે આવીએ છીએ તેમ કહી અજાણ્યા નંબર માંથી પણ ફોન કરી ફરિયાદી અબજલ સીડાને હેરાન કરતા અને આ આરોપીઓ માથાભારે માણસ હોય, તથા અવાર નવાર ઝઘડાઓ કરતા હોય, અને આરોપી કીર્તિ પટેલ સોશિયલ મિડીયામાં ખરાબ ભાષા બોલતા હોય, જેથી આરોપીઓની બીકના કારણે પોતે ફરિયાદી ફીનાઈલ પી લીધી હોવાની તાલુકા પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે આરોપી કીર્તિ પટેલ, કીર્તિની એક મહિલા ફ્રેન્ડ તથા અન્ય ૩ મળી કુલ ૫ આરોપીઓ વિરુદ્ધ ગુન્હો નોંધ્યો હતો.

દરમિયાન કીર્તિ પટેલ રાજસ્થાનના ઉદયપુર ખાતે હોવાની બાતમી મળતા, જૂનાગઢ પોલીસ રાજસ્થાન પહોંચી હતી, અને જે હોટલમાં કીર્તિ પટેલ રોકાઈ હતી તે હોટલમાં મહેમાન બની પોલીસ પણ રોકાઈ હતી. અને આખી રાત રેકી કરી હતી. બાદમાં સવારે કીર્તિ પટેલને પકડી જુનાગઢ લાવવામાં આવી હતી.

બાદ રવિવારે જુનાગઢ તાલુકા પોલીસે રૂ. ૨૦ લાખની ખાંડણી કેસમાં કીર્તિ પટેલને પાંચ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરી હતી. ત્યારે કોર્ટે કીર્તિ પટેલના એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. જે મુદત ગઈકાલે પૂર્ણ થતા કીર્તિ પટેલને જુનાગઢ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. ત્યારે કીર્તિ પટેલ દ્વારા જામીન અરજી રજૂ કરાઈ હતી, જે જામીન અરજી અંગે બંને પક્ષોની દલીલ સાંભળી કોર્ટે કીર્તિ પટેલના જામીન મંજૂર કર્યા હતા. જો કે, હજુ કીર્તિ પટેલ સામે ભવનાથ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ગુનામાં અટક સહિતની કાયદેસરની કાર્યવાહી કરવાની બાકી હોય ત્યારે આજે સવારે ૧૧ વાગ્યે ભવનાથ પોલીસ સ્ટેશનમાં કીર્તિ પટેલને હાજર થવા પણ હુકમ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# અમરેલીઃ અજમેરા કન્યા વિદ્યાલયમાં ભગવદ્ ગીતા પર પરિસંવાદ યોજાયો



**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સંસ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ અને એસ.એસ.અજમેરા કન્યા વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે સશક્ત યુવા અને ભગવદ્ ગીતા વિષય પર એક વિશેષ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. નવી પેઢીમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનું સિંચન કરવાના ઉમદા હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. આચાર્યા કંચનબેન બારૈયાએ તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું, જ્યારે શાળાના શિક્ષકોએ પુસ્તક અર્પણ કરી અતિથિ વિશેષોનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ડો. ભરતભાઈ કાનાબાર અને મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ રેખાબેન માવદીયા ખાસ હાજર રહ્યા હતા. રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અંગત મદદનીશ ભાવેશભાઈ ભાલીયાએ ટ્રસ્ટ દ્વારા ચાલતી વિવિધ સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. સુગમ સંગીતમાં રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવનાર શાળાની તેજસ્વી વિદ્યાર્થીની જીલ જોશીનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

# વાંકાનેરના ભરવાડપરામાં ૨૮ વર્ષીય પરિણીતાનું શંકાસ્પદ મોત

## સાસરિયા પક્ષે 'બીપી વધી ગયું' હોવાનું જણાવ્યું, જ્યારે પિયર પક્ષે ઝેરથી મોતની આશકા બતાવી, સત્ય જાણવા મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું

**અબતક રાજકોટ**

વાંકાનેર તાલુકાના ભરવાડપરા વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય પરિણીતાનું અચાનક બેભાન થઈ ગયા બાદ મોત નીપજતા ચકચાર મચી ગઈ છે. આ મામલે મૃતકના માવતર પક્ષે આક્ષેપો કરતા પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ભરવાડપરામાં રહેતા રૂપલબેન અવધભાઈ સરૈયા (ઉં.વ. ૨૮) ગઈકાલે સાંજે ૪:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા, ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક રૂપલબેનના પિયર પક્ષના લોકો (રહે. કોઠારીયા, જડેશ્વર) હોસ્પિટલ દોડી આવ્યા હતા. સાસરી પક્ષનું કહેવું છે કે રૂપલબેનનું બ્લડ પ્રેશર વધી ગયું હતું અને તેમને ઝાડા-ઉલટી થતા તબિયત લથડી હતી. બીજી તરફ, ભાઈએ આક્ષેપ કર્યો છે કે બહેનનું મૃત્યુ ઝેર પીવાથી થયું હોઈ શકે છે. સત્ય બહાર લાવવા માટે પરિવારે ફોરેન્સિક પોસ્ટમોર્ટમનું કહ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રૂપલબેન પાંચ બહેનો અને એક ભાઈના પરિવારમાં પાંચમાં નંબરે હતા અને મજૂરી કામ કરી પરિવારને મદદરૂપ થતા હતા.

આ બનાવથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઘટનાની જાણ થતા વાંકાનેર પોલીસે હોસ્પિટલ પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, મોતનું સાચું કારણ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે.

હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

# વીંછિયામાં જુગાર રમતા છ પત્તા પ્રેમી ઝડપાયાં

## રોકડ અને છ મોબાઈલ મળી રૂ.૧.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક રાજકોટ**

વિછીયામાં જુના શાક માર્કેટ પાસે જાહેરમાં જુગાર રમતા છ પત્તા પ્રેમીને વિછીયા પોલીસે ઝડપી લઈ,જુગારના પટમાંથી ૧૩ હજારની રોકડ અને છ મોબાઈલ મળી રૂ.૧.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વિછીયા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, જૂના શાક માર્કેટ પાસે જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે. વિછીયા પોલીસે જુગારનો દરોડો પાડી,જુગાર રમતા વિછીયાના જયદીપભાઈ બહાદુરભાઈ બોરિયા,લાલજી ગટુરભાઈ રાજપરા, યોગેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ ગોહિલ, વિજયભાઈ મનુભાઈ પાટડિયા, કરણ ધીરુભાઈ બારૈયા અને પારસ રમેશભાઈ રોજાસરા નામના શખ્સોને ઝડપી લઈ,જુગારના પટમાંથી ૧૩ હજારની રોકડ અને છ મોબાઈલ મળી રૂ.૧.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# અમરેલીઃ વીજ તંત્ર એક્શન મોડમાં! કાલે બાકી વીજ બિલના કલેક્શન માટે 'મેગા ડિસકનેક્શન ડ્રાઈવ'

## વીજ તંત્રના આકરા વલણથી બાકીદારોમાં ફફડાટ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડના અમરેલી વિભાગ દ્વારા બાકી વીજ બિલ ધરાવતા ગ્રાહકો સામે કડક કાર્યવાહીના સંકેત આપવામાં આવ્યા છે. કાલે ૨૫ ફેબ્રુ, ૨૦૨૬ બુધવારે સમગ્ર જિલ્લામાં મોટા પાયે વિજ જોડાણો કાપવા માટેની 'મેગા ડિસકનેક્શન ડ્રાઈવ' નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં ટીમો બનાવીને બાકીદારોના વિજ જોડાણો સ્થળ પર જ કાપવામાં આવશે.

પીજીવીસીએલ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ટીમો દ્વારા સ્થળ પર કોઈ પેમેન્ટ સ્વીકારવામાં આવશે નહીં. ગ્રાહકોએ અગાઉથી જ ઓનલાઈન અથવા કચેરીએ જઈને બિલ ભરી દેવાનું રહેશે. જો એકવાર પાવર કપાઈ જશે, તો ગ્રાહકે ફરી કનેક્શન મેળવવા માટે પૂરેપૂરું બિલ વત્તા રી-કનેક્શન ચાર્જ પણ ચૂકવવો પડશે.

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : www.rccbank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૪ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૮.૨૦૨૫ થી અમલમાં)
7.00% જનરલ ડિપોઝીટર માટે
7.50% વરીષ્ઠ નાગરીકો માટે
૧૦ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ
7.95 % વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

**મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કોર્ટ**
**મું. માંગરોળ જી. જુનાગઢ**
**-:: જાહેર નોટીસ ::-**

જન્મ-મરણ/નોંધણી/ કેસ રજી. નં. ૩૧/૨૦૨૬

(૧) શ્રી પરમાર રાજુ ધનજી
રહે. માંગરોળ તા. માંગરોળ જી. જુનાગઢ .................. અરજદાર

વિરૂદ્ધ

(૧) જન્મ-મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી
નગરપાલિકા, માંગરોળ તા. માંગરોળ, જી. જુનાગઢ.................. સામાવાળા

જન્મ મરણની નોંધણી અધિનિયીમ ૧૯૬૯ અંગેના જન્મ-મરણ નોંધણી (સુધારો) એકટ-૨૦૨૩ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, આ કામના અરજદારશ્રી પરમાર રાજુ ધનજીના પુત્ર રાજ રાજુભાઈ પરમાર નો જન્મ તા. ૦૧/૦૬/૨૦૧૩ ના રોજ માંગરોળ ગામે તેઓશ્રીના નિવાસ સ્થાને થયેલ હોય જેમની જન્મ નોંધ નગરપાલિકા કચેરી માંગરોળ તા. માંગરોળ જી. જુનાગઢમાં થયેલ ન હોય જન્મ-મરણ નોંધણી અધિકારી નગરપાલિકા કચેરી માંગરોળની કચેરીના રજીસ્ટરમાં નોંધ કરી આપવા અંગે અત્રેની કોર્ટમાં અરજદાર તરફથી અરજી કરવામાં આવેલ છે. આ અરજી અંગે કોઈપણ વ્યકિતને વાંધા યા તકરાર હોય તો તેણે જાતે અથવા તેના મુખત્યાર કે વકીલ મારફતે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં મામલતદાર કચેરી માંગરોળ ખાતે વાંધા અરજી સાથે રુબરુ હાજર રહેશો. જેમાં કસુર થયે કોઈ વ્યકિતને કોઈપણ પ્રકારનો વાંધો નથી તેવું માની આગળની ન્યાયિક કાર્યવાહી કરવામાં આવશે.

આજ તા. ૨૪-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકો કરી આપ્યો

સ્થળઃ- માંગરોળ
તારીખઃ ૨૪/૦૨/૨૦૨૬

(કોર્ટનો સિકકો)

મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ માંગરોળ

**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગોંડલ (તાલુકા)ની કોર્ટ સમક્ષ**
"તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોંડલ, તા. ગોંડલ, જી. રાજકોટ
ફોન નં. ૦૨૮૨૫-૨૨૦૦૯૩, ફેકસ નં. ૦૨૮૨૫-૨૪૦૪૯૩,
ઈ-મેઈલ : mam-gondal@gujarat.gov.in

જન્મ-મરણ કેસ નં.૫૯/૨૦૨૬

**જાહેર નોટીસ**

શ્રી સુલેમાનભાઈ ઈસ્માઈલભાઈ ડેલા ...........અરજદાર

વિરુધ્ધ

રજીસ્ટ્રારશ્રી,જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, હડમતાળા, તા.ગોંડલ, જી. રાજકોટ ...સામાવાળા

**વિષય : જન્મ/મરણ અધિ.૧૯૬૯ની કલમ ૧૩(૩)હેઠળની નોટીસ**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૮ ના રોજ હડમતાળા મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધ જે-તે વખતે સામાવાળાના જન્મ રજીસ્ટરે નોંધ થઈ શકેલ ન હોય, જેથી તેની નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજી કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધોતકરાર હોય, તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે **તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ૧૨/૦૦ કલાકે, મામલતદાર કચેરી, "તાલુકા સેવા સદન", ૨૧-સ્ટેશન પ્લોટ, ગોડલ (તાલુકા)** ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર / સામાવાળા જે કોઈ આધાર-પુરાવાઓ રજુ કરવા માંગતા હોય તો તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો. મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી. તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહ તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

(કોર્ટનો સિક્કો)

એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ગોંડલ (તાલુકા)

**મોરબી વન વિભાગ મોરબી**
**ટોયલેટ બ્લોક, સ્ટુડન્ટ પ્લેટફોર્મ, ટીચર પ્લેટફોર્મ અને પ્રિકાસ્ટ પ્રીસ્ટ્રેસ્ડ આરસીસીની કામગીરી**
**-:: જાહેર નિવિદા ::-**

મોરબી વન વિભાગ, મોરબીના કાર્યક્ષેત્ર હેઠળના મોરબી જિલ્લાની ચેર રેન્જ મોરબી હેઠળ સને ૨૦૨૫-૨૬ ની સાલે ટોયલેટ બ્લોક, સ્ટુડન્ટ પ્લેટફોર્મ, ટીચર પ્લેટફોર્મ અને પ્રિકાસ્ટ પ્રીસ્ટ્રેસ્ડ આરસીસીની કામગીરીના ભાવપત્રકો ઓનલાઇન ઇ-ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતી www.nprocure. com વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

- ઓનલાઇન ટેન્ડર બીડ ભરવાની છેલ્લી તા.૦૨/૦૩/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધીની રહેશે.

| અ નં | ટેન્ડર નોટીસ નંબર | ઈ-ટેન્ડર આઈ.ડી. નંબર | ટોયલેટ બ્લોક, સ્ટુડન્ટ પ્લેટફોર્મ, ટીચર પ્લેટફોર્મ અને પ્રિકાસ્ટ પ્રીસ્ટ્રેસ્ડ આરસીસી સ્થળની વિગત |
|---|---|---|---|
| ૧ | ૪૪/૨૦૨૫-૨૬ | ૨૭૮૬૨૦ | ચેર નર્સરી (ફડસર) |

નાયબ વન સંરક્ષક
મોરબી વન વિભાગ મોરબી

**સરનામુ :**
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
મોરબી વન વિભાગ,
અરૂણોદય મીલ રોડ,
મોરબી-૨ પીન નંબર-૩૬૩૬૪૨
ફોન નં. ૦૨૮૨૨-૨૪૧૬૧૧

માહિતી -રાજ-૧૮૪૮-૨૫-૨૬

# મહાપાલિકાની નવી બિલ્ડીંગની કામગીરી પૂરજોશમાં

## નવા કાર્યાલયમાં ૩૦ જેટલા વિભાગો સહિત પદાધિકારીઓ માટે ચેમ્બરની સુવિધાઓ થશે ઉપલબ્ધ

**અબતક, ઋષિ મહેતા,**

મોરબી મહાનગરપાલિકાની ગાંધી ચોક સ્થિત મુખ્ય કચેરીના નવનિર્માણની કામગીરી શરૂ કરવામાં આવી છે. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા અંદાજિત રૂ.૪.૪૨ કરોડના ખર્ચે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે. ત્યારે આધુનિક સુવિધાઓ સાથેનું નવું કાર્યાલય નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો લક્ષ્ય આપવામાં આવ્યો છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા મોરબી નગરપાલિકા અને આસપાસની ૯ ગ્રામ પંચાયતોને ભેળવી તા. ૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ મોરબી મહાનગરપાલિકાની રચના કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધી ચોક ખાતે આવેલ મુખ્ય ઓફિસ બિલ્ડિંગની કામગીરી પૂર્ણ કરવા માટે વહીવટી અને ટેકનિકલ તબક્કાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. તે અનુસંધાને હાલ ગાંધી ચોક સ્થિત મુખ્ય કાર્યાલયનું



નિર્માણ કામ પ્રગતિ હેઠળ છે. સમગ્ર પ્રોજેક્ટ માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા રૂ.૪.૪૨ કરોડના અંદાજિત ખર્ચ સાથે વર્ક ઓર્ડર મંજૂર કરવામાં આવ્યો છે. મહાનગરપાલિકાની બિલ્ડીંગ શાખાના નાયબ ઈજનેરની મોનિટરિંગ હેઠળ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે અને ગુણવત્તા સાથે સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. નિર્માણાધિન નવા કાર્યાલયમાં અંદાજિત ૩૦ જેટલા વિભાગોને સમાવી શકાય તેવી સુવ્યવસ્થિત ગોઠવણ કરવામાં આવશે. ઉપરાંત અધિકારીઓ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે બેઠક વ્યવસ્થા, મીટીંગ હોલ, સ્ટેન્ડિંગ હોલ તેમજ પદાધિકારીઓ માટે અલગ-અલગ ચેમ્બર સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે. મોરબી શહેરના નાગરિકોને એક જ સ્થળે તમામ નાગરિક સેવાઓ સુલભ અને સુવિધાસભર માહોલમાં મળી રહે તે હેતુસર આ કાર્ય ઝડપથી પૂર્ણ કરવામાં આવશે. પૂર્ણ થયા બાદ ગાંધી ચોક ખાતે મોરબી મહાનગરપાલિકાનું સંપૂર્ણ આધુનિક અને સુવિધાયુક્ત નવું કાર્યાલય નગરજનોને સમર્પિત કરવામાં આવશે.

# શહેરમાં પ્રદુષણ મુકત ૩૦ સીએનજી બસો દોડશે

## ખાનગી એજન્સીઓને સીએનજી બસનો કોન્ટ્રાકટ આપવા ટેન્ડર પ્રક્રિયા શરૂ

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારની ચીફ મિનિસ્ટર અર્બન બસ સર્વિસ યોજના હેઠળ ૩૦ સીએનજી આધારિત સિટી બસ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.

પ્રોજેક્ટ અમલમાં આવતા શહેરમાં જાહેર પરિવહન સુવિધા મજબૂત બનશે અને ટ્રાફિક તથા પ્રદૂષણમાં ઘટાડો થવાની આશા વ્યક્ત કરાઈ છે.

મોરબી શહેરમાં જાહેર પરિવહન વ્યવસ્થા મજબૂત બનાવવા મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. CMUBS યોજના હેઠળ



કુલ ૩૦ સીએનજી આધારિત આધુનિક સિટી બસો માટે ટેન્ડર લાઈવ કરવામાં આવ્યું છે. આ બસો શહેરના મુખ્ય માર્ગો, રહેણાંક વિસ્તારો, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક વિસ્તારો તેમજ વેપાર કેન્દ્રોને જોડતા વિવિધ રૂટ પર દોડાવવામાં આવશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ બસો નાગરિકોને સુરક્ષિત, સુવિધાજનક અને સમયબદ્ધ સેવા પૂરી પાડશે. પ્રોજેક્ટ અમલમાં આવવાથી ખાનગી વાહનો પરની નિર્ભરતા ઘટશે, ટ્રાફિકનો ભાર ઓછો થશે અને સીએનજી આધારિત હોવાને કારણે પ્રદૂષણમાં ઘટાડો થશે. વિદ્યાર્થીઓ, કામદારો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે આ સેવા ખાસ લાભદાયી સાબિત થશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિયમ મુજબ પસંદ કરાયેલી એજન્સી દ્વારા ટૂંક સમયમાં બસ સેવા શરૂ કરવામાં આવશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### મોરબી પ્રોક્સો કોર્ટનો ધાક બેસાડતો ચુકાદો

# વાંકાનેર: દુષ્કર્મના ગુનામાં મુખ્ય આરોપીને અંતિમ શ્વાસ અને છ મદદગારીને પાંચ વર્ષની કેદ

## નવ વર્ષ પહેલ લઘુશંકા કરવા ગયેલી સગીરાનું અપહરણ કરી ગોંધી રાખી હવસનો શિકાર બનાવી ગર્ભવતી બનાવી'તી

**અબતક, ઋષિ મહેતા**

વર્ષ ૨૦૧૬માં વાંકાનેર પંથકમાં ૧૫ વર્ષની સગીરાનું અપહરણ કરી વાડીમાં ખાડો ગાળી તેમાં ગોંધી રાખીને વારંવાર દુષ્કર્મ આચરનાર મુખ્ય આરોપીને કુદરતી આયુષ્ય સુધીની આજીવન સખત કેદ ફટકારવામાં આવી છે. જ્યારે અપહરણમાં મદદ કરનાર ૬ આરોપીઓને ૫ વર્ષની સખત કેદની સજા સંભળાવવામાં આવી છે.

આ ઉપરાંત પીડિતાને ચાર લાખ રૂપિયાનું વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.

વાંકાનેર પંથકમાં તા.૧૧/૧૧/૨૦૧૬ ના રોજ રાત્રે અઢી વાગ્યાના અરસામાં ૧૫ વર્ષની સગીરા પોતાના ઘરની બહાર શૌચક્રિયા માટે નીકળી હતી. તે દરમિયાન નરેશ ઉર્ફે મહેશ જયંતીભાઈ સોલંકી અને તેના સાગરીતોએ સગીરાનું મોઢું દબાવી અપહરણ કર્યું હતું. બાદમાં છકડા રિક્ષામાં બેસાડી વાડીમાં લઈ જઈ શેઢે ખાડો ખોદીને તેમાં સગીરાને ગોંધી દીધી હતી અને ઉપર પતરાં તથા ધૂળ ઢાંકી દીધી હતી. આ રીતે સગીરાને તા.૧૩/૧૨/૨૦૧૬ સુધી, એટલે કે એક મહિનાથી વધુ સમય સુધી ખાડામાં કેદ રાખવામાં આવી હતી. આ દરમિયાન મુખ્ય



આરોપી નરેશ ઉર્ફે મહેશે સગીરા સાથે વારંવાર બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું, જેના કારણે સગીરા ગર્ભવતી પણ બની હતી.

આ મામલે વાંકાનેર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધ્યો હતો અને તપાસ હાથ ધરવામાં આવી હતી.

અધિક સેશન્સ જજ કમલ રસીકલાલ પંડ્યાની કોર્ટમાં કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ એન.ડી. કારીયાએ તબીબી પુરાવા, ડી.એન.એ. રિપોર્ટ તેમજ ભોગ બનનારાની સ્પષ્ટ અને દ્રઢ જુબાની કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. તમામ પુરાવાઓને આધારે કોર્ટે મુખ્ય આરોપી નરેશ ઉર્ફે મહેશ જયંતીભાઈ સોલંકીને આજીવન સખત કેદ અને રૂ.૨૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો છે.

આ ઉપરાંત આરોપી હરેશ જયંતીભાઈ સોલંકી, જયંતીભાઈ મેરૂભાઈ સોલંકી, દેવકરણભાઈ મસાભાઈ સોલંકી, અવચરભાઈ રણછોડભાઈ સોલંકી, ચનાભાઈ રણછોડભાઈ સોલંકી અને કિશોરભાઈ જગદીશભાઈ સોલંકીને અપહરણમાં મદદ કરવા બદલ ૫ વર્ષની સખત કેદ અને રૂ.૫ હજાર દંડની સજા ફટકારવામાં આવી છે. આ કેસના આરોપી ચતુરભાઈ મેરૂભાઈ સોલંકીનું અવસાન થતાં તેમની સામેનો કેસ એબેટ કરવામાં આવ્યો હતો. પીડિતાને 'ગુજરાત વિક્ટિમ કમ્પેન્સેશન સ્કીમ' હેઠળ રૂ.૪ લાખનું વળતર ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.

# પટેલનગરમાં કારની અડફેટે અઢી વર્ષની બાળકીનું મોત

## શેરીમાં રમતી માસૂમ પર કારનું વ્હીલ ફરી વળ્યું, ચાલક સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના આલાપ રોડ પર આવેલા પટેલનગરમાં શેરીમાં રમતી અઢી વર્ષની બાળકી પર કાર ફરી વળતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મોરબીના આલાપ રોડ સ્થિત પટેલનગર વિસ્તારમાં રહેતા વાસુદેવભાઈ પોતાના એપાર્ટમેન્ટના પાર્કિંગમાં બેઠા હતા ત્યારે તેમની અઢી વર્ષની દીકરી ધનશ્રી શેરીમાં રમતી હતી.

આ દરમિયાન બલેનો કાર રજી.નં. જીજે-૩૬-એજે-૯૩૧૫ના ચાલક નિરવભાઈ



મહાદેવભાઈ ભોરણીયા રહે. જુના દેવળીયા તા. હળવદ વાળા કાર લઈને નીકળતા બાળકીને અડફેટે લીધી હતી. કારનું વ્હીલ બાળકીના શરીર પર ફરી વળતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ કાર ચાલક નિરવભાઈએ કાર ઉભી રાખી પોતાનું નામ જાહેર કર્યું હતું. ત્યારબાદ પિતા વાસુદેવભાઈ, પડોશી વિપુલભાઈ સાંણજા અને કાર ચાલક નિરવભાઈ બાળકીને સારવાર માટે મોરબીની ક્રિષ્ના હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. સારવાર દરમિયાન બાળકી બેભાન થઈ જતા ફરજ પરના તબીબે તપાસીને તેને મૃત જાહેર કરી હતી.

હાલ વાસુદેવભાઈ વડસોલાની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા કાર ચાલક નિરવભાઈ ભોરણીયા સામે બીએનએસ તથા એમવી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ૭૬ બાકીદારોની મિલકતો સીલ: નોટિસ ઈશ્યુ કરાઈ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાની મિલકતવેરા શાખાએ વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી ઉઘરાણા માટે કડક કાર્યવાહી હાથ ધરી છે. અત્યાર સુધી ૩૭૬ બાકીદારોના વોરંટ ઈસ્યુ કરી ૭૬ મિલકતો સીલ કરવામાં આવી છે અને ૨ રહેણાંક મિલકતના નળ કનેક્શન કપાયા છે. આ સાથે મનપા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, તા.૩૧ માર્ચ સુધી દર શનિવારે વેરા વસુલાત ચાલુ રહેશે.

મોરબી મહાનગરપાલિકાના હદવિસ્તારમાં બાકી રહેલા મિલકતવેરા વસુલવા મિલકતવેરા શાખા દ્વારા વોરંટ બજવણી અને સીલિંગની કામગીરી હાથ ધરાઈ છે. કુલ ૩૭૬ બાકીદારોને નોટિસ આપવામાં આવી છે. કાર્યવાહી દરમિયાન શહેર વિસ્તારમાંથી અંદાજે રૂ.૨૫.૭૫ કરોડ અને કલસ્ટર/ગ્રામ્ય વિસ્તારમાંથી રૂ.૨.૪૫ કરોડની વસુલાત થઈ છે. ૧૮ બાકીદારો દ્વારા રકમ ભરાતા તેમની મિલકતોના સીલ ખોલવામાં આવ્યા છે, જ્યારે હાલ ૫૮ મિલકતો સીલ છે. વેરો ન ભરનાર ૨ રહેણાંક મિલકતના નળ કનેક્શન કપાયા છે. રૂ.૧૦ હજારથી વધુ બાકી ધરાવતા



રહેણાંક મિલકતધારકો સામે આગામી સમયમાં નળ અને ડ્રેનેજ કનેકશન કાપવાની કાર્યવાહી થશે.

આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી આ અભિયાન દરમિયાન દર શનિવારે સિલિંગ પ્રક્રિયા યથાવત રહેશે. નાગરિકો મુખ્ય કચેરી, ૧૧ કલસ્ટર ઓફિસો, પીઓએસ મશીન તેમજ સત્તાવાર વેબસાઈટ અને મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન ટેક્સ ભરપાઈ કરી શકે છે.

# માળીયા(મી)ના સરવડ ગામે રહેણાંકમાં જુગારના અખાડા ઉપર દરોડો

## ત્રણ પકડાયા, સાતે મુઠીયું વાળી

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી) પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે સરવડ ગામે રહેણાંક મકાનમાં જુગારના અખાડા ઉપર રેઈડ કરી મકાન-માલીક સહિત ત્રણ જુગારીની અટક કરી હતી. ૭ શખ્સો હાથતાળી દઈને નાસી છૂટયા હતા. રૂ.૧૦ હજારથી વધુની રકમ કબ્જે કરી છે.

સરવડ ગામે ગોવિંદ મુછડીયાના મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડો પાડયો હતો જુગાર રમતા ગોવીંદભાઈ ભનાભાઈ મુછડીયા, દાઉદભાઈ અસ્માલભાઈ કુકડ તથા અરવીંદ ઉર્ફે કારૂ નાનજીભાઈ સરડવા રોકડા રૂ.૧૦,૦૨૦/- સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે નાસી ભાગી ગયેલ આરોપી પુનીતભાઈ પ્રભુભાઈ સરડવા, ધનજીભાઈ દેવજીભાઈ સરડવા, કનુભાઈ હરીભાઈ મૂછડીયા, કારૂભાઈ ભગાભાઈ મુછડીયા, અશોકભાઈ રતીભાઈ મોરડીયા, સુલ્તાનભાઈ સુમારભાઈ જેડા તથા સુખદેવભાઈ ગજુભાઈ પરમાર તમામ રહે.સરવડ ગામ તા.માળીયા(મી) વાળાને ફરાર દર્શાવી કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધી, નાસી ગયેલ તમામની અટક કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સસ્તા અનાજની દુકાનના સંચાલક સહિત બે વ્યક્તિના બાયોમેટ્રિક મંજુર કરવા ગ્રાહક સુરક્ષા મંડળની માંગ

## અન્ન પુરવઠા મંત્રીને પુરવઠા વ્યવસ્થા સરળ બનાવવા કરી લેખીત રજુઆત

**અબતક, ઋષિ મહેતા**

પંડિત દિનદયાલ સસ્તા અનાજ દુકાનોમાં એકના બદલે બે વ્યક્તિના બાયોમેટ્રિક મંજૂર કરવા જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતાએ અન્ન અને પુરવઠા વિભાગના રાજયમંત્રી રમણભાઈ સોલંકીને લેખિત રજૂઆત કરી છે. આ સાથે ડીપો સંચાલકોના કમિશન મુદ્દે યોગ્ય નિર્ણય લેવા પણ માંગ કરવામાં આવી છે.સરકારની પંડિત દિનદયાલ સસ્તા અનાજ યોજના હેઠળ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો સુધી સસ્તા દરે અનાજ પહોંચાડવામાં આવે છે. હાલની



પદ્ધતિ મુજબ ડીપોના સંચાલકનો બાયોમેટ્રિક અંગુઠો માર્યા બાદ જ ગ્રાહકને અનાજ આપવામાં આવે છે. પરંતુ અનેકવાર લાઈટની સમસ્યા, કોમ્પ્યુટર ખામી અથવા સંચાલકના વ્યકિતગત પ્રસંગને કારણે તેઓ હાજર રહી શકતા નથી. આવી સ્થિતિમાં ગ્રાહકોને લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે અને વારંવાર ચક્કર લગાવવા પડે છે. જેના કારણે યોજના પ્રત્યે અસંતોષ ઊભો થાય છે.

આ સાથે મંડળ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે કે સંચાલક ઉપરાંત એક સહાયક (આસિસ્ટન્ટ)નો પણ બાયોમેટ્રિક સિસ્ટમમાં સમાવેશ કરવામાં આવે, જેથી બેમાંથી કોઈ એકની હાજરીમાં અનાજ વિતરણ થઈ શકે. આથી સરકારને કોઈ નાણાકીય નુકસાન થતું નથી, પરંતુ પ્રજાને સમયસર અનાજ મળી રહે તેવી સગવડતા વધે છે.

# ભક્તિનગરમાં બે બાઈકમાં આગ ચાંપી

## સીસીટીવી ફૂટેજના આધારે બે શખ્સ સહિત ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી-૨ વિસ્તારમાં આવેલ ભક્તિનગર સોસાયટીમાં શેરી નં.૨ માં એક વેપારીના ઘર આગળ પાર્ક કરેલ બે મોટર સાયકલ ઉપર અજાણ્યા શખ્સોએ પેટ્રોલ છાંટી સળગાવી દીધા હતા. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે બે નામજોગ અને એક અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં ભક્તીનગર સોસાયટી શેરી નં.૨ માં રહેતા ભાવેશભાઈ મોહન થારેચા વાળાના ઘરની ગત તા.૧૧ ફેબ્રુઆરીના વહેલી સવારે પોણા ચાર વાગ્યાના અરસામાં તેમના ઘર બહાર રાખેલ એક્ટિવા રજી. નં. જીજે-૩૬-એઈ-૬૪૪૪ અને મોટર સાયકલ રજી.નં. જીજે-૩૬-ક્યુ-૨૨૩૭ સળગી ગયેલી હાલતમાં જોવા મળ્યા હતા. ત્યારે સ્થળ પરથી પેટ્રોલની વાસ આવતી પાણીની બોટલ મળી આવતા કોઈએ ઈરાદાપૂર્વક વાહનો સળગાવ્યા હોવાની આશંકાએ આસપાસના વિસ્તારમાં લગાવેલા સીસીટીવી ફૂટેજ ચકાસતા બનાવના સમયે મિલિટ્રી કલરનું બુલેટ મોટરસાયકલ રજી.નં. જીજે-૨૭-સીએસ-૪૧૯૭ ઉપર ત્રણ શખ્સ સવાર થઈ ઘર તરફ આવતા દેખાયા હતા.

ફૂટેજના આધારે બુલેટ ચલાવનાર આરોપી નિકુંજભાઈ જાની રહે.શિવરાજપુર તા.જસદણ અને પાછળ બેઠેલો આરોપી ડોડીયા સુજલ રહે.જસદણ તા.જી.રાજકોટ હોવાની ઓળખ થઈ હતી, જ્યારે ત્રીજો શખ્સ અજાણ્યો હોવાનું જણાવાયું છે. આરોપીઓ પાણીની બોટલમાં પેટ્રોલ લઈને આવી બંને વાહનો ઉપર છાંટી આગ લગાવી ફરિયાદીને આશરે રૂ.૧,૧૦,૦૦૦/- નું નુકસાન કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ બી ડિવિઝન પોલીસે આ મામલે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# સોની યુવાનની હત્યાના વિરોધમાં દ્વારકા સોની સમાજ દ્વારા સ્વયંભૂ બંધ પાળ્યો



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

આજથી બે દિવસ પહેલા મોરબી ખાતે સોની યુવાનની થયેલ નિર્મમ હત્યાના વિરોધમાં દ્વારકાના સમસ્ત પરજીયા સોની સમાજના બંધુઓએ અડધો દિવસ ધંધા રોજગાર બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. આવા બનાવો ભવિષ્યમાં ન બને તે માટે સોની સમાજમાં એકતા જાળવવા સંગઠિત સૌ સોની ભાઈઓએ અપીલ કરી હતી.

# સબ જેલમાં બંદિવાનો માટે કેન્ટીનનું ઉદઘાટન

## બંદિવાનોએ ત્રણ કલાકમાં જ ૪ હજારની કરી ખરીદી



**અબતક, ઋષિ મહેતા**

મોરબી સબજેલ બન્યા બાદ અહીં ઘણી મૂળભૂત સુવિધાઓનો અભાવ રહ્યો હતો. દિવસે દિવસે બંદીવાન ભાઈ-બહેનોને પડતી મુશ્કેલીઓને દૂર કરવા જેલ પ્રશાસન દ્વારા પ્રયત્નો હાથ ધરાયા હતા.

આ પ્રયત્નોના પરિણામે હવે સબજેલમાં નિયમોનુસાર કેન્ટિનની સુવિધા શરૂ કરવામાં આવી છે. જેલ ઈન્ચાર્જ અધિક્ષક એચ. એ. બાબરિયાની જહેમત બાદ શરૂ કરાયેલી આ કેન્ટિનમાં બંદીવાનો કૂપન પદ્ધતિથી જીવન જરૂરીયાતની નાની-મોટી વસ્તુઓ ખરીદી શકશે. જેમાં નહાવાના સાબુ, કપડા ધોવાના સાબુ, શેમ્પૂ, વિવિધ પ્રકારના બિસ્કિટ, વેફર્સ, ચવાણું, આઈસ્ક્રીમ, કુલ્ફી, કોલ્ડ્રીંકસ સહિત જેલમાં પ્રતિબંધિત ન હોય તેવી તમામ જરૂરી ચીજવસ્તુઓનો સમાવેશ થાય છે.

આ વસ્તુઓ બહારના ભાવસર જ જેલમાં ઉપલબ્ધ રહેશે. ખાસ કરીને બહારગામના બંદીવાનોને હવે કોઈ વસ્તુ માટે પરિવારજનોને ધક્કા ખવડાવવાની જરૂર નહીં રહે. કૂપન સિસ્ટમ દ્વારા તેઓ જરૂર મુજબ ગમે ત્યારે જરૂરી ચીજવસ્તુ મેળવી શકશે.

હાલ મોરબી સબજેલમાં ૩૩૭ ભાઈઓ અને ૧૩ બહેનો મળી કુલ ૩૫૦ બંદીવાનો છે. તેમના પરિવારજનો મોરબી સબજેલ ખાતે મની ઓર્ડર દ્વારા રૂપિયા જમા કરાવી એડવાન્સમાં કૂપન મેળવી શકશે. અત્યાર સુધીમાં કુલ રૂ.૪૫ હજારના કૂપન લેવામાં આવ્યા છે અને કેન્ટિનના લોકાર્પણના માત્ર ત્રણ કલાકમાં જ રૂ.૪ હજારની ચીજવસ્તુઓનું વેચાણ થયું હોવાનું જાણવા મળ્યું છે. આ કેન્ટિનનું લોકાર્પણ આજે ઈન્ચાર્જ અધિક્ષક એચ. એ. બાબરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

# વાંકાનેરના જોધપર ગામે દંપતી સહિત પર ચારનો પાડોશી પર હુમલો

## દીકરાઓની હેરાનગતિ બાબતે કહેતા પાડોશી બે ભાઈ પરિવાર ઉપર તૂટી પડ્યા

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના જોધપર ગામે દીકરાને હેરાન કરવામાં આવતા હોવાના મુદ્દે પાડોશીને વાત કરતા, પાડોશી બે ભાઈ લાકડીઓ લઈને આવી પાડોશી પરિવાર ઉપર હુમલો કરતા ચાર લોકોને ફ્રેકચર જેવી ઈજાઓ પહોંચી હતી.

વાંકાનેર તાલુકાના જોધપર ગામે ગત તા.૨૧/૦૨ના રાત્રે પાડોશી પરિવાર ઉપર હિંસક હુમલો થયો હતો.

આ મામલે રીઝવાનભાઈ માહમદભાઈ શેરશીયાએ આરોપી અબ્દુલભાઈ હુસેનભાઈ શેરશીયા અને મકબુલભાઈ હુસેનભાઈ શેરશીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ઉપરોક્ત બન્ને આરોપીઓના દીકરાઓ ફરીયાદીના દીકરાને અવારનવાર હેરાન કરતા હતા.

આ મુદ્દે આરોપીઓ સાથે વાતચીત કર્યા બાદ રાત્રે ફરીયાદી ઘરે પરત આવ્યા ત્યારે બંને આરોપીઓ લાકડીઓ લઈને ફરીયાદીના ઘરે પહોંચી આતંક મચાવ્યો હતો.

જેમાં આરોપીઓએ ફરીયાદીના પિતાને ધક્કો મારી પાડી દેતા તેમને ઈજા પહોંચી હતી,

ફરીયાદીના હાથ પર લાકડી મારી ફ્રેક્ચર જેવી ઈજા જ્યારે ફરિયાદીના માતા તથા પત્નીને પણ લાકડી તેમજ ધક્કા મારી પાડી દીને ઈજાઓ પહોચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપીને બન્ને આરોપીઓ ચાલ્યા ગયા હતા.

# ધ્રાંગધ્રા નજીક રીક્ષા અને બાઈક વચ્ચે અકસ્માતમાં ચાર ઘવાયા

## સ્થાનિક હોસ્પિટલમાં કોઈ સર્જન નહોવાથી ઈજાગ્રસ્તોને રીફર કરાયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા કુડા રોડ પર રીક્ષા અને મોટર સાયકલ વચ્ચે ગંભીર અકસ્માત સજાયો જેમાં રીક્ષા ચાલક સહીત ચાર લોકો ને ગંભીર ઈજાગ્રસ્ત તથા તત્કાલિક ધ્રાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકો જિલ્લાનું મહત્વનું સેન્ટર છે અહીં છાશવારે અકસ્માતો જોવા મળતાં હોય છે ત્યારે ધાંગધ્રા કુડા રોડ પર રીક્ષા એ મોટરસાયકલને ટક્કર મારતા અકસ્માત સજાયો હતો રીક્ષા ચાલક સહિત ચાર લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ મારફતે ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જેમાં ધ્રાંગધ્રા તાલુકા પોલીસ ને જાણ કરવામાં આવી હતી અને હાજર તબિયત દ્વારા પાટા બાંધીને વધુ સારવાર માટે સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા ત્યારે ધાંગધ્રા ની સરકારી હોસ્પિટલમાં કોઈપણ અકસ્મતો ના કેસ આવતા હોય છે ત્યારે કોઈ સર્જન ડોક્ટર કે ઓથોપેડિક ન હોવાના કારણે પેશન્ટને રીફર કરવામાં આવે છે ત્યારે સરકાર દ્વારા ધાંગધ્રા ની સરકારી હોસ્પિટલમાં કોઈ સારા ડોક્ટરો ની નિમણુક કરવામાં આવે તેવી તેવી લોક માંગ ઉઠી છે

# પ્રાંતિજ નજીક કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે એક પકડાયો

## એલ.સી.બી.એ દરોડો પાડી રૂ.૩.૬૯ લાખનો મુદ્દામાલ જપ્ત કબજે કર્યો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના પ્રાંતિજ તાલુકાના રસુલપુર પાસેથી કારમાંથી ગુપ્ત ખાનામાં છુપાવેલી રૂ.૧,૬૯,૪૨૮ ની કિંમતની ૨૬૦ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો પોલીસે કાર ચાલકની ધરપકડ કરી કુલ રૂ.૩,૬૯,૪૨૮ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ અંગે એલ.સી.બી ના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ એલ.સી.બી ટીમ પ્રાંતિજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન સ્ટાફના માણસોને મળેલી બાતમીના આધારે હિંમતનગરથી અમદાવાદ હાઈવે રોડ પર દર્શન હોટલ નજીક રસુલપુર પાટિયા પાસે રોડ પર વોચ ગોઠવી નાકાબંધી કરવામાં આવી હતી જે બાતમી મુજબની એક રેનોલ્ટ ડસ્ટર ગાડી હિંમતનગર તરફથી



આવતા તેને રોકવામાં આવી હતી ગાડીના ચાલકની પૂછપરછ કરી ગાડીની તપાસ કરતા પાછળના ભાગે ડીકીમાં બનાવેલા ચોર ખાનામાંથી ગાડીના તમામ દરવાજાની અંદરથી અને એન્જિનના આગળના ભાગે બોનેટ નીચેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની છૂટી બોટલો મળી આવી હતી પોલીસે રૂ.૧,૬૯,૪૨૮ નો દારૂ અને કાર સહિત કુલ રૂ.૩,૬૯,૪૨૮ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો

પકડાયેલા આરોપીનું નામ રોડસિંહ દલપતસિંહ રાઠોડ (ઉંમર ૩૭) છે તે હાલ અમદાવાદના દસક્રોઈ તાલુકાના કઠવાડા ખાતે એ/૩૦૩ સાકમરાજ રેસીડેન્સી, સિંગરવા કઠવાડા રોડ, સફલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીઝ પાસે રહે છે તેનું મૂળ વતન રાજસ્થાનના સલુમ્બર જિલ્લાના સરાડા તાલુકાનું મીદોડા ગામ છે .

# અહીં રહેવું હોય તો અઠવાડિયે બે હજાર આપવા પડશે: શ્રમિકને માર મારી ધમકી

## ભાયાવદરના સેવંત્રા ગામનો બનાવ: હું કહું ત્યાં પાણીની પાઈપ લાઈન નાખી દો કહી ચાર શખ્સોની દાદાગીરી

**અબતક, રાજકોટ**

ભાયાવદરમાં રહી રોડ કન્સ્ટ્રકશનમાં મજૂરી કરતા શ્રમિકને ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી ગામમાં રહી મજૂરી કરવી હોય તો અઠવાડિયે રૂ. ૨ હજાર આપવા પડશે નહીંતર જાનથી મારી નાખીશું તેવી ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ભાયાવદર પોલિસ મથકમાં ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના જાંબુઆના વતની અને હાલ ભાયાવદરમાં રહી મજૂરી કરતો ૨૭ વર્ષીય યુવાન કમાભાઈ શોભાભાઈ મેડાએ ભાયાવદર પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઉપલેટાના અશોક ડાંગર, કાળુ ડાંગર અને બે અજાણ્યા શખ્સનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું છેલ્લા દોઢ માસથી ભાયાવદર ખાતે રહી રાજકોટના વિશ્વજીતસિંહ જાડેજા સાથે કંટ્રકશનમાં મજુરી કામ કરૂ છુ. વિશ્વજીતસિંહે સેવંત્રા ગામે રોડનું કામ રાખેલ છે.

શ્રમિક યુવાને જણાવ્યું હતું કે, ગઈ તા.૨૨/૦૨/૨૦૨૬ સાંજના આઠ વાગ્યાની આસપાસ હું સેવંત્રા ગામે અમારા ઝુંપડા ખાતે હાજર હતો. ત્યારે સેવંત્રા ગામના અશોકભાઈ ડાંગર તથા કાળુભાઈ ડાંગર મારી પાસે આવેલ હતા. અશોકભાઈએ કહેલ કે, આ ખોદકામ કરેલ છે ત્યાથી માટી ખેંચી લ્યો અને હું કહુ ત્યા પાણીની પાઈપ લાઈન મારા માટે નાખી દો. જેથી મે તેને કહેલ કે અમારા શેઠ કહે તો કરી દઈએ. જે બાદ ઉશ્કેરાઈ બંને શખ્સસો ગાળો આપવા લાગેલ હતા. જેથી મે ગાળો આપવાની ના પાડતા બન્ને વ્યકતીએ મને ઢીકાપાટુનો માર મારેલ હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી કહ્યું હતું કે, જો તારે અમારા ગામમાં કામ કરવું હોય તો અઠવાડીયે ૨૦૦૦ હજાર રૂપિયા આપવા પડશે, નહિતર જીવતા નહિ રહો અને પૈસા ન આપવા હોય તો બધા આ ગામ છોડીને જતા રહો તેમ કહી જતા રહેલ હતા.

જે બનાવ અંગે મેં શેઠ વિશ્વજીતસિંહને ફોન કરી જાણ કરી હતી. બાદમાં ગત તા.૨૩-૦૨ ના રોજ બપોરના બારેક વાગ્યાની આસપાસ હું અશોક ડાંગરના ઘર પાસે રોડ ઉપર કામ ચાલુ હતું ત્યા મજૂરી કરતો હતો. ત્યારે અશોક ડાંગર, કાળુ ડાંગર તથા બીજા બે અજાણ્યા શખ્સો આવેલ હતા. અશોકએ તેની વાડીમાં પાણીની લાઇનનું કામ ચાલુ હોઈ તે માટી ખેચી લેવા કહેલ જેથી મે કહેલ કે, મારા શેઠે બીજાનું કામ કરવાની ના પાડેલ છે. બાદ તેઓ મને ગાળો આપી જતાં રહેલ હતા. બાદ અમારા શેઠ વિશ્વજીતસિંહ તથા સુપરવાઈઝર મહિપાલસિંહ જાડેજા બન્ને બપોરે બે વાગ્યાની આસપાસ સાઈટ ખાતે આવેલ હતા. ત્યારે અશોક ડાંગર સહીત ચારેય શખ્સો ફરી ધસી આંબેલ હતા અને સુપરવાઈઝર મહિપાલસિંહ સાથે બોલાચાલી કરી ઢીકાપાટુનો માર મારીને જતા રહેલ હતા. જતા જતા ફરીવાર ધમકી આપેલ કે, અઠવાડીયે રૂ.૨૦૦૦ આપવા પડશે નહિતર આજે સાંજ થાય ત્યા તારૂ ઝુંપડુ ઉપાડી લેજે અને ગામ છોડીને જતો રહેજે, નહિતર જીવતો રેવા દેશુ નહિ. બનાવ અંગે શ્રમિક યુવાનની ફરિયાદ પરથી ભાયાવદર પોલિસની ટીમે ચારેય શખ્સો વિરુદ્ધ બીએનએસની કલમ ૧૧૫(૨), ૩૦૮(૪),૩૫૨,૩૫૧(૩), ૩(૫) હેઠળ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ હાથ ધરી હતી.

## રોડ કન્સ્ટ્રકશનના મજુરને ખૂનની ધમકી આપી, સુપરવાઈઝર સાથે પણ મારકૂટ કરી: ભાયાવદર પોલીસે ગુનો નોંધ્યો

# લોધિકાના પારડીમાં મામાના ઘરે બાળકનું પાણીના ટાંકામાં પડી જતાં મોત

## ત્રણ વર્ષનો માસૂમ ગુમ બાદ શોધખોળ કરતા ઘર પાસે પાણીના ટાંકામાંથી મૃત હાલતમાં મળ્યો!

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના પારડી ગામે મામાના ઘરે રહેતા ત્રણ વર્ષના માસૂમ બાળકનું ઘર પાસેના ખાલી પ્લોટમાં રમતા-રમતા પાણીના ટાંકામાં પડી જવાથી મોત નીપજ્યું છે. પરિવારનો એકનો એક લાડકવાયો પુત્ર ગુમાવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ચોટીલાના ભેઠુડા ગામમાં રહેતા પ્રભાતભાઈ લાખાભાઈ પરમારના પત્ની છેલ્લા આઠ મહિનાથી રિસામણે હોવાથી પોતાના પિયર પારડી ગામે રહેતા હતા. તેમની સાથે તેમનો ૩ વર્ષનો પુત્ર આયુષ પ્રભાતભાઈ પરમાર પણ મામાના ઘરે જ હતો. ગઈકાલે સાંજે ૫ વાગ્યાની આસપાસ આયુષ ઘરની પાસે આવેલા ખાલી પ્લોટમાં રમી રહ્યો હતો. રમતા-રમતા તે અચાનક પ્લોટમાં આવેલા પાણીના ટાંકામાં પડી ગયો હતો. બાળક લાંબો સમય ન દેખાતા પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આયુષ પ્લોટના ટાંકામાંથી મળી આવતા તેને તાત્કાલિક સારવાર માટે શાપર હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક આયુષ પ્રભાતભાઈનો એકનો એક પુત્ર હતો. પિતા પ્રભાતભાઈ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. આઠ મહિનાથી માવતરે રહેતા પુત્રના મોતના સમાચાર મળતા જ પિતા અને મોસાળ પક્ષમાં શોક વ્યાપી ગયો છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# ગોંડલ મામલતદાર કચેરીના કર્મચારી તરીકે રોફ જમાવતો શખ્સ ડમડમ હાલતમાં ઝડપાયો

## નાના મહીકા ગામના દિવ્યેશ પોપટાણી નામના શખ્સ વિરૂધ્ધ કાર્યવાહી

**અબતક**
**હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ શહેરના ગુંદાળા રોડ પરથી નશાની હાલતમાં શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. પકડાયેલ શખ્સ પોતે મામલતદાર કચેરીના પુરવઠા વિભાગમાં હોવાનું રટણ કરી પોલીસ અને લોકો સમક્ષ રોફ ઝાડી રહ્યો હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

મળતી માહિતી મુજબ, ગોંડલ બી-ડિવિઝન પોલીસની ટીમ જ્યારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે ગુંદાળા રોડ પર તેજસ સેલ્સ એજન્સી પાસે શખ્સ શંકાસ્પદ અને લથડિયા ખાતી હાલતમાં જોવા મળ્યો હતો. પોલીસે તપાસ કરતા આ શખ્સ દારૂના નશામાં હોવાનું જણાયું હતું



ગોંડલ મામલતદાર કચેરીના પુરવઠા વિભાગમાં ફરજ બજાવે છે. એટલું જ નહીં, પોતાની વગ બતાવવા માટે તેણે અનેક ઉચ્ચ અધિકારીઓના નામ પણ વટાવ્યા હતા. પોલીસ તપાસમાં પકડાયેલ શખ્સનું નામ દિવ્યેશભાઈ નીતીનભાઈ પોપટાણી (ઉં.વ. ૨૫, રહે. મહીકા નાના, તા. ગોંડલ) હોવાનું સામે આવ્યું છે.

# જેતપુરમાં વેપારી યુવાન પર પૂર્વ પ્રેમિકા સહીતની ટોળકીનો કાતર વડે હુમલો

## અન્ય યુવક સાથે સંબંધ ધરાવતી મહિલા વેપારી યુવાનના નામનું ટેટુ કરાવી બદનામ કરતી હોવાનો આક્ષેપ: પૂછા કરવા જતાં ટોળકી તૂટી પડી

**અબતક, રાજકોટ**

જેતપુરમાં વેપારી યુવાન પર પૂર્વ પ્રેમિકા સહીત ત્રણ શખ્સોએ કાતર વડે હુમલો કર્યો હતો. પૂર્વ પ્રેમિકા યુવાનના નામનું ટેટુ કરાવી તેના વિશે ખોટી વાત કરતી હોય અને પોતે અન્ય યુવક સાથે સંબંધ ધરાવતી હોય તે બાબતે પૂછવા જતાં યુવક પર પ્રેમિકા, તેનો મિત્ર અને પુત્રી તૂટી પડ્યા હતા. જે મામલે જેતપુર સીટી પોલિસ મથકમાં બે મહિલાઓ સહીત ત્રણ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુરમાં બાપુની વાડીની બાજુમાં રહેતા ૩૮ વર્ષીય વેપારી હરશ્યામભાઈ વલ્લભભાઈ ઠુંમરે આરોપી તરીકે હેતલ રવજીભાઈ મેસીયા, વૃંજા મેસીયા અને અજાણ્યા શખ્સનું નામ આપતાં જેતપુર સીટી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૯ થી મારે હેતલ રવજીભાઈ મેસીયા (રહે. જેતપુર, અમરનગર રોડ, કદમ કોમ્પલેક્ષ) સાથે પ્રેમ સબંધ હોય મે હેતલને કદમ કોમ્પલેક્ષમાં આવેલ ફ્લેટ નં.૧૦૨ લેવા માટે રોકડા રૂપીયા આપેલ હતા. હું હેતલની મરજી અને રાજીખુશીથી તેના ઘરે અવાર નવાર મળવા માટે જતો હતો. બાદ હેતલને કોઈ અન્ય વ્યક્તિ સાથે સંબંધ હોવાની વાત મને જાણમાં આવતા છેલ્લા દસેક મહિનાથી મે તેની સાથે બોલવા ચાલવાનુ બંધ કરી દીધેલ હતુ. તેમ છતાં હેતલે મને બદનામ કરવા તેના છાતીના ભાગે અંગ્રેજીમાં મારૂ નામ ત્રોફાવ્યુ હતું. તથા ડોકની પાછળ 'જયશ્રીવલ્લભ' હિન્દીમાં લખાવેલ હતું. તેણી તેના બ્યુટીપાર્લરમાં આવતા ગ્રાહકોને મારા નામનું ટેટુ બતાવી મારી ખરાબ વાતો કરતી હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગત તા.૨૩-૦૨ ના રોજ બપોરના સાડા ત્રણેક વાગ્યે મને ખબર પડી કે, તેના ઘરે તેનો બોયફ્રેન્ડ જીજે-૦૩-પીડી-૭૯૫૦ ગાડી લઈને તેને મળવા માટે આવેલ છે. જેથી મેં હેતલના ભાઈ ડીંકન મેસીયાને ફોન કરી તેની બહેન કેમ મારી ખોટી વાત ઉડાડે છે અને તમારી બહેનને બીજા સાથે અફેર છે, તેને મળવા માટે તેનો બોઈફ્રેન્ડ આવેલ છે તેવી વાત કરેલ હતી. બાદ હેતલ મારી ખોટી વાતો ઉડાવતી હોય તેને ખોટી સાબિત કરવા હું કદમ કોમ્પલેક્ષ નીચે ઉભો રહેલ હતો. જે વાતની હેતલને ખબર પડતા તે તથા તેની દિકરી વૃંજા તથા એક કાળા કલરનો શર્ટ પહેરેલ વ્યક્તિ કોમ્પ્લેક્ષના ગેટ પાસે નીચે આવી મને કહેવા લાગેલ કે, તું નીચે કેમ ઉભો છો? જેથી મે તેને કહેલ કે તુ મારા નામના ટેટુ કરાવી મને બદનામ કેમ કરે છે? જેથી હેતલે મને કહેલ કે તુ મને રૂપીયા આપ. બાદ જાહેરમાં મને ગાળો આપવા લાગેલ હતી. જેથી મેં તેને ગાળો આપવાની ના પાડતા હેતલ અને તેનો મિત્ર હાથાપાઈ કરવા લાગેલ હતા. દરમિયાન હેતલના મિત્રએ મને પાછળના ભાગેથી પકડી રાખેલ અને હેતલ તથા વૃંજા બંનેએ વારાફરથી તેની પાસેથી રહેલ કાતર જેવા કોઈ તીક્ષણ હથિયારથી મને ડાબા કાન પાસે તથા વાસાના પાછળના ભાગે ઘા ઝીંકી દીધા હતા. બાદમાં મને મુઢ માર મારેલ હતો. દરમીયાન રાડા રાડી થતા આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલ અને મને વધુ મારમાથી બચાવેલ હતો. બાદ મને લોહી નિકળતુ હોય જેથી હું સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ થયેલ હતો. બનાવ અંગે યુવાને ફરિયાદ આપતાં જેતપુર સીટી પોલિસે બે મહિલાઓ સહીત ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

# સામખીયાળી નજીક દારૂ બિયરના જથ્થા સાથે બે ઝડપાયા

**અબતક**
**ભારતી માખીજાણી, ગાંધીધામ**



પૂર્વ કચ્છ એસપી સાગર બાગમારની સૂચના હેઠળ એલ.સી.બી. પીઆઈ એન.એન. ચુડાસમાની ટીમે સામખીયારી-ભચાઉ હાઈવે પર 'દેશી તડકા હોટલ એન્ડ ગેસ્ટ હાઉસ'માં દરોડો પાડ્યો હતો. બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં હોટલમાંથી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન સહિત કુલ ₹૮૫,૬૦૦નો દારૂ ઝડપાયો છે. પોલીસે સ્થળ પરથી ઝારખંડના છોટુકુમાર વિનોદ સાવ અને પંજાબના અમિતપાલસીંગ જગતારસીંગ નામના બે શખ્સોની ધરપકડ કરી છે, જ્યારે હોટલ માલિક દોજી પંજાબીને પકડવાનો બાકી હોવાનું પોલીસે જણાવ્યું છે. દારૂ અને મોબાઈલ ફોન મળી કુલ ₹૧,૧૫,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સામખીયારી પોલીસને સોંપવામાં આવ્યો છે.

# તાલાલાના જાવંત્રી ગીરમાં પરિવારને જીવતો સળગાવવાના પ્રયાસમાં ઝડપાયેલા ચાર શખ્સોનું રિ-કન્સ્ટ્રકશન કરાવાયું

## મુખ્ય આરોપી પોલીસ પકડથી દૂર, પકડાયેલા ચાર ૩ દિવસના રિમાન્ડ પર

**અબતક**
**લીલાધર હરવાણી, તાલાલા**

તાલાલાના તાલુકાના જાવંત્રી ગીર ગામે જમીનના વિવાદમાં ટોળકીએ પરિવારને જીવતો જલાવી દેવાનો પ્રયાસ કર્યો હોવાના કેસમાં સંડોવાયેલા ૪ શખ્સોને પોલીસે દબોચી લઈ ચારેયનો વરઘોડો કાઢી માફી મંગાવી હતી. આ શખ્સોને અદાલત સમક્ષ રજૂ કરતા ૩ દિવસના રિમાન્ડ મંજુર થયા છે. આ બનાવમાં ગંભીર રીતે દાઝી ગયેલા વૃદ્ધા નું મોત નીપજ્યું હતું. વધુ વિગત મુજબ તાલાલાના જાવંત્રી ગીર ગામે ભાગીયુ રાખેલ જમીનનો કેસ હારી જતાં



આરોપીઓએ આ જમીન પરત લેવા કાસમભાઈ બાદરાણીના પરિવાર ઉપર ચાર રાઉન્ડ ફાયરિંગ કરી મકાન ઉપર પેટ્રોલ છાંટી પરિવારને જીવતા જલાવી દેવા કૃત્ય કર્યું હતું, જેમાં આઠ પૈકી ચાર શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ બનાવમાં હુસેનાબેન (ઉ.વ.૭૫)નું સારવાર દરમ્યાન મરણ થયું હતું. ઝડપાયેલ તોહિત મહમદહુસેન મોરી (ઉ.વ.૨૩), તાહીર મહમદહુસેન મોરી (ઉ.વ.૨૨), તાજીમ મહમદહુસેન મોરી (ઉ.વ.૨૦) (રહે. બધા જૂનાગઢ, મૂળ જાવંત્રી ગીર), અસ્પાક અદ્રેમાનભાઈ લોબી (ઉ.વ.૨૬, રહે. જૂનાગઢ, મૂળ જાંબુર ગીર)ને પોલીસ ઘટનાસ્થળે લઈ જઈ બનાવનું રિકન્સ્ટ્રકશન કરાવ્યું હતું. આરોપીઓનો શહેરમાં વરઘોડો કાઢી જાહેરમાં માફી મંગાવી હતી. પોલીસે પકડાયેલા આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ શરૂ કરી છે. આ બનાવનો મુખ્ય આરોપી મહમદહુસેન મોરી હજી ફરાર છે જેને ઝડપી લેવા ખાનગી વોચ ગોઠવી પોલીસે તપાસ શરૂ કરી છે.

# શાપર(વે.)માં નોનવેજની પાર્ટીમાં પ્રૌઢ પર પાઈપ વડે હુમલો : માથું ફોડી નાખ્યુ

**અબતક, રાજકોટ**

શાપર(વે.)માં નોનવેજની પાર્ટીમાં પ્રૌઢ પર લોખંડના પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો. અગાઉ જમવા બેસી ગયેલ શખ્સને સાથે જમવાનું કહેતા તેણે ઉશ્કેરાઈ પ્રૌઢનું માથું ફોડી નાખ્યું હતું. હુમલામાં ઘવાયેલા પ્રૌઢને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડાયા હતા. બનાવ અંગે શાપર(વે.) પોલિસે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે મૂળ વંથલીના રહેવાસી અને હાલ શાપર(વે.) મફતીયાપરામાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢ પ્રવિણભાઈ પાલાભાઈ સોંદરવાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રામદેવનગરમાં રામાપીર મંદિર નજીક રહેતો રામો ઉર્ફે અલ્પેશ વજુભાઈ જાદવનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૨૩-૦૨ ના રોજ બપોરના દોઢેક વાગ્યાના વખતે હું મારા ઘરે હતો. ત્યારે મારા મકાનમાં ભાડે રહેતા રણજીતભાઈ અશ્વીનભાઈ પરમાર તેમની સાથે એક ભાઈને લઈને મારા ઘરે આવેલ અને મને કહેલ કે, આ મારા મિત્ર રામો ઉર્ફે અલ્પેશભાઈ વજુભાઈ જાદવ છે અને આજે આપણે બધાએ સાથે જમવાનું છે. રણજિતભાઈ ગામમાં હોટલે રોટલો લેવા ગયેલ અને મે તેમજ રામો ઉર્ફે અલ્પેશભાઈએ નોનવેજનું શાક બનાવ્યું હતું. બપોરના બે વાગ્યે રણજીતભાઈ રોટલા લઈને પરત આવતા અમે જમવા બેસવાના હતા પરંતુ રામો પોતાની રીતે એકલા એકલા જમવા લાગતા મે તેને બધાની સાથે જમવાનું કહેતા તેને આ બાબત સારી ન લાગી હતી. જે બાદ રામો એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને મને ગાળો આપવા લાગેલ હતો. મેં ગાળો આપવાની ના પાડતા રામાએ મારા ઘરમાં પડેલ લોખંડના પાઈપ વતી મને માથામાં બે ઘા મારી દીધા હતા. ત્રીજો ઘા માથામાં મારવા જતા મે મારો જમણો હાથ આડો રાખતા મને જમણા હાથમાં ઘા વાગ્યો હતો. જેથી મને માથા અને હાથમાંથી લોહી નીકળવા લાગેલ હતું. બાદ રામો ત્યાંથી નાસી ગયેલ હતો.ત્યારબાદ ઘર સામે આવેલ કારખાને પ્રૌઢનો પુત્ર રાહુલ કામ કરતો હોય તેને બનાવની જાણ થતાં તે પિતાને ૧૦૮ એમ્બયુલન્સમાં પ્રથમ શાપર સરકારી હોસ્પિટલ અને ત્યાંથી રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા પ્રૌઢને માથાના ભાગે ૧૦ ટાકા અને હાથમાં છ ટાકા આવેલ હતા. જે બનાવ મામલે પ્રૌઢએ હોસ્પિટલના બિછાનેથી ફરિયાદ નોંધાવતા શાપર પોલિસે ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી હતી.

# સોમ પીપળીયાનો યુવાન પ્રેમ પ્રકરણમાં પિટાયો: પાઈપ વડે યુવતીના પરિજનોનો હુમલો

## લગ્ન પ્રસંગમાંથી પરત ફરતા યુવાન પર રામપરાના દિપક ગાબુ સહિતના શખ્સો ચાલુ બાઈકે તૂટી પડ્યા : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જસદણના સોમ પીપળીયાના યુવક પર પ્રેમ પ્રકરણમાં યુવતીના પરીજનોએ હિંચકારો હુમલો કરતાં તેને સારવારમાં ખસેડાયો હતો. યુવક લગ્ન પ્રસંગમાંથી પરત ફરતો હતો ત્યારે રામપરા ગામના દિપક ગાબુ સહિતના શખ્સોએ ચાલું બાઈકે પાઈપના ઘા ઝીંક્તા જસદણ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે વિંછીયાના સોમ પીપળીયા ગામે રહેતાં મુકેશભાઈ ગોવિંદભાઈ માંડાણી (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિપક હરેશ ગાબુ (રહે. રામપરા,બોટાદ) અને ગોપાલ અલગોતર (રહે. કેરાળા, બોટાદ) નું નામ આપતાં જસદણ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ખેતીકામ કરે છે. તેઓ ગઈ તા.૨૨ ના રાત્રીના સમયે દ્રારકાના સંઘમાં ચાલીને જતો હતો ત્યારે તેમના દિકરા વિમલનો ફોન આવેલ કે, વિજય સાંજના સમયે તેના મિત્ર ભીમજીભાઈના દિકરાના લગ્ન પ્રસંગ ગયેલ હોય અને રાત્રીના સમયે ઘરે આવતો હતો જે દરમ્યાન રસ્તામાં વિજય સાથે કોઈ અજાણ્યા માણસોએ માથાકુટ કરી મુંઢ માર મારતાં જસદણ સરકારી હોસ્પીટલ ખાતે સારવારમાં લઈને આવીએ છીએ, જેથી તેઓ પણ જસદણ સરકારી હોસ્પીટલ ખાતે દોડી આવેલ હતાં.જ્યાં તેઓનો પુત્ર સારવાર હેઠળ હતો અને શરીરના ભાગે મુંઢ ઈજા થયેલ હતી. જેથી પુત્ર વિજયને પુછતા તેઓએ જણાવેલ કે, સોમનાથથી મોઢુકા રસ્તેથી ફુલેકામાંથી ઘરે આવતો હતો ત્યારે રામપરા ગામના દિપક ગાબુ તથા કેરાળા ગામના ગોપાલ આલગોતર બાઈક લઈને હેલીપેડ પાસે ઉભા હતા. બિજા અન્ય લોકો પણ હતા. મને ચાલુ ગાડીએ ગોપાલ આલગોતરએ એક લોખંડના પાઈપથી છાતીના ભાગે મારેલ અને દિપકે પીઠના ભાગે ત્રણ ચાર લાકડી મારેલ હતી. જે બાદ બંનેએ મને પકડી તેમની બાઈકમાં બેસાડેલ અને થોડે દુર સુધી લઈ જતા હોય ત્યારે કાચો રસ્તો હોવાથી બાઈક ધીમી પડતા ગોપાલને ધકકો મારતાં ગાડી પડી જતા હું ત્યાથી નજીકની વાડીમા ભાગી ગયેલ હતો. આ લોકો મને શોધવા મારી પાછળ પણ આવેલ,પણ હુ વાડીમા ઘાસ પાછળ છુપાઈ ગયેલ હતો. બાદ આ લોકો ત્યાથી જતા રહેલ હતાં.

બાદ ભાઈ વિમલને ફોન કરતા તે મને તેડવા આવેલ અને સારવારમાં લઈ આવેલ હતો. આ બનાવ બનવાનું કારણ એ છે કે, ફરીયાદીનાં દિકરાને રામપરા ગામના હરેશ ગાબુની દિકરી સાથે છેલ્લા છ માહિનાથી પ્રેમ સબંધ હોય અને બન્ને ફોનમાં વાત કરતા હોય જેની જાણ આ યુવતીના ભાઈ દિપકને થઈ જતા સોમનાથ મોઢુકા રોડ ઉપર હેલીપેડ ખાતે દિકરાને આ દિપકે તથા ગોપાલ અલગોતરે હુમલો કર્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

# ધ્રાંગધ્રા ગ્રામ્ય પંથકમાં બાળકી સાથે અડપલા કરનાર આધેડ વેપારી ઝડપાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ગ્રામ્ય વિસ્તારમાં એક શ્રમિક પરિવારની ૯ વર્ષીય બાળકી સાથે અડપલાંનો બનાવ બન્યો હતો જેમાં બાળકી દુકાને ચીજવસ્તુ લેવા ગઈ હતી, ત્યારે દુકાનદાર લક્ષ્મણભાઈ ચોરસિયાએ તેને બળજબરીપૂર્વક દુકાનમાં ખેંચી ગુપ્તભાગે અડપલાં કર્યા હતા આ ઘટનાથી ભયભીત થયેલી બાળકી ઘરે દોડી ગઈ હતી



પરિવારને સમગ્ર હકીકત જણાવી હતી પરિવારે તાત્કાલિક ધ્રાંગધ્રા તાલુકા પોલીસે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સ્થાનિક પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એન.એચ. ચુડાસમા, પીએસઆઈ પી.એ. સોલંકી અને વિજયસિંહ સહિતના સ્ટાફે આરોપીને ઝડપી પાડવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી દુકાનદાર લક્ષ્મણભાઈ ચોરસિયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે

# જેતપુરથી દસ ચોપડી ભણેલો બિહારી મુન્નાભાઈ એમબીબીએસ ઝડપાયો

## કણકીયા પ્લોટમાં આવેલ દવાખાનામાં રૂરલ એસઓજીનો દરોડો: એલોપેથીક દવાઓનો જથ્થો જપ્ત

### બિહારમાં ડોકટરી શીખી દસ વર્ષ પહેલાં જેતપુરમાં દવાખાનું ખોલ્યું'તું : વર્ષ ૨૦૧૫માં પકડાયા બાદ ફરી વાર લોકોના આરોગ્ય સાથે ચેડા કરવા લાગ્યો 'તો



**અબતક, રાજકોટ**

જેતપુરના કણકીયા પ્લોટમાં રૂરલ એસઓજીની ટીમે દરોડો પાડી બોગસ ડોક્ટરને પકડી પાડ્યો હતો. દસ પાસ બિહારી શખ્સ જેતપુરમાં તબીબ બની લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો પકડાયો હતો. પોલીસે એલોપેથીક દવાઓનો જથ્થો જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર રીતે મેડીકલને લગતી ડીગ્રી વગર ડોકટરની પ્રેક્ટીશ કરતા બોગસ ડોકટર ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ કડક સુચનાથી રૂરલ એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં ટીમ જેતપુર સીટી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન કોન્સ્ટેબલ રઘુભાઈ ત્રકતા સહિતના સ્ટાફને જેતપુરમાં કણકીયા પ્લોટ અંબર સીનેમા પાછળ રહેતો એક બિહારી શખ્સ કોઈપણ જાતની મેડિકલ ડિગ્રી વગર દવાખાનું ચલાવી આરોગ્ય સાથે ચેડા કરે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી ત્યાં બોર્ડ માર્યા વગરનું દવાખાનમાં બેસેલ શખ્સને અટકમાં લઈ નામ પૂછતાં પોતાનું નામ નથુની ઉર્ફે મનીષ જગદીશ પાસવાન (રહે. કણકીયા પ્લોટ અંબર સીનેમા પાછળ જેતપુર, મૂળ બિહાર) હોવાનું જણાવ્યું હતું.

તેની પાસે કોઈપણ પ્રકારની મેડિકલ ડિગ્રી ન હોવા છતાં દવાખાનું ચલાવતો હોવાથી તેની ધરપકડ કરી તેના કબ્જામાંથી અલગ અલગ પ્રકારની એલોપેથીક દવાઓનો જથ્થો મળી કુલ રૂ.૫૧,૬૫૫ નો મુદ્દામાલ જપ્ત કરી પૂછતાછ આદરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સના બિહાર રહેતાં પરિવારમાંથી સભ્ય તબીબ હોય તેની પાસેથી ડોક્ટરી શીખી ૧૦ પાસ શખ્સે દસ વર્ષ પહેલાં જેતપુરમાં સ્થાયી થઈ દવાખાનું ખોલી લોકોના આરોગ્ય સાથે ચેડા કરવાં લાગ્યો હતો. જે બાદ તે વર્ષ ૨૦૧૫ માં પકડાઈ પણ ચુક્યો હતો. જો કે, જેલમાંથી છૂટી ફરી તે દવાખાનું ખોલી દવા દેવાં લાગ્યો હતો. જે કામગીરીમાં એસઓજી પીઆઈ એફ.એ. પારગીની રાહબરીમાં એએસઆઈ પરબતભાઈ શામળા, કોન્સ્ટેબલ રઘુભાઈ ત્રકતા, નિર્મળસિંહ ચુડાસમા, ચિરાગભાઈ કોઠીવાર અને કલ્પેશભાઈ કોઠીવાર સાથે રહ્યા હતાં.

# રીબડા આપઘાત કરવા જતા શ્રમિકને બચાવવા ગયેલા યુવક પર છરી ઝીંકી

## યમુના રોડ ઈન્ડસ્ટ્રીઝમાં છત પરથી કૂદકો મારતા શ્રમિકને રોકવા જતાં અન્ય યુવકે હુમલો કર્યો

**અબતક. રાજકોટ**

ગોંડલ તાલુકાના રીબડા ચોકડી પાસે આવેલી ફેક્ટરીમાં આજે વહેલી સવારે છત પરથી કૂદકો મારીને આપઘાત કરવા જઈ રહેલા માનસિક અસ્થિર શ્રમિકને બચાવવા વચ્ચે પડેલા તેના જ સાથીદાર પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ ઝારખંડના અને હાલ મોરબીમાં રહેતા શાંતિલાલ મુરમુર (ઉં.વ. ૩૮) ગોંડલના રીબડા ચોકડી પાસે આવેલી 'યમુના રોડ ઈન્ડસ્ટ્રીઝ'માં કામ કરે છે. આજે વહેલી સવારે છ વાગ્યાની આસપાસ શાંતિલાલ કંપનીમાં હાજર હતા, ત્યારે તેમની સાથે કામ કરતો સંતોષ કિશગુર નામનો શ્રમિક કંપનીની છત પરથી નીચે કૂદકો મારી આપઘાત કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. શાંતિલાલ આ દ્રશ્ય જોઈ જતાં તેઓ સંતોષને બચાવવા માટે દોડી ગયા હતા. જોકે, સંતોષે ઉશ્કેરાઈ જઈ શાંતિલાલ સાથે ઝઘડો કર્યો હતો અને પોતાની પાસે રહેલી છરી વડે શાંતિલાલના પેટના ભાગે ઘા ઝીંકી દીધા હતા. જેને લઈ શાંતિલાલને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે હુમલો કરનાર આરોપી સંતોષ માનસિક રીતે અસ્થિર છે. ઘટનાની જાણ થતાં જ ગોંડલ પોલીસે હોસ્પિટલ પહોંચી શાંતિલાલનું નિવેદન લેવાની તજવીજ હાથ ધરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

# વિંછીયામાં સગીરને મળવા બોલાવી ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડ મોબાઈલ-સ્કૂટર લઈ છનનન

## સગીરને બજારમાં પાણીની બોટલ લેવા મોકલી જૂનાગઢનો સિકંદર સંધી નાસી ગયો: ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

વીંછિયામાં રહેતા યુવાનને સગીરને જુનાગઢમાં રહેતા ઈન્સ્ટાગ્રામ ફ્રેન્ડે વીંછિયાની બજારમાં મળવા બોલાવી બાદમાં સગીરને પાનની દુકાને પાણીની બોટલ લેવા મોકલી પાછળથી તેનું એક્સેસ અને તેમાં રહેલ આઈફોન લઈ નાસી ગયો હતો.જે અંગે વીંછિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

વીંછિયા ખોડીયારપરા વિસ્તારમાં રહેતા મેતાબ કરીમભાઈ પઠાણ (ઉ.વ.૩૮) નામના યુવાને વીંછિયા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી અલગ અલગ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે અહીં પરિવાર સાથે રહે છે અને મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. યુવાન પાસે એક્સેસ નંબર જીજે ૩ પીએચ ૨૧૪૭ છે જે ૨૦૨૫ ના મોડલનું છે. ગઈ તા. ૦૧/૦૧/૨૦૨૬ ના બપોરના એકાદ વાગ્યા આસપાસ યુવાન ઘરે હતો ત્યારે તેનો પુત્ર ઈરફાન આ એક્સેસ લઈ વીંછિયા બજારમાં ગયો હતો થોડીવાર બાદ તે ઘરે આવ્યો હતો અને વાત કરી હતી કે મારા ઈન્સ્ટાગ્રામમાં સિકંદર અલારખાભાઈ સંધી (રહે. જુનાગઢ) જેની સાથે મારે ઈન્સ્ટાગ્રામ મારફત પરિચય થયો હોય અને અમે અગાઉ ક્યારે રૂબરૂ મળ્યા ન હતા. આ સિકંદર આજે વીંછિયા આવ્યો હતો અને મને વીંછિયા બજારમાં મળવા માટે બોલાવ્યો હતો જેથી હું બજારમાં રાજકમલ દુકાન પાસે તેને મળ્યો હતો. દરમિયાન સિકંદરે કહ્યું હતું કે, મારે પાણી પીવું છે તું પાણીની બોટલ લેતો આવ જેથી હું એક્સેસમાં ચાવી રાખીને બાજુની દુકાને પાણીની બોટલ લેવા ગયો હતો. બોટલ લઈને પરત આવતા આ સિકંદર તથા એક્સેસ બંને જોવા મળ્યા ન હતા. એક્સેસની ડેકીમાં રૂ. ૨૦,૦૦૦ ની કિંમત નો આઈફોન પણ રાખ્યો હોય જેથી આ શખસ રૂપિયા ૭૦,૦૦૦ ની કિંમતનું વાહન અને ૨૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન લઈ નાસી ગયો હોય જે અંગે યુવાને વીંછિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી છે.

# પડધરીના રંગપર પાસેથી દારૂ ભરેલી બોલેરો સાથે રાજકોટનો પોપટ પકડાયો

## ન્યારી ડેમ નજીક પડધરી પોલિસનો દરોડો: લાકડાના પાટીયાની આડમાં છુપાવેલો ૮૫૨ બોટલ દારૂ સહીત રૂ.૮.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે



**અબતક, રાજકોટ**

પડધરી પોલીસ મથકના સ્ટાફે રંગપર નજીક ન્યારી ડેમ પાસેથી દારૂ ભરેલી બોલેરો ઝડપી લીધી હતી. પોલીસે બોલેરોમાંથી રૂપિયા ૫.૧૧ લાખની કિંમતનો ૮૫૨ બોટલ દારૂનો જથ્થા સહિત કુલ રૂપિયા ૮.૨૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. દારૂના આ જથ્થા સાથે મનહરપુરમાં રહેતા શખસને ઝડપી લીધો હતો. આરોપી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો? તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે.

રાજકોટ રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં દારૂ-જુગારની પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરવા અપાયેલી સૂચનાના પગલે ગોંડલ ડીવાયએસપી કે.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પડધરી પોલીસ મથકના પીઆઈ એસ.એન. પરમારની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે રંગપર ગામે ન્યારી ડેમ પાસેથી શંકાસ્પદ બોલેરો પીકપ વાહન ઝડપી લીધું હતું.

પોલીસે આ બોલેરોમાં તપાસ કરતા તેમાં તાડપત્રી બાંધેલી હોય અને તેની નીચે લાકડાના પાટીયાની આડમાં દારૂનો જથ્થો છુપાવ્યો હતો. બોલેરોમાંથી રૂપિયા ૫,૧૧,૨૦૦ ની કિંમતનો ૮૫૨ બોટલ દારૂનો જથ્થો મળી આવ્યો હતો, દારૂના જથ્થા સાથે બોલેરો ચાલક પોપટ ધારાભાઈ ઝાપડા (રહે હાલ. મનહરપુર-૧ જામનગર રોડ, દ્વારકાધીશ પેટ્રોલ પંપ સામે, રાજકોટ) ને ઝડપી લીધો હતો. પોલીસે દારૂનો આ જથ્થો બોલેરો પીકપ વાહન અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૮,૨૧,૨૨ નો મુદ્દામાલ કબજે કરી દારૂનો આ જથ્થો આરોપી ક્યાંથી લાવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો સહિતની બાબતો અંગે ઝડપાયેલા શખસની પોલીસ પૂછપરછ કરી રહી છે.

# ભાણવડ: બે સ્થળે દેશી દારૂના દરોડા, રૂ.૧.૨૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક વિનાયક ભટ્ટ જામ ખંભાળીયા**



દેવભૂમિ દ્વારકા એલ સી બીની અને ભાણવડ પોલીસની ટીમે ભાણવડમાં આવેલા બરડા ડુંગરમાં ધમનીનેશ વિસ્તારમાં દેશી દારૂની બે ભઠ્ઠીઓ પર દરોડો પાડી , રૂ.૧.૨૦ લાખની કિંમતનો ૪.૮૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો કબ્જે કર્યો છે.જયારે ભાણવડના રાણપર ગામના શુકા પરબતભાઈ મોરી અને ભાયાભાઈ વાઘાભાઈ રબારી નામના બુટલેગરની શોધ ખોળ હાથ ધરી છે.

**(પહેલા પાનાનું ચાલું)**

**કેનેડા - ભારત...**

સાબિત થઈ શકે તેમ છે ભારત અને કેનેડા એક વ્યાપક આર્થિક ભાગીદારી કરાર માટે ફ્રેમવર્ક તૈયાર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.ભારતની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે કેનેડા પાસેથી યુરેનિયમ મેળવવા માટેના ૧૦ વર્ષના લાંબાગાળાના કરાર પર હસ્તાક્ષર થવાની પ્રબળ શક્યતા છે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ , સંરક્ષણ અને સેમિકન્ડક્ટર જેવા ક્ષેત્રોમાં નવી ભાગીદારીની જાહેરાત થઈ શકે છે.

કેનેડાના પીએમ ઓફિસે જણાવ્યું છે કે, ''વિશ્વમાં વધી રહેલી અસ્થિરતા વચ્ચે કેનેડા ભારત જેવા મજબૂત ભાગીદારો સાથે મળીને પોતાની અર્થવ્યવસ્થાને વધુ સ્થિતિસ્થાપક બનાવવા માંગે છે.'' આ મુલાકાત દ્વારા ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સુરક્ષા અને સમૃદ્ધિના નવા દ્વાર ખુલશે.

**એર એમ્બ્યુલન્સ ક્રેશ...**

હોવાથી રાંચીની દેવકમલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. પરિવારજનો વધુ સારી સારવાર માટે તેમને એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી લઈ જઈ રહ્યા હતા, તે દરમિયાન આ કમનસીબ ઘટના બની હતી.

ચતરાના ડેપ્યુટી કમિશનર કીર્તિશ્રી જી. એ પુષ્ટિ કરી છે કે બચાવ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. હવે 'એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો'ની ટીમ આ દુર્ઘટનાના ચોક્કસ કારણોની તપાસ કરશે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંપઈ સોરેને પણ આ ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

**ખાનગી બેંકો...**

ડિરેક્ટર અને સીઈઓ વી. વૈદ્યનાથને સ્પષ્ટતા કરી છે કે આ સમસ્યા માત્ર ચંદીગઢની એક જ બ્રાન્ચ પૂરતી સીમિત છે અને તેમાં કોઈ સિસ્ટમ લેવલની ખામી નથી. બેંકે ફોરેન્સિક ઓડિટ માટે કેપીએમજી ની નિમણૂક કરી છે. આ ઉપરાંત, જે અન્ય બેંકોના ખાતાઓમાં કૌભાંડના પૈસા ટ્રાન્સફર થયા છે, તે ખાતાઓને ફ્રીઝ કરવા માટે પણ અન્ય બેંકોને વિનંતી મોકલી આપવામાં આવી છે. બીજી તરફ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ પરિસ્થિતિ પર નજર રાખી છે અને જણાવ્યું છે કે આનાથી બેન્કિંગ સિસ્ટમ પર કોઈ મોટું જોખમ નથી.

ખાનગી બેંકોના બિઝનેસ મોડલ પર અસર

ખાનગી બેંકો માટે સરકારી વિભાગોની થાપણો હંમેશા 'કાસા' રેશિયો જાળવી રાખવા માટેનો એક મોટો અને આકર્ષક સ્રોત રહી છે. આ પ્રકારના 'લો-કોસ્ટ ફંડ્સ' એટલે કે સસ્તા ભંડોળના આધારે જ બેંકો ગ્રાહકોને સ્પર્ધાત્મક દરે ધિરાણ આપી શકે છે. પરંતુ હરિયાણા સરકારના આકરા પગલાં બાદ હવે અન્ય રાજ્યોની સરકારો અને સરકારી સંસ્થાઓ પણ ખાનગી બેંકોમાં રહેલી પોતાની થાપણો અંગે સતર્ક બની છે. જો આ ટ્રેન્ડ આગળ વધશે અને વધુ સરકારી ફંડ્સ પાછા ખેંચાશે, તો ખાનગી બેંકો માટે ભંડોળ એકત્ર કરવાનું મોંઘુ બનશે, જેની સીધી નકારાત્મક અસર તેમના નફાના માર્જિન પર પડશે.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**વંદે માતરમ...**

વિશ્વ આખાને બતાવી દીધી છે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વંદે માતરમ ગીતની રચનાના ૧૫૦ વર્ષની દેશવ્યાપી ઉજવણીથી દેશના મહાન નાયકોનું પૂણ્ય સ્મરણ અને ભારત માતાની વંદના કરવાનો આપણને પુનઃ અવસર આપ્યો છે તેમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતું.

વંદે માતરમ એ ગાન નથી આપણી આન, બાન અને શાન છે. આઝાદીના મહાયજ્ઞની આહુતિ છે. રાષ્ટ્રભક્તિની આહલેક છે. વિકાસની સતત ધબકતી અણનમ ઓળખ છે. પ્રજા જીવનની દરેક પ્રભાતની પ્રબુદ્ધ ચેતનાનો સ્વર છે એવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોતાની એક કાવ્ય રચનામાં વ્યક્ત કરેલી વંદે માતરમ પ્રત્યેની અટલ શ્રદ્ધા અને રાષ્ટ્ર ભાવનાનું પણ ગૌરવસહ સ્મરણ પણ મુખ્યમંત્રીએ સભાગૃહમાં સભ્યોના વંદેમાતરમના નારાના ગુંજારવ સાથે કર્યું હતું.

**જળ સંચયનું મહા અભિયાન...**

અલ્પેશભાઈ ઠાકોર અને રીટાબેન પટેલ, ગાંધીનગરના મેયર મીરાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ, શહેર ભાજપ પ્રમુખ આશિષ દવે, જળ સંપત્તિ સચિવ પી.સી. વ્યાસ, અધિક સચિવ એમ.ડી. પટેલ અને ગાંધીનગર મ્યુનિસીપલ કમિશનર વાઘેલા વરિષ્ઠ અધિકારીઓ તથા ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા.

**એમએસએમઈ યુનિટસ સર્ટિફાઈડ...**

નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત સતત પાંચમી વાર 'બેસ્ટ પરફોર્મર' રહ્યું છે. વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ દરમિયાન ૨ લાખથી વધુ સરકારી જગ્યાઓ ભરવાનું ૧૦ વર્ષનું 'ભરતી કેલેન્ડર' જાહેર કરાયું છે. ડિસેમ્બર સુધીમાં ૧૨૬૮ ભરતી મેળાઓ દ્વારા ૭૨,૧૨૮ યુવાનોને રોજગારી મળી છે.

ખેડૂતો વિશે વાત કરતા તેમણે કહ્યું કે, હવે ગુજરાતમાં 'ટેન્કર રાજ' નહીં પણ 'નર્મદા રાજ' છે. 'કિસાન સૂર્યોદય યોજના' દ્વારા દિવસે વીજળી અને ૬૦ લાખ ખેડૂતોના ખાતામાં 'પીએમ કિસાન નિધિ' હેઠળ સન્માન સાથે સીધા નાણાં જમા થઈ રહ્યા છે. તાજેતરમાં જ કુદરતી આફત સમયે રાજ્ય સરકારે ૧૧,૦૦૦ કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ આપી ખેડૂતોનો હાથ પકડ્યો છે અને સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે. હર્ષ સંઘવીએ વિપક્ષના નકારાત્મક વલણની ટીકા કરતા ઉમેર્યું હતું કે, વિરોધ પક્ષ માત્ર 'વિરોધની રાજનીતિ' જાણે છે જ્યારે ભાજપ સરકાર 'વિકાસની રાજનીતિ' માં માને છે. ગુજરાતની વિકાસયાત્રા 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે અવિરત ચાલુ રહેશે.

**જુનાગઢ...**

રૂ. ૭૫.૫૦ લાખની ફાળવણી કરવામાં આવી છે. શિક્ષણ ક્ષેત્રે પણ રૂ. ૨.૬૫ કરોડથી વધુનું અનુદાન મળવાની અપેક્ષા છે, સામાજિક કલ્યાણ માટે રૂ. ૧૦ લાખ અને અન્ય પરચુરણ ખર્ચ માટે રૂ. ૨૦.૨૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જિલ્લા પંચાયતના બજેટમાં માનવીય અભિગમ અપનાવી, દુર્ઘટનાઓમાં ભોગ બનેલાના પરિવારો માટે સહાયની જાહેરાત કરવામાં આવી છે. થોડા વર્ષો પૂર્વે જામકાની હાઈસ્કૂલમાં સર્જાયેલી દુર્ઘટનામાં જીવ ગુમાવનાર બે વિદ્યાર્થીઓના પરિવારજનોને રૂ. ૪.૫ લાખની આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ભેસાણમાં ગત વર્ષે બનેલા બનાવમાં પણ રૂ. ૩૦ લાખની સહાય ચૂકવવામાં આવી હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગઈકાલે જુનાગઢ જિલ્લા પંચાયત ખાતે મળેલી સામાન્ય સભાની બેઠક જિલ્લા પંચાયત પ્રમુખ હરેશ ઠુંમર અને જિલ્લા વિકાસ અધિકારી એચ.પી.પટેલની અધ્યક્ષતામાં મળી હતી.

**સરકારી કોલેજો...**

હાથીજણ વિસ્તારમાં શરૂ થનારી નવી આર્ટસ, કોમર્સ અને સાયન્સની કોલેજમાં ૪ આસી. પ્રોફેસર સહિત કુલ ૧૧ જગ્યા મંજૂર કરવામાં આવી છે. આજ રીતે અન્ય ૭ કોલેજોમાં ૧૧ જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવી છે. આગામી દિવસોમાં આ જગ્યાઓ માટે જાહેરાત આપીને ઈન્ટરવ્યૂ ગોઠવવા સહિતની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, દરેક કોલેજોમાં પટ્ટાવાળાની કુલ ૧૩ જગ્યા આઉટસોર્સિંગથી ભરવામાં આવશે તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. મહત્વની વાત એ કે, તાજેતરમાં સરકારી કોલેજોમાં અધ્યાપકોની ભરતી માટે અધ્યાપક સહાયક તરીકે કામગીરી કરી હોય તે અનુભવને પણ ધ્યાનમાં લેવાની જાહેરાત કરવામાં આવી છે. આમ, નવા નિયમ પ્રમાણે ભરતીની પ્રક્રિયા કરવાની રહેશે.

**લીંબડી નજીક...**

પાયે હેરાફેરી કરતા હોવાની સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલું ને ધ્યાને આવતા સમગ્ર જિલ્લાના પોલીસ મથકો અને મહત્વની બ્રાન્ચને પેટ્રોલિંગ હાથ ધરવા આપેલી સૂચનાને પગલે એલસીબીના સ્ટાફ દ્વારા અમદાવાદ રાજકોટ ધોરીમાર્ગ પર આવેલા લીમડી નજીક વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે લીમડી સાયલા માર્ગ પર આવેલ પરશુરામ ધામ નજીક પાર્ક કરેલા આરજે ૩૨ જીબી ૩૮ ૮૨ નંબરના કન્ટેનરમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની કોન્સ્ટેબલ કુણાલસિંહ ઝાલાને મળેલી બાતમીના આધારે સ્ટાફ દ્વારા દરોળો પાડ્યો હતો. દરોડા દરમિયાન કન્ટેનરના ચોર ખાનામાં છુપાવેલો રૂપિયા ૯૨.૭૩ લાખની કિંમતના ૨૦૭૩૬ બોટલ વિદેશી દારૂ મળી આવતા પોલીસે દારૂ અને વાહન મળી રૂપિયા ૧.૧૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસે કન્ટેનરના ચાલક અને માલિક અને દારૂનો જથ્થો મોકલનાર તેમજ મંગાવનાર વિરુદ્ધ ગુનો નોંધી વિદેશી દારૂના મૂળ સુધી પહોંચવા ધમધમાટ આદરવામાં આવ્યો છે. એલસીબીએ સ્થાનિક પોલીસને અંધારામાં રાખી દરોડો પાડતા અનેકની ઊંઘ હરામ થઈ છે. હોળી ધુળેટી ના તહેવારો નજીક આવી રહ્યાં છે ત્યારે તહેવારો અને હોળાષ્ટક બાદ લગ્નગાળા માટે મંગાવાયેલો રાજસ્થાન થી વાયા અમદાવાદ થઈ સૌરાષ્ટ્ર માં ઘુસાડવામાં આવતો ઈંગ્લિશ દારૂ ભરેલુ મોટુ કંટેઈનર અટકાવી પોલીસે તલાશી લેતાઈંગ્લિશ નો જથ્થો મળી આવતા સૌરાષ્ટ્ર ભરના બુટલેગરો મા દોડધામ મચી જવા પામી છે.

# જામનગરના ફલ્લામાં જુગાર રમતા ૧૦ શખ્સો પકડાયા

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરના પંચકોશી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે ફલ્લા ગામમાં દરોડો પાડી જાહેરમાં ચલણી નોટોના નંબરના આંકડા ઉપર જુગાર રમી રહેલા ચંદ્રેશ ભાઈલાલભાઈ ધમસાણીયા, યોગેન્દ્રસિંહ કીરીટસિંહ સોઢા, મોમ ઉર્ફે મોકલો દેવાભાઈ બાંભવા, રોહિત માંડાભાઈ બાંભવા, નાગજીભાઈ ગિરધરભાઈ વરિયા, ટીડાભાઈ ભુરાભાઈ બાંભવા, સંદિપ નારણભાઈ રાઠોડ, અને હિતેન્દ્રસિંહ ભીખુભા પરમારની પોલીસે અટકાયત કરી લીધી છે.

તેઓ પાસેથી રૂપિયા ૧૧,૧૪૦ની રોકડ રકમ, ૮ નંગ મોબાઈલ ફોન, અને ત્રણ મોટરસાયકલ સહિત રૂપિયા ૧,૫૭,૧૪૦ની માલમતા કબજે કરી છે, જે તમામ સામે જુગાર ધારા ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

# જામનગરમાં અન્ય સ્ત્રી સાથે સબંધને લઈ પરિણીતા ઉપર પતિનો સિતમ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં હાપા વિસ્તારમાં આવેલા ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતા પતિએ અન્ય યુવતીના પ્રેમમાં પડી પત્નીને ત્રાસ આપ્યાનો કિસ્સો સામે આવ્યો છે.

હાપા ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતી ભાવનાબેન જયંતીભાઈ રાજગોરના બાર વર્ષ પહેલા જામનગરના પરેશકુમાર આશા સાથે લગ્ન થયા હતા. શરૂઆતમાં સંયુક્ત પરિવારમાં રહ્યા બાદ થોડા બાદ પતિ પત્ની અલગ રહેવા માટે ચાલ્યા ગયા હતા, ત્યાં પતિએ પોતાની પત્નીને ત્રાસ આપવાનું શરૂ કરતા પત્ની ભાવનાબેન રીસાઈને પોતાના માવતરે રહેવા માટે આવી ગઈ હતી અને છેલ્લા ત્રણ મહિનાથી પતિ પરેશકુમાર આશા અન્ય એક મહિલાના પ્રેમમાં પડ્યા છે, અને તેની સાથે રહેવા માટે ચાલ્યા ગયા હોવાથી પતિ સાથે આ બાબતે ઝઘડો થયો હતો.

પરેશ આશાએ ઉશ્કેરાઈને પોતાની પત્ની ભાવનાબેનના ઘેર ધસી આવ્યો હતો, અને માથાકૂટ કરી હતી. આ વેળાએ તેણીના સાસુ સાવિત્રીબેન કે જેઓએ સમજાવવા જતાં પરેશ ઉશ્કેરાયો હતો, અને પોતાના સાસુ સાથે ઝપાઝપી કરી હુમલો કરી દીધો હતો. જે અંગે પતિ સામે ગુનો નોંધાયો છે.

# કાલાવડ પંથકમાં પતિ સાથે સામાન્ય બોલાચાલી બાદ પરિણીતાએ એસિડ પીધું

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં પતિ સાથે સામાન્ય બોલાચાલી બાદ પરિણીતાએ એસિડ પી જીવનલીલા સંકેલી લીધી છે. દવા લેવા બાબતે અને જમવા બાબતે થયેલી માથાકૂટ મોતનું કારના બની છે. જે મામલે કાલાવડ પોલીસ મથકમાં જાણ કરાતા પોલીસે મહિલાના મૃતદેહનો કબજો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવની કાલાવડ પોલીસ મથકે નોંધાયેલી વિગત એવી છે કે કાલાવડ તાલુકાના ખરેડી ગામે રહેતા સાધનાબેન ગુલાબભાઈ બગડા (ઉ.વ.૩૬) ઘણા સમયથી આચકીની જૂની બિમારી ભોગવતા હતા. આ દરમિયાન તા.૧૮ ફેબ્રુઆરીના રોજ પોતાના ઘરે હતા ત્યારે દવા લેવા બાબતે અને જમવા બાબતે તેણીને પતિ સાથે બોલાચાલી થઈ હતી. પતિ-પત્નિ વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલી બાબતે સાધનાબેનને મનમા લાગી આવતા તેણીએ બાથરૂમમાં રાખેલુ એસિડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરી લીધો હતો. જે મામલે જાણ થતા તત્કાલિક સારવાર માટે ખસેડાઈ હતી.જો કે, ટૂંકી સારવાર કારગત ન નિવડતા સાધનાબેનનું મોત નિપજ્યું હતું. મોત મામલે ગુલાબભાઈ હિરાભાઈ બગડા (ઉ.વ.૩૩ ધંધો-મજુરી રહે.ખરેડી ગામ તા.કાલાવડ) એ કાલાવડ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે સ્ટાફ દોડી આવ્યો હતો. મોતની નોંધ કરી કાર્યવાહી આગળ ધપાવી છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.





વિકસિત ભારત

ગુજરાત બજેટ 2026-27

વિકસિત ગુજરાત

## ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું

# સૌથી મોટું બજેટ

## ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ

## 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો ધ્યેય થશે સિદ્ધ

**રાજ્ય સરકારનો સર્વગ્રાહી અને સર્વ-સમાવેશી અભિગમ**

પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત બજેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ

**₹૧૬,૧૧૬ કરોડની જોગવાઇ**

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે

**₹૨૦૦૦ કરોડની જોગવાઇ**

**"સૌના માટે ઘર"**નો સંકલ્પને સાકાર કરવા વિવિધ આવાસ યોજનાઓ હેઠળ આશરે ૩.૧૫ લાખથી વધુ આવાસો બનાવવા

**₹૪૨૭૨ કરોડની જોગવાઇ**

૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેક્નોલોજીથી સ્માર્ટ બનાવવા

**₹૧૨૫૦ કરોડનું રોકાણ તેમજ ₹૫૦ કરોડના રોકાણથી**


૧૨૦ મીની GIDCનું નવીનીકરણ.

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી **"અમૃતમ્ (મા યોજના)"** યોજના હેઠળ

**₹૩૪૭૨ કરોડની જોગવાઇ**

નમો શક્તિ એક્સપ્રેસ-વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ માટે વધુ

**₹૩૦૦૦ કરોડની જોગવાઇ**



VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)) યોજના હેઠળ કામના દિવસો 100થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા, **જેના માટે કુલ ₹૧૫૦૦ કરોડનું આયોજન**

સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૯૭ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ₹ ૫૯૬૭ કરોડની જોગવાઈ**

નિકાસને વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનો નિર્ણય

કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડની જોગવાઈ**

મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ વિસ્તારવા **₹ ૪૭ કરોડની જોગવાઈ**

મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારી વધારવા પાંચ નવા સેટેલાઇટ ટાઉન કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ **₹ ૫૬૦૦ કરોડની જોગવાઈ**

અદ્યતન પરિવહન સુવિધા માટે ૨૪૬૩ જેટલી નવી બસો (જે પૈકી ૫૦૦ AC ઇલેક્ટ્રિક બસો) તેમજ આદિજાતિ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં ૫૦૦ મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડની જોગવાઈ**

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના માટે **₹ ૬૦ કરોડની જોગવાઈ**

આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય **₹ ૩૪૦ નો વધારો કરી ₹ ૨૫૦૦ કરવાનો નિર્ણય**

> **"ગરવા ગુજરાતની પ્રગતિને આગવી ગતિ આપતું આ ઐતિહાસિક બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નાગરિક જીવનના તમામ પાસાને સ્પર્શી તેને બળ આપનારું અને સૌને વિકાસની સમાન તકો આપનારું બની રહેશે."**
>
> **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



## દ્વારકાના માર્ગે ભક્તિનું પૂર

# અનોખી માનતા સાથે પદયાત્રીઓ કાળીયા ઠાકોરના દર્શને




## આંખે પાટા બાંધી, લોખંડની સાંકળો પહેરીને અને ૮૭ વર્ષની ઉંમરે તુલસીનું કુંડું સાથે રાખીને પદયાત્રા એ શ્રદ્ધાની અદભૂત મિસાલ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

હોળી, ધુળેટીના આગમન અગાઉ ભગવાન દ્વારકાધીશના દર્શન કરવા માટે પગપાળા સંઘ દ્વારકા જતા હોય છે. જેની શરૂઆત થઈ ચૂકી છે હાલ ભક્તોનો વિશાળ પ્રવાહ દ્વારકા ભણી છે. આ સંઘમાં બોટાદના એક યુવાન આંખે પાટા બાંધીને માનતા પૂર્ણ કરવા દ્વારકાધીશના દર્શને જઈ રહ્યો છે. જે હાલ જામનગર પહોંચ્યો છે. બોટાદમાં રહેતા સંજયભાઈ રમેશભાઈ પડેલીયા નામના યુવાને જણાવ્યું કે તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેમને દ્વારકાધીશની માનતા રાખી હતી. પરિસ્થિતિ સારી થતા જ તે દ્વારકાના માર્ગે આંખે પાટા બાંધી નીકળ્યા છે. આઠ દિવસની કઠોર યાત્રા બાદ યુવાન જામનગર આવી પહોંચ્યો હતો. હજુ પણ સતત ૩ દિવસ ચાલ્યા બાદ તે દ્વારકાધીશના દર્શન કરશે. અંદાજિત ૧૨ થી ૧૩ દિવસની ૩૬૦ કિલોમીટર જેટલી કઠોર પગપાળા યાત્રા બાદ યુવાન દ્વારકા પહોંચશે.

આ ઉપરાંત ત્રંબા ગામના વતની અને ૮૭ વર્ષની ઉમર ધરાવતા મનસુખભાઈ વ્યાસ પણ દ્વારકાની યાત્રાએ નીકળ્યા છે તેઓ પોતાની સાથે તુલસીનું કુંડુ અને હાથમાં ધજા સાથે છેલ્લા ૧૧ વર્ષથી દ્વારકાધીશના દર્શન કરે છે. વધુમાં રાજકોટનો એક યુવાન શરીરે ૧૫ કિલો લોખંડની સાકળ સાથે દ્વારકાધીશના દર્શને પહોચશે.

# ડીએનપી ઈંગ્લીશ મીડીયમ સ્કુલના વિદ્યાર્થીઓને ફાયર સેફટીની તાલીમ અપાઈ



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા,**

દ્વારકા ફાયર શાખાના જીતેન્દ્ર કારડીયા તથા ટીમ દ્વારા દ્વારકા નગરપાલીકા સંચાલિત ડીએનપી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલના વિદ્યાર્થીઓને ફાયર સેફટી અંગે તાલીમ આપવામાં આવી. ફાયર વિભાગના કર્મચારીઓ તેમજ શાળા આચાર્યા મીનાક્ષીબેન ઠાકર દ્વારા બાળકોને આગ લાગવા સમયે રાખવાની તકેદારી અંગે સમજ આપવામાં આવી હતી.

# સિક્કા ગામેથી ૨ કરોડની વ્હેલ માછલીની ઉલટી સાથે ઈમરાન પકડાયો

## એસઓજી એ દરોડો પાડી બે કિલો એમ્બરગ્રીસનો જથ્થો કબ્જે કર્યોઃ તપાસનો ધમધમાટ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર એસઓજી પોલીસે સિક્કા ગામેં દરોડો પાડી એક શખ્સના રહેણાંક મકાનમાંથી બે કરોડ ઉપરાંતની કિંમતની વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ)નો જથ્થો જપ્ત કર્યો હતો. તરતા સોના તરીકે ઓળખાતા આ પદાર્થને એફએસએલ ખાતે મોકલી આપી પોલીસ ઝપટે ચડેલા સિકકાના શખ્સની ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

જામનગર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે સિક્કા ગામમાં એમ્બરગ્રીસના જથ્થા મામલે ગુપ્ત બાતમીના આધારે રેડ પાડી હતી.

સિક્કાના નાઝ સિનેમાં પાછળ ઈમામ ચોક પાસે રહેતા અને મજૂરી કામ કરતા ઈમરાન દાઉદ ભાયાના મકાનમાંથી એમ્બરગ્રીસનો જથ્થો મળી આવ્યો હતો. ઈમરાન દાઉદભાઈ ભાયાના રહેણાંક મકાને તલાસી દરમિયાન રસોડામાંથી શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલ્ટી (એંબરગ્રીસ)ના ટુકડાઓ મળી આવ્યા હતા. રૂપિયા ૨.૦૬ કરોડની કિંમતના ૨ કિલો ૦૬૯ ગ્રામનો જથ્થો જપ્ત કરી શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલ્ટી ના ટુકડાઓ કબ્જે કરી પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. ખાતે મોકલવા તજવીજ હાથ ધરી છે.



પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન આરોપીને આ શંકાસ્પદ જથ્થો દરિયા કિનારેથી પોતાને મળ્યો હોવાનું પોતે રટણ રટ્યુ હતું. એફએસએલના રીપોર્ટમા ઉલ્ટીનો જથ્થો સ્પષ્ટ થયા બાદ આરોપી સામે ગુનો નોંધી ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરાશે. મહત્વનું છે કે, એમ્બરગ્રીસ તરીકે ઓળખાતી વ્હેલ માછલીની ઉલટીનો ઉપયોગ મોંઘા પરફ્યુમ, દવા અને શેમ્પુ બનાવવા માટે ઉપયોગ થાય છે. એમ્બરગ્રીસનું આંતરરાષ્ટ્રીય બજારમાં લાખો રૂપિયા ભાવે વેચાણ થતું હોવાથી આ પ્રકારનો જથ્થો સમયાંતરે ઝડપાઈ છે.

# જામજોધપુરના સમાણામાં બોગસ મેરેજ સર્ટિફિકેટ કૌભાંડની તપાસ દરમિયાન બોગસ પેઢીનામુ બન્યાનું ખુલ્યું

## યુવતીના પિતાએ કરેલી અરજીની તપાસમાં સડોદરની મહિલાના નામનો આંબો તલાટીના સહી-સિક્કા સાથે બન્યાનું ખુલ્યું

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુરના સમાણામાં બોગસ મેરેજ સર્ટિફિકેટ બની ગયાની ની તપાસ હાલ ચાલી રહી છે ત્યાં જ વધુ એક બોગસ પેઢીનામુ બની ગયા નું સામે આવ્યું છે. આ મામલે તલાટી કમ મંત્રી દ્વારા તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખીને પોતાના સહી સિક્કા નો દુરુપયોગ થયો હોવાનું જાહેર કર્યું છે. જેથી આ મામલે ભારે ચકચાર જાગી છે.

સમાણા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીના સહી સિક્કા સાથેનું મેરેજ સર્ટિફિકેટ તાજેતરમાં ઈસ્યુ થયું હતું, જે સર્ટીફીકેટ બોગસ હોવાનું જણાવીને યુવતીના વડોદરા માં રહેતા પિતાએ પોલીસ સમક્ષ નિવેદનમાં જણાવ્યું હતું. ત્યારે સમાણાં ગ્રામ પંચાયત ના તલાટી મંત્રીએ પોલીસ સમક્ષ આ સર્ટિફિકેટ ગ્રામ પંચાયત કચેરીમાંથી ઈસ્યુ થયું નથી તેમ જણાવ્યું છે. ત્યારે આ સર્ટિફિકેટના પ્રકરણમાં શેઠ વડાળા પોલીસ તપાસ ચલાવી રહી છે, દરમિયાન વધુ એક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે.

મુળ સડોદરના અને હાલ પોરબંદર સાસરે જુબેદાબેન નૂર મહંમદ કે જેઓ હુસેનભાઈ જુમાભાઈ ચૌહાણના સીધી લીટી ના વારસદારો છે, ત્યારે સડોદર ગામની મીલકત તો ત્યાં અથવા જ્યાં રહેતા હોય ત્યાંજ પેઢીનામું બની શકે ત્યારે સમાણા ના તલાટી સિક્કા સાથે પેઢીનામુ તૈયાર કરાયું હતું. જેમાં સમાણા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી ના સિક્કા કરેલા હોવાનું જણાવાયું હતું. ઉપરોક્ત પેઢીનામા તલાટીની બોગસ થયું હોવાની જાણકારી મળી રહી છે.

જામજોધપુરમાં રહેતા અને સમાણા ગામના તલાટી મંત્રી એ તાલુકા વિકાસ અધિકારીને પત્ર લખીને પોતાના સરકારી સિક્કાનો ખોટી રીતે ઉપયોગ કરી બનાવટી સહી કરી દુરુપયોગ થયો છે, તેમ જણાવ્યું હતું.

સમાણાના આ તમામ કોંભાડ નો માસ્ટ માઈન્ડ કોણ છે આ બધી કામની અરજીઓ કોના દ્વારા થઈ હતી તેમને આ સર્ટી બોગસ પેઢીનામા ના સહી સીકા વાળા સર્ટી કાગળો કોણે તૈયાર કર્યા જોશેઠવડાળા પોલીસ એફ. આર. નોંધી યોગ્ય તપાસ કરે તો માસ્ટર માઈન્ડ સુધી પહોંચી શકાય ત્યારે શેઠવડાળા પોલીસની તપાસની ઢીલી નીતી ચર્ચાનો વિષય બની છે

## આજે હોળાષ્ટકનો પ્રારંભ


# દ્વારકાધીશ શ્વેત વાઘામાં અબીલ-ગુલાલની પોટલી ધારણ

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



આજે હોળાષ્ટકનો પ્રારંભ થતો હોય દ્વારકાધીશ જગતમંદિરમાં દોલોત્સવ સુધી ઠાકોરજીને સવારે શૃંગાર આરતી તેમજ સાંજે સંધ્યા આરતી દરમ્યાન સફેદ વસ્ત્રો સાથેના અલૌકિક શૃંગાર સાથે બંને આરતી સમયે ઠાકોરજી સંગ ચાંદીની પિચકારીમાં કેસરજળ તથા અબીલ ગુલાલની પોટલી સાથેના શૃંગાર યોજાશે.

## શ્રીજીને ચાંદીની પિચકારીમાં કેસર જળનો છંટકાવ



આજે સવારે શૃંગાર આરતી તેમજ સાંજે સંધ્યા આરતી દરમ્યાન ભાવિકો ઠાકોરજીની પ્રસાદીરૂપ અબીલ-ગુલાલની પોટલીઓથી રંગે રંગાશે. આવો જ ક્રમ તા.30 માર્ચ સુધી દોલોત્સવ સુધી સવારસાંજ બન્ને સમયે ઉજવાશે. જગતમંદિર પરિસરમાં પણ ભાવિકો રંગે રંગાતા જોવા મળશે.

## જામનગરના ઈતિહાસમાં પ્રથમવાર

# નેશનલ સિક્યોરીટી ગાર્ડ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની કાઉન્ટર ટેરરિસ્ટ યોજાશે મોકડ્રીલ

## ૨૬ ફેબ્રુઆરી સુધી આતંકવાદી હુમલા જેવી સ્થિતિમાં સુરક્ષા એજન્સીઓના રિસ્પોન્સનું પરીક્ષણ કરાશે કલેક્ટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં યોજાઈ સમીક્ષા બેઠક યોજાઇ




**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં નેશનલ સિક્યોરીટી ગાર્ડ () દ્વારા જામનગર જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી જિલ્લાના ઈતિહાસમાં પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાની 'કાઉન્ટર ટેરરિસ્ટ એક્સરસાઈઝ'નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૩ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી આ મહત્વપૂર્ણ મોકડ્રીલની પૂર્વ તૈયારીઓ અને વિવિધ વિભાગો વચ્ચેના સંકલન માટે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.

આ એક્સરસાઈઝનો મુખ્ય હેતુ કોઈ પણ આકસ્મિક આતંકવાદી હુમલા કે આપત્તિજનક પરિસ્થિતિમાં સુરક્ષા એજન્સીઓનો પ્રતિસાદ, બચાવ કામગીરી અને પરસ્પર સંકલન કેટલું સજ્જ છે તેનું પ્રાયોગિક મૂલ્યાંકન કરવાનો છે. ના અધિકારીઓએ બેઠકમાં સુરક્ષા માર્ગદર્શિકા અને સંચાર વ્યવસ્થા અંગે વિગતવાર પ્રેઝન્ટેશન આપ્યું હતું. કલેક્ટરે જણાવ્યું હતું કે, આ પ્રકારની કવાયતથી પોલીસ, આરોગ્ય, ફાયર બ્રિગેડ અને હોમગાર્ડ જેવા વિભાગોની સજ્જતા વધશે અને કોઈપણ અનિચ્છનીય ઘટના સામે જામનગર જિલ્લો વધુ સુરક્ષિત બનશે. ઉલ્લેખનીય છે કે જામનગર જિલ્લો સેનાની ત્રણેય પાંખો, એશિયાની મોટી રિફાયનરીઓ અને સંવેદનશીલ દરિયાકાંઠો ધરાવતો હોવાથી રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ અત્યંત વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે આ માત્ર સુરક્ષા તૈયારીઓનો જ એક ભાગ છે, તેથી મોકડ્રીલ દરમિયાન અફવાઓ પર વિશ્વાસ ન કરવો અને શાંતિ જાળવી પ્રશાસનને સહકાર આપવો. આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની સહિતના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# મીઠાપુર નૂતન બાલ શિક્ષણ સંઘ શાળામાં વિદ્યાર્થીઓએ કલાના કામણ પાર્થર્યા



**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકાઃ** મીઠાપુરની નૂતન બાલ શિક્ષણ સંઘ શાળામાં તાજેતરમાં નૂતન ધરોહર ધારાનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું તેમજ શિક્ષકોને પણ ટીચર ઓફ ધ યરનો એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. આ તકે ટાટા કેમીકસના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. બાળકોએ ગુજરાતી તથા અંગ્રેજી નાટક સહિત સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. આ તકે શાળાનું પાંચમું ઈ-ન્યૂઝ લેટર અને શાળાની નવી વેબસાઈટને પણ લોન્ચ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના પ્રિન્સીપાલ યોગીતા શર્મા તથા શિક્ષકગણ દ્વારા જહેમત ઉઠાવેલ.

## દ્વારકા નજીક અરબી સમુદ્રમાં વિદેશી બોટમાંથી

# કરોડોની સિગરેટ, સેટેલાઈટ ફોન, ૮ મોબાઈલ સાથે ૪ ઈરાની ઝડપાયા

## કોસ્ટગાર્ડ દ્વારા એક સપ્તાહમાં બીજી મોટી કાર્યવાહીઃ ચારેય શખ્સોની સઘન પુછપરછ




**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા બાતમી આધારે સફળ ઓપરેશન પાર પાડતા અરબી સમુદ્રમાં દેવભૂમિ દ્વારકાથી ૧૧૫ નોટીકલ માઈલ દૂર મધદરિયામાંથી 'અલ મુખ્તાર' નામની શંકાસ્પદ વિદેશી બોટની આંતરી બોટની તલાશી દરમ્યાન અંદાજે અઢીથી પાંચ કરોડ રૂપિયાની ૧ લાખ સિગરેટના પેકેટ્સનો જથ્થો મળી આવ્યો છે. કોસ્ટગાર્ડની કાર્યવાહી દરમ્યાન બોટમાં સવાર ૪ ઈરાની નાગરીકોની ધરપકડ કરવામાં આવી છે. ભારતીય જળસીમામાં પ્રવેશ અંગે બોટમાંના ખલાસીઓ કોઈપણ માન્ય દસ્તાવેજો રજૂ કરી શક્યા ન હતા. પ્રાથમિક તપાસમાં આ બોટ શ્રીલંકાના કોલંબોમાં રજિસ્ટર્ડ હોવાનું ખૂલ્યુ છે. તપાસમાં બોટમાંથી ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત સેટેલાઈટ ફોન, ૮ મોબાઈલ પણ જપ્ત કરાયા છે. એક સપ્તાહ પહેલા ૨૦૩ કિલો ડ્રગ્સના જથ્થો મળ્યા બાદ કોસ્ટગાર્ડને બીજી મોટી કાર્યવાહીમાં સપ્તાહમાં બીજી સફળતા મળી છે. શંકાસ્પદ બોટ તથા ખલાસીઓને પોરબંદર લાવી એજન્સીઓ દ્વારા સઘન પૂછપરછ હાથ ધરાશે.

# જામખંભાળિયાના કંચનપુર ગામે ઉજવાયો મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**



જામખંભાળિયા તાલુકાના કંચનપુર ગામે બિરાજમાન અબડાપીરડાડા અને મોડપીરડાડા ની મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ નું ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૪ દિવસીય ભવ્ય નગરયાત્રા (શોભાયાત્રા) સાથેના ધર્મોત્સવનો પ્રારંભ તા.૨૬/૨/૨૦૨૬ નાં રોજ સવારે વાડાસડા ની ભાદર નદી કાંઠે થી આ નગરયાત્રા (શોભાયાત્રા) પ્રારંભ કરવામાં આવશે તથા આ નગરયાત્રા ની ભવ્ય પુર્ણાહુતી અને મહાપ્રસાદ તા.૧/૩/૨૦૨૬ નાં રોજ મોડપીર ધામ કંચનપુર ગામે કરવામાં આવશે તો સર્વે શ્રદ્ધાળુએ આ તમામ ધાર્મિક મહોત્સવમાં આયોજક દ્વારા પધારવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

# નિકાવા રાષ્ટ્રભક્તિ અને સામાજિક ચેતનાના શંખનાદ સાથે કાલે વિરાટ હિન્દુ સંમેલન

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

રાષ્ટ્રભક્તિ, ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ સમાજમાં નવી ચેતનાના સંચારના ઉમદા હેતુ સાથે કાલાવડ તાલુકાના નિકાવા ખાતે આવતીકાલે તા. ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬, બુધવારના રોજ રાત્રે ૮૩૦ કલાકે એક ભવ્ય વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. નિકાવા ગામના મોહનભાઈ મારવીયાના પ્લોટ (જૂની કચેરી સામે) ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં સમાજ ઉત્થાન અને રાષ્ટ્રભાવનાના દ્રશ્યો સર્જાશે.

આ સંમેલનનો મુખ્ય ઉદ્દેશ હિન્દુ સમાજમાં સંગઠન મજબૂત બનાવવો, સંસ્કૃતિનું સંરક્ષણ કરવું અને સમાજજીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો છે. કાર્યક્રમ દરમિયાન ખાસ કરીને સ્વદેશી અપનાવવી, સામાજિક સમરસતા જાળવવી, પર્યાવરણનું જતન, આદર્શ કુટુંબ પ્રબંધન અને નાગરિક તરીકેના કર્તવ્યો જેવા પાંચ મહત્વના વિષયો પર ગહન માર્ગદર્શન આપવામાં આવશે.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સૌરાષ્ટ્ર પ્રાંત કુટુંબ પ્રબોધન સંયોજક કુમનભાઈ ખુંટ ઉપસ્થિત રહી પ્રેરક ઉદબોધન આપશે. આ તકે રાજકોટ ના શ્વેત દર્શન સ્વામી, સુર સાંગણાના મહંત વાલદાસ બાપુ, મઢી-આણંદપરના વિરેન્દ્રગીરી બાપુ, નિકાવા રોકડિયા હનુમાનના રાઘે બાપુ અને દેવધારના રમેશ મહારાજ સહિતના સંતો-મહંતો આશીર્વચન પાઠવશે.

દીપ પ્રાગટ્યથી શરૂ થનારા આ સંમેલનનું અધ્યક્ષસ્થાન સામાજિક કાર્યકર ગિરિશભાઈ સાવલિયા સંભાળશે. કાર્યક્રમના અંતે અલ્પાહારની પણ વ્યવસ્થા રાખવામાં આવી છે. આ ભવ્ય આયોજનમાં નિકાવા તથા આસપાસના વિસ્તારના ધર્મપ્રેમી નાગરિકો, યુવાનો અને સામાજિક અગ્રણીઓને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# વંદે માતરમની દરેક પંકિતમાં ભારત માતાનું અર્થપૂર્ણ ભકિતનું ગાનઃ મુખ્યમંત્રી


## વંદે માતરમ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીના ગૌરવ અવસરને વધાવતો સંકલ્પ વિધાન ગૃહમાં રજુ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વંદે માતરમ ગાનના ૧૫૦ વર્ષની ઉજવણીના ગૌરવ અવસરને વધાવવાનો સંકલ્પ ગુજરાત વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં જે ગીતની રચનાના ૧૫૦ વર્ષની ઉજવણી થઈ રહી છે તે વંદે માતરમની દરેક પંક્તિમાં ભારત માતાનું અર્થપૂર્ણ ભક્તિ ગાન છે.

આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, વંદે માતરમ ગીતની તાકાત જ એટલી છે કે, ભલે તે ગુલામીના કાલખંડમાં રચાયું હોય પરંતુ તેનો અર્થ અને શબ્દો ગુલામીની છાયાં સુધી મર્યાદિત નથી રહ્યા આજે પણ એટલાં જ સુસંગત અને પ્રસ્તુત છે કે, આ વંદે માતરમ ગીત ક્યારેય અપ્રાસંગિક નહિ થાય.

આઝાદીની ચળવળને વેગ આપવાનું કારણ બનેલું વંદે માતરમ હવે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ અમૃતકાળમાં એ જ જોમ અને જુસ્સાથી વિકસિત ભારત - આત્મનિર્ભર ભારત માટે નવું પ્રેરણા બળ બની રહેશે તેમ તેમણે સ્પષ્ટ પણે જણાવ્યું હતું.



મુખ્યમંત્રીએ કહ્યું કે, ૧૮૭૫માં બંકિમ ચંદ્ર ચટોપાધ્યાયજીએ વંદે માતરમની રચના કરીને રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રચેતના સાથે સ્વતંત્રતાનો માર્ગ કંડાર્યો હતો અને જનજનમાં એવો વિશ્વાસ જગાવ્યો હતો કે, એવો કોઈ સંકલ્પ નથી જે પૂરો ન થઈ શકે, એવું કોઈ લક્ષ્ય નથી કે આપણે પ્રાપ્ત ન કરી શકીએ.

એટલું જ નહિ, મૂળ સભ્યતા, સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને સ્વતંત્રતાના રક્ષણની પ્રેરણા માટે રચાયેલા આ ગીતથી હચમચી ગયેલી તત્કાલિન બ્રિટીશ સરકારે વંદે માતરમ પર પ્રતિબંધ લગાવી દીધો હતો. તે સમયે વંદે માતરમ ગાનારાઓને જેલમાં નાંખી દેવાતા તેમના પર કોરડા વિંઝવામાં આવતા હતા. આવા જૂલ્મો બાવજૂદ પણ વંદે માતરમ સ્વતંત્રતાનો જય ઘોષ અને લાખો દેશવાસીઓના સપનાના સમૃદ્ધ ભારતનો મંત્ર બની ગયો હતો

મુખ્યમંત્રીએ વંદે માતરમ ગીતમાં ભારત માતાની જળ, ફળ અને ધન-ધાન્યથી છલકતી, વિદ્યાદાયીની સરસ્વતી, સમૃદ્ધિ દાયીની માં લક્ષ્મી અને અસ્ત્ર-શસ્ત્ર ધારણ કરનારી મા દુર્ગા તરીકેની જે ભક્તિ વંદના કરવામાં આવી છે તેનો ઉલ્લેખ કરતાં વંદે માતરમ ગીતની રચનાથી લઈને ૧૯૫૦માં બંધારણ સભાએ આ ગીતને જન ગણ મન રાષ્ટ્ર ગીતની સમાન દરજ્જો આપ્યો ત્યાં સુધીના રોમાંચક ઈતિહાસની વિસ્તૃત ભૂમિકા આપી હતી.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, દેશની આઝાદી માટે અનેક નામી-અનામી સપૂતો વંદે માતરમનો નારો લગાવતાં લગાવતાં ફાસીને માંચડે ચડ્યા હતા અને સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આ ગીતની પ્રેરણાથી દેશ વાસીઓમાં ભારત માતા માટે કુરબાન થઈ જવાની ભાવના અને ભારત ભક્તિ ઉજાગર થયા હતાં. આવા ત્યાગ, તપસ્યા અને બલિદાનથી ભારતને ગુલામીથી આઝાદી મળી પરંતુ દશકો સુધી મા ભારતીનું યોગ્ય સન્માન અને ગૌરવ ઉપેક્ષિત થતા રહ્યાં હતાં.

મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સેવા દાયિત્વ સંભાળતાં દેશ વાસીઓમાં સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને રાષ્ટ્ર પ્રથમનો ભાવ ચેતનવંતો થયો છે. તેમણે વિરાસતોનું આગવું સન્માન કર્યુ છે અને મારી માટી-મારો દેશ, હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી, હર ઘર તીરંગા - ઘર ઘર તીરંગા જેવા અભિયાનો સાથોસાથ હજારો વર્ષોની અટલ આસ્થા અને શ્રદ્ધાના પુનઃ જાગરણના સોમનાથ સ્વાભિમાન પર્વથી જન-જનમાં સાંસ્કૃતિક ચેતના પણ સુદ્રઢ કરી છે.

દુશમનોએ જ્યારે કાંકરીચાળો કર્યો ત્યારે ઓપરેશન સિંદૂરથી તેમને જડબાતોડ જવાબ બહુબલ ધારિણી રિપુદલ વારિણી ભારત માતાએ આપીને આપણી પરાક્રમની પરાકાષ્ટા

(અનુ. આઠમા પાને)

# રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં ઘઉ, ચણા, અને ધાણા સહિતની જણસીની નોંધપાત્ર આવક

## વિવિધ જણસી ભરેલા ૧૧૦૦ વાહનો યાર્ડમાં આવતા લાંબી કતારો લાગી

**અબતક,રાજકોટ**

રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં વિવિધ પ્રકારની જણસીની નોંધપાત્ર આવક થઈ રહી છે. ઘઉં, ચણા અને ધાણાની સારી એવી આવક થવા પામી છે. આજે સવારે ૧૧૦૦થી વધુ વાહનો યાર્ડમાં આવતા લાંબી કતારો લાગી જવા પામી હતી. એક બાદ એક વાહનોને ક્રમશઃ યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આજે રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં કપાસની ૬૯૦૦ મણ, સોયાબીનની ૧૧૦૦ મણ, અડદની ૪૦૦ મણ, ઘઉંની ૨૧૦૦૦ મણ, ચણાની ૧૮૦૦૦મણ, ધાણાની આવક ૨૩૦૦૦ મણ, મગની ૩૦૦ મણ, લસણની ૧૦૦૦ મણ, સિંગફાડાની સફેદ તલની ૧૦૦૦ મણ, જીરૂની ૧૧૫૦૦ મણ, અને કાળાતલની ૫૦૦ મણ આવક થવા પામી હતી. વિવિધ જણસી ભરેલા ૧૧૦૦થી વધુ વાનો યાર્ડમાં આવી જતા યાર્ડની બહાર વાહનોની લાંબી કતારો લાગી હતી. ખુદ યાર્ડના ચેરમેન વિજયભાઈ કોરાટ સહિતના યાર્ડના ડિરેકટરો ઉતરાય વ્યવસ્થામાં જોડાયા હતા.



# રાજયમાં ૩૧ મે સુધી જળ સંચયનું મહા અભિયાન યોજાશે

## સુજલામ સુફલામ જળ અભિયાનથી આઠ વર્ષમાં ૧ લાખ ૨૨ હજારથી વધુ કામો દ્વારા જળસંગ્રહ ક્ષમતામાં ૧ લાખ ૩૯ હજાર લાખ ઘન ફૂટ વધારો

**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જળ સંચય અને જળ સંગ્રહ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા કેચ ધ રેઈન આહવાનને સાકાર કરવા ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી ૨.૦નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો છે.

જળ સંચય અને જળ સંગ્રહ માટેનું આ મહાઅભિયાન તા. ૩૧ મે ૨૦૨૬ સુધી યોજાશે. આ અભિયાન અંતર્ગત તાલુકા દીઠ ૧૦ તળાવો ઊંડા કરવા સહિત પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થાઓ વધુ સુદ્રઢ કરીને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના અને વરસાદી પાણીના સંગ્રહના કામો હાથ ધરવામાં આવશે.

આ હેતુસર, રાજ્ય સરકારના જળ સંપત્તિ, પાણી પુરવઠા, સરદાર સરોવર નર્મદા નિગમ, ગ્રામ વિકાસ, વન પર્યાવરણ, શહેરી વિકાસ સહિતના ૬ જેટલા વિવિધ વિભાગો તમામ જિલ્લાઓમાં લોકભાગીદારીથી જળસંચયના કામો હાથ ધરશે.

આવા કામોમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડીસીલ્ટીંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરો તથા કાંસની મરામત/જાળવણી/સાફ સફાઈ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ખેત તલાવડી, માટીપાળા, ટેરેસ/વનતળાવ, પીવાના પાણીના સ્ત્રોત/ટાંકી/સંપ/ ઈન્ટેક સ્ટ્રક્ચર તથા આસપાસની સફાઈ, તળાવોના વેસ્ટ વિયરના રીપેરીંગ, નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષના સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી ૨.૦ની શરૂઆત ગાંધીનગર જિલ્લાના ભાટ ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીથી કરાવી હતી. આ તળાવ ઊંડુ થવાથી તેની કુલ સંગ્રહ ક્ષમતા ભવિષ્યમાં ૨.૦૧ લાખ ઘન ફૂટ થશે.

રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૮થી દર વર્ષે આ મહત્વપૂર્ણ અભિયાન એક ઝુંબેશ સ્વરૂપે હાથ ધરાય છે. ૨૦૧૮ થી ૨૦૨૫ના ૮ વર્ષ દરમિયાન જે ૧,૨૨,૨૯૯ કામો હાથ ધરવામાં આવેલા છે તેમાં તળાવો ઊંડા કરવાના, નવા તળાવોના ૩૯,૫૪૨, ચેકડેમ ડીસીલ્ટિંગના ૨૬,૫૪૪ તથા ૮૨,૨૪૦ કિલોમીટર લંબાઈમાં નહેરોની અને કાંસની સાફ-સફાઈના કામો થયા છે.

આ બધા કામોના પરિણામે રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં કુલ ૧,૩૯,૯૫૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે અને ૨૧૦ લાખ માનવદિન રોજગારી ઉભી થઈ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૬ના વર્ષ માટે સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી ૨.૦ની શરૂઆત ગાંધીનગરના ભાટ ગામથી કરાવી તે અવસરે જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય

(અનુ. આઠમા પાને)

# ગુજરાતે ૧,૦૦,૧૩૫ એમએસએમઈ યુનિટસ સર્ટિફાઈડ કરી નવો રેકોર્ડ બનાવ્યો

- ૨૦૩૩ સુધીમાં ૨ લાખથી વધુ સરકારી જગ્યાઓ ભરાશેઃ હર્ષ સંઘવી
- ગુજરાતમાં હવે ટેન્કર રાજ નહીં 'નર્મદા રાજ' છેઃ ના. મુખ્યમંત્રી

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં રાજ્યપાલના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવમાં સહભાગી થતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિપક્ષ પર આકરા પ્રહાર કરવાની સાથે સરકારની સિદ્ધિઓનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રીનું સંબોધન એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત બનાવવાના સંકલ્પનો પવિત્ર દસ્તાવેજ છે. રાજ્યપાલનું અભિભાષણ ગુજરાતના 'પાસ્ટનો ફીડબેક' અને 'ફ્યુચરનો રોડમેપ' છે.

નાયબ મુખ્યમંત્રીએ ભૂતકાળની સરખામણી કરતા જણાવ્યું હતું કે, ૨૦મી સદીમાં કોંગ્રેસ શાસિત ગુજરાતની ઓળખ કરફ્યુ, કોમી રમખાણો અને ટેન્કર રાજ પૂરતી સીમિત હતી. વર્ષ ૨૦૦૧માં નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યા બાદ રાજ્યમાં કાયમી શાંતિ સ્થપાઈ છે. આજે 'કરફ્યુ' શબ્દ ગુજરાતની ડિક્શનરીમાંથી ભૂંસાઈ ગયો છે અને રાજ્યની દીકરીઓ અડધી રાત્રે પણ નિર્ભયતાથી ફરી શકે છે. જે પથ્થરો ક્યારેક રમખાણોમાં ફેંકાતા હતા, આજે એ પથ્થરોનો ઉપયોગ વિશ્વકક્ષાની હોસ્પિટલો અને યુનિવર્સિટીઓના નિર્માણ માટે થઈ રહ્યો છે.

રાજ્ય સરકાર માટે ગરીબ એ વોટબેંક નથી પણ 'દરિદ્ર નારાયણ' છે તેમ જણાવતા સંઘવીએ કહ્યું કે, 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ ૭૫ લાખ પરિવારોના ૩.૧૮ કરોડ નાગરિકોને વિનામૂલ્યે અનાજ અપાઈ રહ્યું છે. 'વન નેશન વન રેશનકાર્ડ' યોજનાથી ગરીબો-શ્રમિકો ગમે ત્યાંથી અનાજ મેળવી શકે છે. ગુજરાતમાં ૧૦ લાખથી વધુ લોકોને પાકા ઘર આપ્યા બાદ, આ વર્ષે વધુ ૩.૧૫ લાખ આવાસો આપવાનું લક્ષ્ય છે. 'આયુષ્માન ભારત-મા કાર્ડ' હેઠળ ૨.૭૨ કરોડ નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર સુલભ બનાવી છે.

યુવા વિકાસના આંકડા રજૂ કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું કે, તાજેતરમાં જ ૧૯ ફેબ્રુઆરી ના રોજ ગુજરાતે ૧,૦૦,૧૩૫ એમએસએમઈ યુનિટ્સ સર્ટિફાઈડ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે.

(અનુ. આઠમા પાને)

# જૂનાગઢ જીલ્લામાં ગ્રામ પંચાયતનો સ્વતંત્ર રીતે વહીવટ ચલાવનાર મહિલાને રૂ.૫૧ હજારનું પુરસ્કાર

## જિલ્લા પંચાયતનું વર્ષ ૨૦૨૬-૨૭નું રૂ.૩.૧૪ કરોડનું બજેટ મંજૂર કરાયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

મહિલા સશકિત કરણના ભાગરૂપે જુનાગઢ જિલ્લા પંચાયત એ સમગ્ર રાજ્યમાં એક નવી અને પ્રેરણાદાયક પહેલ કરી છે. ગઈકાલે જિલ્લા પંચાયતની યોજાયેલી સામાન્ય સભામાં ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલા મહિલા સરપંચ કે મહિલા પ્રતિનિધિ એકલી અન્યની દખલગીરી વિના સ્વતંત્ર રીતે ગામનો વહીવટ સંભાળતા હશે. તેમને જિલ્લા પંચાયત તરફથી રૂ. ૫૧,૦૦૦ નું પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું છે. આ સાથે આ બેઠકમાં આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬/૨૭ નું કુલ રૂ. ૩,૧૪,૧૪,૦૦૦ ની અંદાજિત આવક સામે રૂ. ૩,૦૯,૦૦,૦૦૦ ના ખર્ચના લક્ષ્યાંક સાથેનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે, આ બજેટમાં શિક્ષણ, બાંધકામ અને સામાજિક કલ્યાણ જેવા પાયાના ક્ષેત્રો પર સવિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.


જુનાગઢ જિલ્લા પંચાયતમાં મંજૂર થયેલ બજેટ પર નજર કરીએ તો, આગામી નાણાકીય વર્ષ રૂ. ૧.૧૪ કરોડની ખુલતી સિલક સાથે શરૂઆત થશે. આવકના મુખ્ય સ્ત્રોતોમાં જમીન મહેસૂલ જેવા વૈધાનિક અનુદાન રૂ. ૨૯.૧૮ લાખ અને સ્થાનિક વેરા રૂ. ૭.૫૬ લાખનો સમાવેશ થાય છે. જેની સામે સામાન્ય મહેકમ ખર્ચ માટે રૂ. ૫૩ લાખ અને પ્રવાસ ભથ્થા માટે રૂ. ૧૨.૩૦ લાખ ફાળવાયા છે. તમામ ખર્ચ બાદ કરતાં, નાણાકીય વર્ષના અંતે રૂ. ૧,૧૯,૬૪,૦૦૦ ની પુરાંત રહેવાનો અંદાજ છે.

આ બજેટમાં વિકાસ શ્રેત્રે ૧.૦૮ કરોડ, અને બાંધકામ ક્ષેત્રે

(અનુ. આઠમા પાને)

# ધ્રોલના જાયવા ગામે ખનિજ ચોરી પર ખાણ-ખનિજનો દરોડોઃ રૂ.૧ કરોડનો મુદ્દામાલ કબ્જે

## ગેરકાયદે મોરમનું ખનન કરતા એક્સકાવેટર મશીન અને ત્રણ ડમ્પર ઝડપાયા



તસવીરઃ સંજય ડાંગર, ધ્રોલ

**અબતક. સાગર સંઘાણી જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના જાયવા ગામે ગેરકાયદે ખનિજ પ્રવૃત્તિ પર ખાણ-ખનિજ વિભાગે લાલ આંખ કરી છે. જાયવા ગામે તળાવ વિસ્તારમાં ગેરકાયદે મોરમ ખનીજનું બિનઅધિકૃત ખનન થતું હોવાની ફરિયાદ મળતા, ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા તા. ૨૩/૦૨/૨૦૨૬ના રોજ દરોડો પાડવામાં આવ્યો હતો.આ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી અંદાજે ૧ કરોડ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો છે, જેમાં સેની એક્સક્રાવેટર મશીન અને ત્રણ ડમ્પરનો સમાવેશ થાય છે. ખનિજ વિભાગની ટીમે બિનઅધિકૃત રીતે ખનન અને વહન કરવા બદલ આ તમામ વાહનોને કબજે કરી ધ્રોલ પોલીસ સ્ટેશન ખાતે કસ્ટડીમાં સોંપ્યા છે અને દંડકીય કાર્યવાહી હાથ ધરી છે.ઝડપાયેલા વાહનોમાં જયેશભાઈ સાનિયાની માલિકીનું સેની એક્સક્રાવેટર મશીન, રેવતુભા જાડેજા, ભગીરથસિંહ જાડેજા અને કુલદીપસિંહ જાડેજાની માલિકીના ત્રણ ડમ્પરનો સમાવેશ થાય છે. નિખિલભાઈ, ભાવેશભાઈ અને રમેશભાઈની તપાસ ટીમે આ સફળ કામગીરી પાર પાડી હતી. ખાણ-ખનિજ વિભાગની આ આકરી કાર્યવાહીથી પંથકના ખનિજ ચોરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# રાજયની નવી ૧૬ સરકારી કોલેજોમાં આચાર્ય સહિતની ૧૧૭ જગ્યા ભરવાની મંજૂરી

## તમામ કોલેજોમાં આસિ. પ્રોફેસરની ૫૨, ગ્રંથપાલની ૭ સહિતની જગ્યા ભરાશે, પટાવાળાની ૧૩ જગ્યા આઉટસોર્સિંગથી ભરવી પડશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આગામી દિવસોમાં ૧૬ નવી સરકારી કોલેજો શરૂ કરવાની અને ૮ કોલેજમાં નવા પ્રવાહ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતની સાથે સાથે આગામી દિવસોમાં ૧૧૭ જેટલી ટીચિંગ અને નોન ટીચિંગની જગ્યાઓ પણ ભરવામાં આવશે. સરકાર દ્વારા કઈ કોલેજમાં કેટલી જગ્યાઓ ભરવાની રહેશે તેની પણ જાહેરાત કરી દેવામાં આવી છે. આમ, આગામી દિવસોમાં સરકારી કોલેજોમાં ભરતી માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

રાજ્યમાં છેલ્લા કેટલાય સમયથી સરકારી કોલેજોને મંજૂરી આપવામાં આવી ન હોવાના કારણે અનેક વખત રજૂઆતો અને માંગણી કરવામાં આવી હતી. જેના અનુસંધાનમાં તાજેતરમાં વિધાનસભામાં બજેટસત્ર દરમિયાન બિન આદિજાતિ અને આદિજાતિ વિસ્તારમાં નવી કોલેજોને મંજૂરી આપવાની સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. આ જાહેરાતમાં અમદાવાદમાં હાથીજણમાં નવી સરકારી કોલેજમાં વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન પ્રવાહની કોલેજ શરૂ કરવામાં આવશે. આજ રીતે બિન આદિજાતિ વિસ્તારમાં ખાનપુર, ઉના, ધાનેરા, માળીયા, રાણપુર, દહેગામ અને ગઢશીશા વિસ્તારમાં નવી કોલેજ શરૂ કરવામાં આવશે. આ સિવાય આદિજાતિ વિસ્તારમાં પણ બનાસકાંઠા, વલસાડ, મહિસાગર, દાહોદ, છોટા ઉદેપુર, સુરતમાં બે અને નવસારીમાં એક કોલેજ શરૂ કરવામાં આવશે. આ સિવાય બિન આદિજાતિ વિસ્તારમાં ચાલતી બે કોલેજોમા નવા પ્રવાહ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ કોલેજ શરૂ કરવાની મંજૂરી આપવાની સાથે સાથે સરકાર દ્વારા આચાર્ય, આસી.પ્રોફેસર, ગ્રંથપાલ, પીટીઆઈ, કલાર્ક, શ્રેયાન કલાર્ક, લેબ. આસિ. , જુનિયર કલાર્ક અને પટ્ટાવાળા સહિતની જગ્યાઓ માટેનું મહેકમ પણ મંજૂર કરી દેવામાં આવ્યું છે. સૌથી વધુ અમદાવાદના

(અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમા ઝાલાવાડ પંથકમાં

# લીંબડી નજીક કન્ટેનરના ચોરખાનામાંથી રૂ.૯૨.૭૩ લાખનો શરાબ પકડાયો

## એલસીબીએ દરોડો પાડી ૨૦૭૩૬ બોટલ દારૂ અને વાહન મળી રૂ.૧.૧૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, અશ્વીનસિંહ રાણા, લીંબડી**

સૌરાષ્ટ્રના પ્રવેશ દ્વાર સમાજ ઝાલાવાડના લીબડી નજીક એલસીબીએ દરોડો પાડી રાજસ્થાન પાર્સિંગ ના કન્ટેનર માં ચોર ખાનામાં છુપાવેલો રૂપિયા ૯૨.૭૩ લાખની કિંમતનો ૨૦૭૩૬ બોટલ વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ મચી જવા પામ્યો છે પોલીસે વાહન અને દારૂ મળી રૂપિયા ૧.૧૨ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે. વિગત મુજબ હોળી ધુળેટીના પર્વ પૂર્વે બુટલેગરો દ્વારા વિદેશી દારૂની મોટા

(અનુ. આઠમા પાને)

## પાળીયાદ નજીક એસએમસીએ રૂ.૬૪.૩૩ લાખનો શરાબ પકડ્યો

### લિસ્ટેડ બુટલેગર સહિત આઠની શોધખોળઃ રૂ.૮૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે

હોળી - ધૂળેટીના પર્વ પૂર્વે દારૂના ધંધાર્થી દ્વારા મોટાપાયે વિદેશી દારૂની હેરાફેરી કરતા હોવાની એસએમસીને ધ્યાને આવતા દારૂબંધીનો કડક અમલ કરવા એસએમસીના વડા નિર્લિત રાયે આપેલી સૂચનાને પગલે બોટાદ પંથકમાં પેટ્રોલીંગ હાથધર્યું હતું ત્યારે પાળીયાદના રતનપર ગામે વિદેશી દારૂનું કટીંગ થતું હોવાનું મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી રૂ.૬૪.૩૩ લાખની કિંમતનો ૧૫૩૨૪ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે દારૂ અને વાહન મળી ૮૯.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ દારૂનો જથ્થો ગઢડાના રાયપર ગામના લિસ્ટેડ બુટલેગર વિજય રવુ બોરીચા, બરવાડાના ખંભાડા ઉદય રણુ ખાચર, હિતેશ હરેશ ખાચર અને કાર્તિક શિવરાજ ખાચર સહિત આઠ શખ્સોના નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## ભચાઉ નજીકથી રૂ.૧ કરોડનો દારૂનો જથ્થો પકડાયો

### એસ.એમ.સી.એ દરોડો પાડી રૂા.૧.30 કરોડનો મુદ્દામાલ કબ્જેઃ બુટલેગર સહિત સાતની શોધખોળ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ભચાઉ તાલુકાના વોંધ ગામના આથમડા તળાવ પાસે ખુલ્લા મેદાનમાંથી એસ.એમ ની ટીમે વિદેશી દારૂની બોટલ ૭૦,૮૦, જેની કિંમત ૧,૦૧,૮,૮૦૦ વાહન જેની કિંમત ૨૫ લાખ સોયાબીન પ્લાસ્ટિકની બેગ ૨૫૦ જેની કિંમત રૂ.૪,૫૦,૦૦૦ કુલ મુદ્દા માલની કિંમત એક કરોડ ૩૦ લાખ ૫૮,૮૦૦ નો જથ્થો ઝડપી પાડ્યો હતો. સોયાબીનની આડમાં વિદેશી દારૂનો જથ્થો આવ્યો હોવાની બાતમી મળેલ હતી. જેના આધારે આ દારૂનો જથ્થો એસએમની ટીમના પોલીસ ઈન્સ્પેક્ટર એમ એસ ત્રિવેદીએ ઝડપી પાડ્યો હતો. જેમાં અશોકસિંહ એન મામા બાલુભા જાડેજા, રહેવાસી ભચાઉ, અર્જુનસિંહ અશોકસિંહ જાડેજા ભચાઉ, ભગીરથસિંહ દુર્ગાસિંહ જાડેજા ભચાઉ જિલ્લા કચ્છના રહેવાસી, સીવમંસિંહ જાડેજા, ભચાઉ જિલ્લો કચ્છ, કન્ટેનર ટ્રકનો માલિક, કન્ટેનર ટ્રકનો ડ્રાઈવર, જેણે પણ માલ સપ્લાય કર્યો છે તે અજાણ્યા વ્યકિત ટોટલ સાત વોન્ટેડ આરોપીને પકડવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.